MARKET 4U
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । શુક્રવાર । તા. ૦૩-૦૧-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨ । છૂટક નકલ : ૩ રૂ. । વાર્ષિક લવાજમ : ૨૫૧ રૂ.

વડાપ્રધાને ૬ કરોડ ખેડૂતોને નવા વર્ષની આપી ભેટ, ૧૨૦૦૦ કરોડ ટ્રાન્સફર

કોંગ્રેસ હિન્દુઓ પર અત્યાચાર આચરનાર પાકિસ્તાન સામે મૌન કેમ?: મોદી

પાક.માં હિન્દુઓ ઉપર અત્યાચાર થાય છે તેથી તેઓ ભારતમાં શરણ લેવા આવે છે, કોંગ્રેસ પાડોશી દેશ સામે બોલવાની જગ્યાએ હિન્દુ શરણાર્થી સામે રેલી કાઢે છેઃ મોદીનો કટાક્ષ

બેંગ્લુરુ

વડા પ્રધાન નરેન્દ્ર મોદી આજે ગુરુવારે ભાજપ શાસિત કર્ણાટક રાજ્યની બે દિવસીય સત્તાવાર મુલાકાતે પહોંચ્યા હતા. તેમણે તુમ્કુરુમાં શ્રી સિદ્ધગંગા મઠની મુલાકાત લઈને અહીં યોજાયેલી એક જંગી રેલીને સંબોધન કર્યું હતું. જેમાં મોદીએ તેમની સરકારના સંશોધિત નાગરિક કાયદા સામે થઈ રહેલા વિરોધના સંદર્ભમાં કોંગ્રેસ સહિત વિરોધી પક્ષો ઉપર જોરદાર પ્રહાર કર્યા હતા. અને કોંગ્રેસને પડકાર ફેંક્યો હતો કે જો કોંગ્રેસે વિરોધ પ્રદર્શન જ કરવુ હોય તો ભારતના નાગરિકો પર અમાનુષી અત્યાચાર ગુજારનાર પાકિસ્તાનના કાળા કામો સામે કરવુ જોઈએ. પાકિસ્તાનમાં હિન્દુઓ ઉપર અત્યાચાર થાય છે તેથી તેઓ પોતાના જીવ બચાવવા ભારતમાં શરણ લેવા આવે છે, કોંગ્રેસ પાડોશી દેશ સામે બોલવાની જગ્યાએ હિન્દુ શરણાર્થી સામે રેલી કાઢે છે, એવો કટાક્ષ પણ મોદીએ કર્યો હતો.

પીએમ મોદીએ તુમકુરમાં પીએમ કિસાન સન્માન નિધિ યોજનાનો ત્રીજો હપ્તો ખેડૂતોને આપ્યો. પીએમ મોદીએ અહીં ડિજિટલ ટ્રાન્ઝેક્શન દ્વારા ૧૨૦૦૦ કરોડ રૂપિયાની રાશિને ટ્રાન્સફર કરી જે ૬ કરોડ ખેડૂતોના ખાતામાં ગયા. પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ યોજના હેઠળ ખેડૂતોને દર વર્ષે ૬ હજાર રૂપિયાની રાશિ મળે છે. પીએમ સન્માન નિધિ હેઠળ ખાતામાં પહોંચનારી આ ત્રીજો હપતો છે.

કોંગ્રેસ પર પ્રહાર કરતા



મોદીની સલાહઃ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોએ પાકિસ્તાનના કાળા કામો સામે વિરોધ પ્રદર્શનો યોજવા જોઈએ

તેમણે વધુમાં કહ્યું કે, કોંગ્રેસ પાકિસ્તાનના આ કૃત્યો અંગે શા માટે મૌન છે? તે પાકિસ્તાનના દમન પર શા માટે મૌન છે? શું પાકિસ્તાનથી આ સતાવેલા લોકોને મદદ કરવાની જવાબદારી આપણી નથી? આજે દરેક દેશવાસીનો સવાલ છે કે જે લોકો પાકિસ્તાનથી પોતાનો જીવ બચાવવા, તેમની દીકરીઓનો જીવ બચાવવા આવ્યા છે, તેમની વિરુદ્ધ સરઘસ તો કાઢવામાં આવી રહ્યા છે, પરંતુ પાકિસ્તાન જેણે હિન્દુઓ વિરુદ્ધ આ કાર્યવાહી કરી છે, તેની સામે આ કોંગ્રેસ અને તેમના સાથી પક્ષોના લોકોના મોં પર કેમ તાળા છે? એવો સવાલ પણ તેમણે કર્યો હતો.

વડા પ્રધાને કહ્યું, 'જો તમારે સૂત્રોચ્ચાર કરવા જ હોય તો , તો પાકિસ્તાનમાં જે રીતે લઘુમતીઓ પર અત્યાચાર ગુજારવામાં આવે છે તેનાથી સંબંધિત સૂત્રોચ્ચાર કરો, જો તમારે કોઈ સરઘસ કાઢવું હોય, તો પછી પાકિસ્તાનથી હિંદુ-દલિત-પીડિત-શોષણના સમર્થનમાં સરઘસ કાઢો. પરંતુ તેવુ કરવાને બદલે વિરોધ પક્ષો દેશ અને દેશની સંસદની વિરૂધ્ધ બોલીને સંસદનો વિરોધ કરી રહ્યાં છે. એ સંસદ કે જેણે શરણાર્થી હિન્દુ સહિત ૬ ધર્મોને ભારતનું નાગરિકત્વ આપવાનો કાયદો પસાર કર્યો છે તે કાયદાનો વિરોધ કરીને તેઓ ખરેખર તો સંસદ જેવી સૌથી ઉંચી સંસ્થાનો વિરોધ અને અપમાન કરી રહ્યાં છે.

સીએએ એટલે કે નાગરિકતા કાયદાનો ઉલ્લેખ કરતાં વડા પ્રધાને કહ્યું, 'ભારતનું વિભાજન ધર્મના

અનુસંધાન પાના નં. ૮

આ વખતે ૨૮ ઝાંખીની પસંદગી કરાઈ : સંરક્ષણ મંત્રાલય

મોદી-મમતા વચ્ચે ગજગ્રાહઃ પ્રજાસત્તાક દિને પ.બંગાળના ટેબ્લોને મંજૂરી નહિ

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર અને મમતા બેનરજી વચ્ચે ચાલી રહેલી ખેંચતાણ બંધ થવાનું નામ જ નથી લઈ રહી. એવામાં રક્ષા મંત્રાલય દ્વારા જાહેર કરવામાં આવ્યું છે કે ૨૬ જાન્યુઆરીના રોજ યોજાનારી ગણતંત્ર દિવસની પરેડમાં પશ્ચિમ બંગાળની ઝાંખીને રદ્દ કરી દેવામાં આવી છે. પશ્ચિમ બંગાળ સરકાર છોકરીઓ માટે ચાલતી યોજના 'કન્યાશ્રી'ને ગણતંત્ર પરેડમાં દર્શાવવા ઈચ્છતી હતી. આ યોજનાને આંતરરાષ્ટ્રીય સ્તર પર



વખાણવામાં પણ આવી હતી.

મંત્રાલયે કહ્યું કે, પશ્ચિમ બંગાળ સરકાર તરફથી રજૂ કરવામાં આવેલા પ્રસ્તાવની તપાસ એક્સપર્ટ કમિટીએ બે રાઉન્ડની બેઠકમાં કરી છે. બીજી કમિટીની બેઠકમાં વિસ્તારપૂર્વક ચર્ચા કર્યા બાદ નિર્ણય લેવામાં આવ્યો હતો કે તેમની આ ઝાંખીને પરવાનગી આપવામાં નહીં આવે. ત્યારબાદ પશ્ચિમ બંગાળના અધિકારીઓએ જણાવ્યું કે રક્ષા મંત્રાલયની એક્સપર્ટ કમિટીની બેઠકમાં ઝાંખી વિશે ચર્ચા કરવા માટે અમને બોલાવવામાં જ

અનુસંધાન પાના નં. ૮

તમિળનાડુમાં ૩૧૧ ભાજપ કાર્યકરો વિરુદ્ધ કેસ દાખલ

ચેન્નાઇ

તમિળનાડુમાં ચેન્નઈ પોલીસે ભાજપનાં ૩૧૧ કાર્યકરો વિરુદ્ધ કેસ નોંધ્યો છે. જેમાં પાર્ટીનાં રાષ્ટ્રીય સચિવ એચ.રાજાનો સમાવેશ પણ થાય છે. પોલીસે બુધવારે મરીના બીચ પર ભાજપનાં કાર્યકરોને કસ્ટડીમાં લીધા હતા. તે સમયે આ લોકો તમિલ લેખક નેલ્લઈ કન્નન સામે વિરોધ કરી રહ્યા હતા. કન્નન એ જ લેખક છે જેમને વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહ સામે વાંધાજનક ટિપ્પણી કરવા બદલ ધરપકડ કરવામાં આવી છે.

પોલીસે પેરાંબુરથી કન્નનની ધરપકડ કરી હતી. હકીકતમાં, રવિવારે તિરુનેલવેલીમાં નાગરિકતા સુધારો કાયદાની વિરુદ્ધ એક બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જે બાદ કન્નનનાં કથિત ભાષણનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થયો હતો. કન્નન પર બે સમુદાયો વચ્ચે હિંસા ભડકાવવા અને શાંતિનો ભંગ કરવાના ઈરાદાપૂર્વક અપમાન કરવા સહિતનાં ઘણા આરોપો મુકવામાં આવ્યા છે. સોશિયલ ડેમોક્રેટિક પાર્ટી ઓફ ઈન્ડિયા દ્વારા આ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કન્નને કથિતરીતે તે વાત પર આશ્ચર્ય વ્યક્ત કર્યુ હતુ કે મુસલમાનો હજુ સુધી વડા પ્રધાન મોદી અને અમિત શાહ વિરુદ્ધ કાર્યવાહી નથી કરી રહ્યા.

આ મીટિંગમાં કન્નને

અનુસંધાન પાના નં. ૮

JKના રાજોરીમાં બસ ખીણમાં ખાબકીઃ ૭ના મોત, ૧૫થી વધુ ઘાયલ



રાજોરી

જમ્મૂ કાશ્મીરના રાજોરીમાં એક બસ દુર્ઘટનામાં ૭ લોકોના મોત થયા છે. જ્યારે, ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે. જણાવાય રહ્યું છે કે એક બસ જમ્મૂથી પૂંછ જઈ રહી હતી પરંતુ આ બસ સુંદરબનીની પાસે એક ખીણમાં ખાબકી હતી.

ગુરૂવારે રાજોરી જિલ્લાના સિયોટની નજીક એક બસ બેકાબૂ થઈને ખીણમાં ખાબકી હતી. રાજોરી પોલીસ કંટ્રોલ રૂમના એક અધિકારીએ જણાવ્યું કે, આ દુર્ઘટનામાં ૭ લોકોના મોત થયા છે. જ્યારે ૧૫થી વધુ લોકો ઈજાગ્રસ્ત થયા છે.

તેમણે કહ્યું કે, રેસ્ક્યૂ ઓપરેશન પૂર્ણ થયા બાદ જ મૃતકો અને ઈજાગ્રસ્તોને સમગ્ર માહિતી મળી શકશે. તેમણે કહ્યું કે બસ પૂંછના સુરાનકોટથી જમ્મુ તરફ જઈ રહી હતી. દુર્ઘટનાના કારણ હજુ સુધી સામે આવ્યું નથી. પરંતુ પ્રાથમિક તપાસમાં સામે આવ્યું છે કે બેદરકારીના કારણે દુર્ઘટના બની છે.

આ ઘટનાની જાણકારી મળતા જ રાહત અને બચાવની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. ઈજાગ્રસ્તોને હોસ્પિટલ પહોંચાડવામાં આવી રહ્યા છે. જ્યારે મૃતકોના મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવાની તૈયારી કરવામાં આવી રહી છે. અકસ્માતની ઘટના બનતા મૃતકોના પરિવારજનોમાં અરેરાટી મચી જવા પામી છે. પરિવારજનો શોકમગ્ન થયા છે.

નીતિ આયોગે આ મહિનાના અંતમાં ચર્ચા કરવા બેઠક બોલાવી

મોદી સરકાર સરકારી હોસ્પિટલોનું સંચાલન પ્રાઈવેટ સેક્ટરને સોંપશે...!?

ન્યુ દિલ્હી

કેન્દ્ર સરકાર જિલ્લાઓમાં આવેલી સરકારી હોસ્પિટલોને પ્રાઈવેટ સેક્ટરનો સોંપવાની યોજના પર કામ કરી રહી છે.

આ યોજનાને મંજૂરી મળશે તો કોઈ પણ ખાનગી સંસ્થા અથવા વ્યક્તિ મેડિકલ કોલેજની સ્થાપના કરવા માટે અને તેનુ સંચાલન કરવા માટે જવાબદાર હશે. આ મેડિકલ કોલેજોને સેકન્ડરી હેલ્થ કેર સેન્ટર સાથે જોડવામાં આવસે. આ સેન્ટર પણ પ્રાઈવેટ વ્યક્તિઓ કે સંસ્થા ચલાવશે.

નીતિ આયોગે સરકારી હોસ્પિટલોને પબ્લિક પ્રાઈવેટ પાર્ટનરશિપ મોડેલ થકી હાલની ખાનગી મેડિકલ કોલેજો અને નવી ઉભી થનારી મેડિકલ કોલેજોને સરકારી હોસ્પિટલો સાથે જોડવા માટે ૨૫૦ પાનનો રિપોર્ટ તૈયાર કર્યો છે. આ માટે આ યોજના સાથે જોડાનારાઓનો અભિપ્રાય માંગવામાં આવ્યો છે.

આ મહિનાના અંતમાં નીતિ આયોગ દ્વારા યોજના પર ચર્ચા કરવા માટે બેઠક બોલાવાઈ છે. યોજનામાં એવી સરકારી હોસ્પિટલોને સામેલ કરવામાં આવશે જેમાં ઓછામાં ઓછા ૭૫૦ બેડ હોય. આ પૈકીના અડધા બેડ માર્કેટ બેડ અને અડધા બેડ રેગ્યુલર બેડ કેટેગરીમાં વહેંચાશે. માર્કેટ બેડની કિંમત માર્કેટ રેટ પ્રમાણે નક્કી થશે.જેના આધારે રેગ્યુલેર બેડ પર છુટ અપાશે.

આ યોજના લાગુ કરવા પાછળ એવુ કારણ દર્શાવાયુ છે કે, કેન્દ્ર અને રાજ્યની સરકારો પોતાના મર્યાદિત સંસાધનો અને ખર્ચના કારણે મેડિકલ શિક્ષાના ક્ષેત્રમાં જે તફાવત ઉભો થયો છે તેને પહોંચી વળી રહી નથી. સ્વાસ્થ્ય સુવિધાઓ વધારવા માટે પીપીપી મોડેલ લાગુ કરવુ જરુરી છે.

અધિકારીઓનુ કહેવુ છે કે, પીપીપી યોજના આંતરરાષ્ટ્રિય સ્તરે થયેલા કામ પર આધારીત છે. જે ખાનગી વ્યક્તિઓ કે સંસ્થાને સરકારી હોસ્પિટલની જવાબદારી મળશે તેઓ હોસ્પિટલનુ સંચાલન કરશે અને તેની સંભાળ પણ રાખશે. જોકે રાજ્યો માટે આ યોજનામાં સામેલ થવુ ફરજિયાત નહી હોય. જે રાજ્યને લાગતુ હોય કે સરકારી હોસ્પિટલોની હાલત યોગ્ય નથી અને ફંડની કમી છે તેઓ સ્વેચ્છાએ યોજાનમાં જોડાઈ શકે છે.

ગેહલોતે મૌન તોડ્યું,અમારી સરકાર સંવેદનશીલ,આ મુદ્દે રાજનીતિ ન થવી જોઈએ

રાજસ્થાનમાં છેલ્લા બે દિવસમાં નવ બાળકોના મોતઃ કુલ આંકડો ૧૦૦ને પાર

કોટા

ડિસેમ્બરના છેલ્લા બે દિવસમાં જેકે લોન હોસ્પિટલમાં વધુ ૯ બાળકોનાં મોત થયાં છે. આ સાથે જ, ડિસેમ્બરમાં હોસ્પિટલમાં મૃત્યુ પામનારા બાળકોની સંખ્યા ૧૦૦ પર પહોંચી ગઈ છે. ૨૧થી ૩૧ ડિસેમ્બર દરમિયાન જેકે લોન હોસ્પિટલમાં ૪૨ બાળકોનાં મોત થયાં હતાં. વર્ષ ૨૦૧૯ની વાત કરીએ તો આ આંકડો ૯૬૩ થઈ ગયો છે. જોકે, તેમ છતાં છેલ્લા ૬ વર્ષમાં તે સૌથી ઓછો છે.

જેકે લોન હોસ્પિટલમાં ડિસેમ્બર મહિનામાં છેલ્લા બે દિવસમાં ૧૦ બાળકોમા મોત થતાં મામલો દેશભરમાં ગરમાયો હતો. કેન્દ્ર સરકારથી લઈને રાજ્ય સરકાર સુધીની તપાસ કમિટિઓ ઘટનાની તપાસ કરી રહી છે. આ કમિટિઓએ બાળકોના મૃત્યુને સ્વાભાવિક નથી ગણાવ્યા. જોકે ડોક્ટર્સની બેદરકારી હોવાની વાત પણ નકારી કાઢી છે.

બાળકોના મોત મામલે સોનિયા ગાંધી ગેહલોતથી નારાજ

રાજસ્થાનના કોટાની જેકે લોન હોસ્પિટલમાં બાળકોના મોત પર રાજકારણ શરૂ થયા બાદ, કોંગ્રેસ અધ્યક્ષા સોનિયા ગાંધીએ પણ અશોક ગહેલોત સરકાર પ્રત્યે નારાજગી વ્યક્ત કરી છે. સોનિયા ગાંધીએ રાજસ્થાનના પ્રભારી અવિનાશ પાંડે સાથે આ મુદ્દે મુલાકાત કરી છે.

ડિસેમ્બર મહિનાની વાત કરવામાં આવે તો, ૨૦૧૯ના છેલ્લા મહિનામાં જેકે લોન હોસ્પિટલમાં ૧૦૦ બાળકોના મોત થયા હતા. ૨૧થી ૩૧ ડિસેમ્બર વચ્ચે ૪૨ બાળકોના મોત થયા હતા. ૨૦૧૯ના વર્ષ દરમિયાન આ આંકડો ૯૬૩ નોંધાયો હતો. તેમ છતાં ગત છ વર્ષમાં આ આંકડો સૌથી ઓછો રહ્યો હતો. વર્ષ ૨૦૧૯માં મહિના પ્રમાણે જોઈએ તો. જાન્યુઆરીમાં ૭૨, ફેબ્રુઆરીમાં ૬૧, માર્ચમાં ૬૩, એપ્રિલમાં ૭૭, મે મહિનામાં ૮૦, જૂનમાં ૬૫, જુલાઈમાં ૭૬, ઓગસ્ટમાં ૮૭, સપ્ટેમ્બરમાં ૯૦, ઓક્ટોબરમાં ૯૧, નવેમ્બરમાં ૧૦૧ અને ડિસેમ્બરમાં ૧૦૦ નવજાત બાળકોના મોત થયા હતા.

સીએમ અશોક ગહેલોતે પોતાના અધિકારીક ટ્વીટર અકાઉન્ટથી પ્રતિક્રિયા આપતા કહ્યું કે, જે.કે.હોસ્પિટલ, કોટામાં થયેલા બીમાર બાળકોના

અનુસંધાન પાના નં. ૮

ચીન-પાકિસ્તાન સામે યુદ્ધનો ખતરો જોતાં

ભારત થિયેટર કમાન્ડર બનાવશે: પશ્ચિમી દેશોની નકલ નહિ કરે

ન્યુ દિલ્હી

દેશના પહેલા ચીફ ઓફ ડિફેન્સ સ્ટાફ જનરલ બિપિન રાવતે કહ્યું કે ભારત થિયેટર કમાન્ડ બનાવવા માટે પશ્ચિમી દેશોની નકલ કરવાના બદલે પોતાની રીતે પ્રક્રિયા બનાવશે. રાવતે આ નિવેદન એવા સમયે આપ્યું છે જ્યારે ત્રણે સેનાઓ આધુનિકરણ માટે રુપિયાની તંગી અનુભવી રહી છે અને પાકિસ્તાન તથા ચીનના ખતરાને જોતા તાત્કાલીક, નેવી, આર્મી અને એરફોર્સ ત્રણે સેનાઓને એકીકૃત કરવાની જરુર છે.

પદભાર સંભાળ્યા પછી રાવતે કહ્યું, થિયેટર કમાન્ડ બનાવવા માટે ઘણી રીતો છે. અમે પશ્ચિમી કે અન્ય દેશોના મૉડલની કોપી નથી કરવા માગતા. અમારી પોતાની પ્રણાલી બની શકે છે. અમે મળીને સંપૂર્ણ પ્રક્રિયા બનાવીશું.. હું સમજુ છું કે આ કામ કરશે. સીડીએસે ભલે હજુ થિયેટર કમાન્ડ વિશે વિસ્તૃત માહિતી નથી મેળવી પણ સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકાર તરફથી તેમને આગામી ૪-૫ વર્ષની અંદર પહેલા થિયેટર કમાન્ડને બનાવવા માટે પહેલ કરવા, સિદ્ધાંત બનાવવા અને આખો રોડમેપ તૈયાર કરવા માટે જવાબદારી સોંપવામાં આવશે.

જણાવી દઈએ કે, ભારત સંયુક્ત સૈન્ય કમાન્ડ તરફ પગલું માડી દીધું છે, જેમાં આર્મી, નેવી અને એરફોર્સની સંપૂર્ણ સૈન્ય શક્તિનું ઓપરેશન કંટ્રોલ એકલા થ્રી સ્ટાર સૈન્ય જનરલ પાસે હશે. સરકાર આ સંબંધમાં જોઈન્ટ કમાન્ડ સાથે સંબંધિત નિયમો અને કંટ્રોલ રુલ્સમાં બદલાવ કર્યા છે. સૂત્રોના જણાવ્યા પ્રમાણે સરકારે સેનાના સંયુક્ત કમાન્ડને સંચાલિત કરવા માટે કોઈ પણ એક સેવા (આર્મી, એરફોર્સ, નેવી)ના એક અધિકારીને સીધો કમાન્ડ આપવાના અધિકાર માટે વૈધાનિક નિયમ અને ઓર્ડરને નોટિફાઈ કર્યા છે.

થિયેટર કમાન્ડનો એરફોર્સ વિરોધ કરી રહ્યું છે કારણ કે એરફોર્સનુ માનવું છે કે આમ કરવું સંચાલનની દૃષ્ટીએ આ અવ્યવહારિક હશે જે દેશની સીમિત હવાઈ તાકાતને અલગ-અલગ થિયેટર કમાન્ડ અંતર્ગત વહેંચી દેશે. એફોર્સ પાસે માત્ર૩૦ ફાઈટર સ્ક્વાડ્રન છે જ્યારે ચીન અને પાકિસ્તાન બન્નેના પડકાર ઝીલવા માટે ૪૨ ફાઈટર સ્ક્વાડ્રન જરુરી છે.

કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહનું નિવેદન

બાળકોને બાળપણથી જ શાળાઓમાં ગીતા-હનુમાન ચાલીસાનું જ્ઞાન આપવું જોઈએ

ન્યુ દિલ્હી

કેન્દ્રીય મંત્રી ગિરિરાજસિંહે ગીતાનાં શ્લોક શાળાઓમાં ભણાવવા અને મંદિરો બનાવવાની માંગ કરી છે. ગિરિરાજસિંહે કહ્યું, મિશનરી સ્કૂલોમાં બાળકો ભણતર દ્વારા ડી.એમ., એસ.પી., એન્જિનિયર બને છે, પરંતુ જ્યારે એ જ બાળકો વિદેશ જાય છે, ત્યારે તેઓ મોટાભાગે ગૌમાંસ (બીફ) ખાવા લાગે છે. તેમને એ સંસ્કાર જરા પણ મળતા નથી. બાળકોને બાળપણથી જ શાળાઓમાં ગીતા અને હનુમાન ચાલીસાનાં શ્લોકો શીખવવા જોઈએ તે જરૂરી છે.

તેમણે કહ્યું, સરકારી શાળાઓમાં જો તે ગીતાનાં શ્લોક, હનુમાન ચાલીસા વાંચવા કહેશે, તો લોકો કહેશે કે ભગવો એજન્ડા લાગુ કરવામાં આવી રહ્યો છે. તેની શરૂઆત ખાનગી શાળાથી થવી જોઈએ. આપને જણાવી દઈએ કે, ગિરિરાજસિંહે ગુરુવારે બેગુસરાયનાં લોહિયા નગરમાં ભાગવત કથાનાં ઉદઘાટન સમારોહમાં હાજરી આપી હતી.

ગિરિરાજસિંહે આ કાર્યક્રમને સંબોધન કરતાં કહ્યું કે, આજે ધર્મ અને સનાતન જીવંત છે, તેથી લોકશાહી જીવંત છે. લોકો અમને કટ્ટરવાદી કહે છે, અમે ક્યા કટ્ટરપંથી બની શકીશું જ્યારે અમને પૂર્વજો અને ધર્મએ શીખવ્યું છે કે કીડીઓને ગોળ આપીને અને ઝાડને પાણી પીવડાવવાથી ફળ મળે છે. આટલું જ નહીં, અમે નાગ પંચમીનાં દિવસે આસ્તીનનાં સાપને પણ દૂધ પીવડાવીએ છીએ, પરંતુ તે જ સાપ આજે દરરોજ દુર્વ્યવહાર કરે છે અને ડંખ પણ મારે છે.

વડાપ્રધાન મોદીનો ડ્રિમ પ્રોજેક્ટ મરણ પથારીએ..

આદર્શ ગ્રામ યોજનામાં ભાજપ સહિતના ૬૬ ટકા સાંસદોને રસ જ નથી..!

પાંચ વર્ષમાં ગામોને દત્તક લેવામાં સાંસદોની સંખ્યા ઘટીને ૪૫૧ થઈ,અત્યાર સુધી ૧૭૫૩ ગ્રામ પંચાયતને દત્તક લેવામાં આવી

ન્યુ દિલ્હી

૨૦૧૪માં સ્વતંત્રતા દિવસે લાલ કિલ્લા પરથી આપેલા ભાષણમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રાષ્ટ્ર નિર્માણ માટે સાંસદ આદર્શ ગ્રામ યોજના (એસએજીવાઈ) ની જાહેરાત કરી હતી, જેમાં લોકસભાના સાંસદોને વિનંતિ કરી હતી કે, વર્ષ ૨૦૧૬ સુધીમાં તેઓ પોતાના ક્ષેત્રના એક ગામને આદર્શ ગામ બનાવે. પીએમએ કહ્યું હતું કે, વર્ષ ૨૦૧૬ બાદ બે બીજાં ગામની પસંદગી કરે અને ૨૦૧૯ બાદ ઓછામાં ઓછાં પાંચ મોડેલ ગામોની પસંદગી કરે અને તેમનો વિકાસ કરે. તેમણે રાજ્યસભાના સાંસદોને પણ પણ કહ્યું હતું કે તેઓ કોઈ એક ગામ દત્તક લે. પીએમએ કહ્યું હતું કે, જો આપણે ભારતના દરેક જિલ્લામાં એક મોડેલ ગામ બનાવીએ તો, આસપાસના ગાંમોના લોકોને તેમાંથી પ્રેરણા મળશે અને તેઓ પણ આદર્શ ગામના મોડેલનું અનુસરણ કરશે.

પીએમ મોદીના સંબોધનના લગભગ બે મહિના બાદ ૧૧ ઓક્ટોબર, ૨૦૧૪ એ શરૂ થયેલ સાંસદ આદર્શ ગ્રામ યોજનાના પહેલા ચરણમાં ૭૦૩ સાંસદોએ ગામોને દત્તક લીધાં હતાં પરંતુ બીજા ચરણમાં આ સંખ્યા ઘટીને ૪૯૭ થઈ ગઈ. ત્રીજા ચરણમાં ૩૦૧ સાંસદોએ ગામોને વિકસાવવા માટે દત્તક લીધાં. ચોથા ચરણમાં આ સંખ્યા ઘટીને ૨૫૨ થઈ ગઈ. એટલે પાંચ વર્ષમાં ૪૫૧ સાંસદોની સંખ્યા ઘટી ગઈ. કુલ ચાર ચરણમાં અત્યાર સુધીમાં માત્ર ૧૭૫૩ ગ્રામ પંચાયતને જ દત્તક લેવામાં આવી છે.

કેન્દ્રિય ગ્રામીણ વિકાસ મંત્રાલયની વેબસાઈટના આંકડા અનુસાર, ડિસેમ્બર ૨૦૧૯ ના અંત સુધીમાં ૨૫૨ સાંસદોએ ચોથા ચરણમાં સાંસદ આદર્શ ગ્રામ યોજના અંતર્ગત ગ્રામ પંચાયતોને દત્તક લીધી છે. જેમાં ૨૦૮ લોકસભાના સાંસદ છે, જ્યારે ૪૪ રાજ્યસભાના સાંસદ છે. લોકસભામાં કુલ ૫૪૫ સાંસદ છે, જેમાંથી બે નામાંકિત છે. આ જ રીતે રાજ્યસભામાં ૨૪૫ સાંસદ છે, જેમાં ૧૨ નામાંકિત છે, ૧ જાન્યુઆરી ૨૦૨૦ના આંકડા અનુસાર, રાજ્યસભામાં ૨૪૦ સાંસદ છે અને ૫ સીટો ખાલી છે.

પ્રિયંકા કોંગ્રેસ શાસનવાળા રાજસ્થાનની ઘટનાઓ અંગે ચૂપ કેમ?: માયાવતીના પ્રહારો





તહેરાન

બસપા પ્રમુખ માયાવતીએ કોંગ્રેસી નેતા પ્રિયંકા ગાંધી પર શાબ્દિક હુમલો કરતાં કહ્યું કે ઉત્તર પ્રદેશમાં આંટા મારવાને બદલે પ્રિયંકા ગાંધીએ રાજસ્થાનના કોટા શહેરમાં મરણ પામેલાં બાળકોનાં માતાપિતાને મળવાની જરૂર હતી.

રાજસ્થાનમાં કોંગ્રેસની સરકાર છે અને કોટાની હૉસ્પિટલમાં તાજેતરમાં સંખ્યાબંધ બાળકો મરણ પામ્યાં હતાં. એ સંદર્ભમાં માયાવતી બોલી રહ્યાં હતાં. માયાવતીએ ટ્વીટર પર લખ્યું હતું કે કોટામાં ૧૦૦ બાળકોનાં મરણ થયાં છે. એ બાળકોની માતાઓને મળીને આશ્વાસન આપવાને બદલે પ્રિયંકા ઉત્તર પ્રદેશમાં આંટા મારે એ તેમનો રાજકીય સ્વાર્થ અને નાટકબાજી દેખાડે છે.

માયાવતીએ એવો આક્ષેપ કર્યો હતો કે સો સો બાળકો મૃત્યુ પામ્યા છતાં રાજસ્થાનની કોંગ્રેસ સરકાર કે મુખ્ય પ્રધાન ગેહલોત આ મુદ્દે ઉદાસીન અને લાપરવા રહ્યા છે. પ્રિયંકા ગાંધીએ કોટા જવાની અને મરણ પામેલાં બાળકોની માતાઓને ધીરજ બંધાવવાની તાતી જરૂર હતી.

ઉત્તર પ્રદેશની બાબતોમાં બોલી રહેલી પ્રિયંકા કોંગ્રેસ શાસનવાળા રાજસ્થાનની ઘટનાઓ અંગે કેમ ચૂપ રહ્યાં છે ? એવો સવાલ માયાવતીએ કર્યો હતો. તેમણે કહ્યું કે કોંગ્રેસના સ્વાર્થ પ્રેરિત રાજકારણનો આ એક દુઃખદ નમૂનો છે. રાજસ્થાનમાં તેમના પક્ષની નેતાગીરીની બેદરકારીથી એકસો બાળકો અકાળે મરણ પામ્યાં.

હું આસામનો પુત્ર છું, હું ક્યારેય વિદેશીઓને સ્થાયી કરીશ નહીં: મુખ્યમંત્રી સોનેવાલ

ગૌહાટી

નાગરિકતા સુધારો કાયદા સામે અસમમાં ભારે વિરોધ છે. વિરોધીઓએ સીએમ સર્વાનંદ સોનોવાલના કાફલાને કાળા વાવટા પણ બતાવ્યો હતો. તે જ સમયે, આ કૃત્ય સામે ચાલી રહેલા વિરોધની વચ્ચે મુખ્યમંત્રી સર્વાનંદ સોનોવાલનું મોટું નિવેદન આવી ગયું છે. સોનોવાલે કહ્યું કે હું આસામનો પુત્ર છું, અહીં વિદેશીને સ્થાયી થવા દેશે નહીં. આસામમાં ઘૂસણખોરોનો મુદ્દો સતત ચર્ચાનો કેન્દ્ર રહ્યો છે, જેના પર સીએમ સોનોવાલે કહ્યું હતું કે, "આસામના પુત્ર તરીકે હું મારા રાજ્યમાં વિદેશીઓનો સ્થાયી નહીં કરી શકું, હું સર્વાનંદ સોનોવાલને ક્યારેય મંજૂરી આપીશ નહીં. નાગરિકતા સુધારો કાયદાની વિરુદ્ધ આસામના ઘણા વિસ્તારોમાં હિંસક વિરોધ પણ થયા છે. મોરીગાંવમાં પણ અજાણ્યા લોકોએ ભાજપના નેતાની બસ સળગાવી હતી. આ કૃત્ય સામે ગુવાહાટીમાં મોટા પાયે વિરોધ પ્રદર્શનો થયા છે.

મહારાષ્ટ્રમાં ઘમાસાણ: સંજય રાઉત ઉદ્ધવ ઠાકરેથી નારાજ..!!

મુંબઈ

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરે મંત્રિમંડળ વિસ્તારમાં ભાઈ સુનીલ રાઉતને સ્થાન ના મળવાથી નારાજગીના અહેવાલ વચ્ચે શિવસેના સાંસદ સંજય રાઉતે નવા વર્ષે જ કરેલા ફેસબુક પોસ્ટને લઈને સસ્પેન્સ વધી ગયું છે. રાઉતના આ એક જ પોસ્ટથી ચર્ચાએ જોર પકડ્યું છે કે, શું ઉદ્ધવ ઠાકરે અને રાઉત વચ્ચે ઓલ ઈઝ નોટ્ર વેલ?

નારાજગીના અહેવાલો વચ્ચે રાઉતે ફેસબુક પોસ્ટમાં લખ્યું છે કે, હંમેશા એવા વ્યક્તિને સાચવીને રાખો, જેને તમને ત્રણ ભેટ આપી હોય – સાથ, સમય અને સમર્પણ૫'. રાઉતના આ પોસ્ટને શિવસેના અધ્યક્ષ અને મહારાષ્ટ્રના મુખ્યમંત્રી ઉદ્ધવ ઠાકરે તેરફ ઈશારા તરીકે જોવામાં આવી રહી છે. જોકે રાઉતના ફેસબુલ વોલ પર આ પોસ્ટ વધારે સમય સુધી દેખાઈ નહોતી. ભાજપ સાથે અઢી-અઢી વર્ષની મુખ્યમંત્રીની માંગણી અને એનસીપી-કોંગ્રેસ સાથે મળીને સરકાર રચવામાં મહત્વની ભૂમિકા અદા કરવામાં સંજય રાઉત મોખરે હતાં. ઉદ્ધવના નજીકના અને સરકાર રચવામાં મહત્વની ભૂમિકા અદા કરવા બદલ માનવામાં આવતું હતું કે, સંજયના નાના ભાઈ સુનીલને મંત્રીમંડળમાં સ્થાન આપવામાં આવશે જ, પરંતુ આમ થયું નથી. શિવસેનાએ ત્રણેય અપક્ષ ઉમેદવારોને તક આપ્યા બાદ જ સંજય રાઉત ભારે નારાજ હોવાના અહેવાલ સામે આવ્યાં હતાં. સુનીલ રાઉત ધારાસભ્ય પદેથી રાજીનામું આપી શકે છે તે વાતે પણ જોર પકડ્યું હતું, પરંતુ સંજય રાઉત સામે આવ્યા અને તેમણે કહ્યું હતું કે, અમે આપવામાં માનીએ છીએ લેવામાં નહીં. અમે પાર્ટી માટે કામ કરીએ છીએ, પદ માટે નહીં. સુનીલ રાઉત પાક્કા શિવસૈનિક છે. મહારાષ્ટ્રમાં શિવસેના ઉપાધ્યક્ષ ઉદ્ધવ ઠાકરેના નેતૃત્વમાં સરકાર બની તેનો અમને ગર્વ છે.

ડિસેમ્બર મહિનામાં પાવર સપ્લાય ૧.૧. ટકા ઘટી ૧૦૧.૯૨ અબજ યુનિટે પહોંચી

દેશમાં મંદી વધુ ઘેરી બની: વીજ પુરવઠામાં સતત પાંચમાં મહિને ઘટાડો

ન્યુ દિલ્હી

ભારતમાં સતત પાંચમાં મહિને વીજ પૂરવઠો કહો કે વીજ વપરાશ તેમાં ઘટાડો નોંધાયો છે. જે ઔદ્યોગિક ક્ષેત્રે મંદ કામકાજના સ્પષ્ટ સંકેત આપે છે. સરકાર દ્વારા સંચાલિત પાવર સિસ્ટમ ઓપરેશન કોર્પ લિમિટેડના આંકડા મુજબ ડિસેમ્બર મહિનામાં પાવર સપ્લાય વાર્ષિક તુલનાએ ૧.૧ ટકા ઘટીને ૧૦૧.૯૨ અબજ યુનિટ રહી છે જ્યારે વર્ષ પૂર્વેના સમાન મહિનામાં ૧૦૩.૦૪ અબજ યુનિટ વીજળીની સપ્લાય કરાઈ હતી. જો કે ગત નવેમ્બરની તુલનાએ પાવર સપ્લાયમાં ઘટાડાની ગતિ મંદ રહી છે.

વીજ પુરવઠામાં સતત પાંચમાં ઘટાડાનો અર્થ એ છે કે વીજળીની માંગમાં પણ ઘટાડો થયો છે જે અર્થતંત્રમાં પ્રવર્તી રહેલી સુસ્તીની ચાડી ખાય છે કારણ કે ભારતમાં વીજળીની આંશિક અછત રહેતી હોય છે.

ભારતની સેન્ટ્રલ ઈલેક્ટ્રિસિટી ઓથોરિટી જે સંયુક્ત વીજ મંત્રાલયનો એક વિભાગ છે તે ચાલુ મહિનાના અંતે વીજ માંગના આંકડા જાહેર કરશે. પોસ્કોએ દરરોજ દિવસના અંતે પ્રાથમિક લોડ ડિસ્પેચ આંકડા જાહેર કરે છે.

સીઈએના મતે વીજ પુરવઠો ઓક્ટોબર ૨૦૧૯માં ૧૨.૮ ટકા અને નવેમ્બરમાં ૪.૨ ટકા ઘટ્યો હતો. જેમાં ઓક્ટોબરમાં વીજળીની સપ્લાય અને માંગમાં છેલ્લા ૧૨ વર્ષનો સૌથી મોટો ઘટાડો નોંધાયો હતો.

અર્થશાસ્ત્રીઓ દ્વારા વીજળીની માંગને ઔદ્યોગિક ઉત્પાદનના એક મહત્વપૂર્ણ સંકેત સ્વરૂપે જોવામાં આવે છે અને વીજ વપરાશમાં ઘટાડો એ આર્થિક મંદી તરફ સંકેત કરે છે.

સરકારી આંકડા મુજબ ભારતના કુલ વાર્ષિક વીજ વપરાશના બે-પંચમાંશથી વધારે વીજળી ઔદ્યોગિક ક્ષેત્રે વપરાય છે. ત્યારબાદ ઘરોમાં ૨૫ ટકા અને ઓફિસ-બિલ્ડિંગોમાં ૮.૫ ટકા જેટલી વીજળીનો ઉપયોગ થાય છે.

નોંધનિય છે કે, ગત જુલાઈથી સપ્ટેમ્બર ૨૦૧૯ના ત્રિમાસિક ગાળામાં ભારતનો આર્થિક વિકાસદર ૪.૫ ટકા નોંધાયો છે જે છેલ્લા ૬ વર્ષનો સૌથી નીચો વૃદ્ધિદર છે. જેનું મુખ્ય કારણ ખાનગી મૂડીરોકાણ અને વપરાશમાં ચિંતાજનક ઘટાડો છે.

લાલુ યાદવના ૧૫ વર્ષ વિરુદ્ધ નિતિશના ૧૫ વર્ષની તુલના કરાઈ

બિહારમાં હિસાબ દો- હિસાબ લો: ચૂંટણી પહેલા જેડૂયી-આરજેડી વચ્ચે પોસ્ટરવૉર

પટના

બિહારમાં આ વર્ષે વિધાનસભા ચૂંટણી યોજાવાની છે જેને પગલે રાજકારણ ગરમાયુ છે. રાજ્યની મુખ્ય પાર્ટીઓ આરજેડી અને જેડીયૂ વચ્ચે પોસ્ટર વોર શરૂ થઈ ગયુ છે. પોસ્ટરમાં લાલુ યાદવના ૧૫ વર્ષ વિરૂદ્ધ નીતીશ કુમારના ૧૫ વર્ષની તુલના કરવામાં આવી છે.



પોસ્ટરમાં એ જણાવવામાં આવ્યુ છે કે લાલુ યાદવના શાસનની સરખામણીએ છેલ્લા ૧૫ વર્ષોમાં રાજ્ય વિકાસના માર્ગે અગ્રેસર થયુ છે. પોસ્ટરમાં લખ્યુ છે, હિસાબ દો, હિસાબ લો. ૧૫ વર્ષ વિરૂદ્ધ ૧૫ વર્ષ! પોસ્ટરમાં એક તરફ લાલુ યાદવ રાબડી દેવીની અને બીજી તરફ નીતીશ કુમારની તસવીર છે. બિહારમાં આ વખતે મુખ્ય સ્પર્ધા આરજેડી અને ભાજપ-જેડીયૂ ગઠબંધન વચ્ચે છે. પોસ્ટરમાં રાજદએ મુખ્યમંત્રી નીતીશ કુમારને લાપતા દર્શાવ્યા છે.

પોસ્ટરમાં લખવામાં આવ્યુ છે કે સીએબી અને એનઆરસી પર નીતીશ કુમાર ચૂપ છે. આ ચેહરાને ધ્યાનથી જુઓ જે કેટલાય દિવસથી દેખાયો નથી. નીતીશ કુમારને શોધનારનું બિહાર કાયમ આભારી રહેશે. એક બીજા પોસ્ટરમાં લખવામાં આવ્યુ છે ગૂંગા, બહેરા અને અંધ મુખ્યમંત્રી... લાપતા, લાપતા, લાપતા! આગામી દિવસોમાં પાર્ટીઓ વચ્ચે પોસ્ટર વૉર વધુ તેજ બનશે.

ઉલ્લેખનીય છે કે બિહારમાં વિધાનસભા ચૂંટણી ૨૦૧૫માં થઈ અને રાજદના સહયોગથી નીતીશ કુમાર રાજ્યના મુખ્યમંત્રી બન્યા. વર્ષ ૨૦૧૭માં નીતીશ કુમાર રાજદથી અલગ થઈ ગયા અને ભાજપના સમર્થનમાંથી એકવાર ફરી મુખ્યમંત્રી પદના શપથ લીધા. ચૂંટણી રણનીતિકારોનું માનવુ છે કે રાજ્યમાં બેઠકોની વહેંચણી પર ભાજપ અને જેડીયુ વચ્ચે સંઘર્ષ જોવા મળી શકે છે.

નિફ્ટીમાં ૧૦૦ અંક વધી ૧૨૨૮૨ અંકને પાર

નવા વર્ષમાં સતત બીજા દિવસે શેરબજારમાં તેજી: સેન્સેક્સ ૩૧૪ અંક ઉછળ્યો

મુંબઈ

ગુરુવારનો દિવસ શેરબજારમાં ઉછાળાનો દિવસ રહ્યો હતો. સેન્સેક્સ અને નિફ્ટી ઉછાળા સાથે બંધ થયા હતા. સેન્સેક્સ ૩૨૦ પોઈન્ટ વધીને ૪૧૬૨૬.૬૪ પોઈન્ટ પર જ્યારે નિફ્ટી ૧૨૨૮૨.૨૦ ના આંકડા પર પહોંચ્યો હતો. ગુરુવારે વ્યાપારની શરૂઆતથી જ બજારમાં તેજીનો માહોલ જોવા મળ્યો હતો. ચીનના બજારોના સકારાત્મક વલણ વચ્ચે ગુરુવારે શરૂઆતના વ્યાપારમાં બેંકિંગ, ઉર્જા અને ધાતુના શેરોમાં ૧૩૨ પોઈન્ટનો ઉછાળો નોંધાયો હતો.

બોમ્બે સ્ટોક એક્સચેંજ (બીએસઈ) ના ૩૦ શેરો વાળા પ્રમુખ સેન્સેક્સ ૧૩૨.૧૩ પોઈન્ટ એટલે કે ૦.૩૨ ટકા વધીને ૪૧,૪૩૮.૧૫ પોઈન્ટની સપાટીએ પહોંચી બંધ થયો હતો. એ જ રીતે નેશનલ સ્ટોક એક્સચેંજનો નિફ્ટી શરૂઆતમાં ૪૧.૩૦ પોઈન્ટ એટલે કે ૦.૩૪ ટકા વધીને ૧૨,૨૨૩.૮૦ પોઈન્ટ પર પહોંચી ગયો. સેન્સેક્સ કંપનીઓમાં ટાટા સ્ટીલ ૧.૬૨ ટકા સુધીની તેજી આવી હતી.

અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ડસઈન્ડ બેંક, ભારતી એરટેલ, બજાજ ઓટો અને રિલાયન્સ ઈન્ડસ્ટ્રીઝમાં પણ તેજી રહી. બીજી બાજુ ટાઈટનમાં સૌથી વધુ ગિરાવટ એટલે કે ૦.૯૪ ટકા સુધી નીચે આવી હતી. એનટીપીસી, પાવરગ્રિડ, એશિયન પેઈન્ટ્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં પણ ઘટાડો નોંધાયો હતો. વેપારીઓના જણાવ્યા મુજબ, ચાઈનાની સેન્ટ્રલ બેંક દ્વારા દેશના ઘટતા અર્થતંત્રને સંભાળવા માટે નવી પ્રોત્સાહનોની ઘોષણા કરવામાં આવ્યા પછી ઘરેલું રોકાણકારોને એશિયન બજારો તરફથી સકારાત્મક વલણ મળ્યું છે.

બેંક શેર્સમાં પણ આજ જોરદાર વધારો જોવા મળ્યો છે. બેંક નિફ્ટી ૩૪૦.૯૫ પોઈન્ટ્સ ઉછળ્યો હતો. સૌથી વધુ વધનારા ઈન્ડેક્સ બેંક શેર્સમાં એસબીઆઈ, એચડીએફસી, એક્સિસ બેંક, આઈસીઆઈસીઆઈ, ઈન્ડસિન્ડ બેંક, એચડીએફસી બેંક ટોચ પર રહ્યા હતા. જોકે, કોટક બેંકના શેરમાં આજે ૦.૨૫ ટકાનો સામાન્ય ઘટાડો જોવા મળ્યો હતો.

કનેક્ટ ઈન્ડિયન્સ www.connectindians.inમાં જોડાઈ નિયમ મુજબ કામ કરો અને સોળ વર્ષ જુના સમાચારપત્ર (news paper) જંગ એ ગુજરાત www.jungegujarat.inના
PRESS પ્રતિનિધિ બની સમાજમાં પ્રતિષ્ઠા સાથે સંપત્તિ કમાવા તાત્કાલિક વહેલા તે પહેલાંના ધોરણે નિયુક્તિ માટે સંપર્ક કરો. ૯૯૭૮૪૦૬૨૫૭

જોજો ચૂકી જતા આ મોકો

MARKET 4U ને સમગ્ર ગુજરાતના તમામ શહેરોમાં

CONNECTINDIANS

પ્લાન માટે

માત્ર રૂપિયા ૫૫૦/- ભરી શકે તેવા અને
પોતાની મહેનત મુજબ આવક મેળવવા માગતા
૫૦૦૦થી વધુ ભાઈ- બહેનોની તાત્કાલિક જરૂર છે

આજે જ જોડાઓ અને
મોબાઈલ એન્ટી રેડીએશન ચીપ મફત મેળવો
(કુરિયર ચાર્જ ૧૦૦ રૂ. અલગથી ચૂકવવાનો રહેશે)



નિયત સમયમાં યોજના મુજબ કામ કરો અને **જીતો**



MARUTI ALTO



HONDA ACTIVA



BRANDED MIXER

ફ્રે ૧૫ ઓગષ્ટ સ્વાતંત્ર્ય દિવસ

(શરતો લાગુ રહેશે)

9978406257

'આપની પ્રગતિ એજ અમારો નિર્ધાર'

શુ આપ **Market4u** રજીસ્ટર્ડ કંપનીમાં માત્ર ૬૫૦/- ભરી કોઈ પણ ચીજવસ્તુ વેચ્યા વગર અન્ય મિત્રોને, કુટુંબીઓને કે કોઈપણ વ્યક્તિને આપની જેમ જ ૬૫૦/-ભરાવી **Market4u**ની કેટેગરી વાપરવાનું સમજાવી તેને આપની સાથે જોડી શકો છો તો આપ અને જોડાયેલા તમામ અન્યોને **Market4u**ની કેટેગરી સાથે જોડી ઓછા સમયમાં લાખો કમાઈ શકો છો ઉપરાંત **MARKET4U** ની જાહેરાતની કોઈ પણ એક કેટેગરી વાપરી શકશો. **(T.& C.Apply)**

આજે જ વોટ્સ એપ નંબર ૯૯૭૮૪૦૬૨૫૭ પર આપનું નામ અને એડ્રેસ લખી મોકલો

અને હા જેને **PRESS** માં જોડાવામાં રસ હોય તેઓ પણ સંપર્ક કરી શકશે
PRESS પ્રતિનિધિ બનાવવામાં આવશે (નિયમ લાગુ રહેશે)

MARKET 4U **ફ્રેન્ચાઈઝી નીમવાના છે**

CEO Mrket4u, Dhananjay zaveri, Surat - Bharuch. 7575006850
www.jungegujarat.in

Market4u રજીસ્ટર્ડ.કંપનીને વિસ્તરણ માટે જિલ્લા અને તાલુકા દીઠ સુપર ફ્રેન્ચાઈસી
(રોકાણ માત્ર ૫૫૦૦૦/- કે તેના ગુણાકમાં નફો ૧૫% ટર્નઓવરના)
ફ્રેન્ચાઈસી (રોકાણ ૫૫૦૦/-કે તેના ગુણાકમાં નફો ૮% ટર્નઓવરના)
એજન્ટ : તમામ સ્થળે અને તમામ રાજ્યોમાં રોકાણ માત્ર રૂ.૬૫૦/- **(T. @ C.apply)**

સુરત
Market4u
૧૩/૯૬ બેઠી કોલોની, એપલ હોસ્પિટલ પાસે રિલાયન્સ મોલ સામેની ગલીમાં, ઉધના દરવાજા, સુરત. ૭૫૭૫૦૦૬૮૪૭

ઓફીસ એડ્રેસ

ભરૂચ
Market4u
બંગલા નંબર ૧૩, પ્રીતમ સોસાયટી વિભાગ ૧, સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાની ગલીમાં, કસક, ભરૂચ. ૯૯૭૮૪૦૬૨૫૭

થોડી મહેનતે આપ પણ બની શકો લાખોપતિ
જો આપ આટલું કરો તો જ

આપ જેની રાહ જોઈ રહ્યા હતા એ **MARKET4U**નું નવું સાહસ
WWW.CONNECTINDIANS.IN

Market4uના **connectindians** પ્લાન સાથે માત્ર રૂપિયા ૫૫૦/-ભરી જોડાઈ જાવ અને **Market4u** વેબસાઈટની કોઈપણ એક કેટેગરી વાપરી કમાવ અઢળક આવક

(અલગ અલગ કેટેગરી માટે અલગથી જોઈનીંગ કરવાનું રહેશે.)

પોતાના સપના સાકાર કરવા આજે જ સંપર્ક કરો
9978406257

જો આપ આ માધ્યમથી કમાવા ઈચ્છો તો પણ સરળ છે માત્ર રૂપિયા ૫૫૦/- ભરી જોડાઈ જાવ અને આપના કુટુંબી કે પરિચિત મિત્રોને આપની આઈડીથી **Market4u**ની કેટેગરી વાપરવા જોડો, આપની આવક શરૂ. જેમાંથી **market4u** કંપની આપની આવકમાંથી **TDS** બાદ કરી વધેલી રકમ આપના બેંકખાતામાં **NEFT**થી જમા કરશે. તો રાહ શેની માત્ર ૫૫૦/- ભરો અને અન્યોને **Market4u**ની કેટેગરી સમજાવી જોડતા જાવ અને બનો ટૂંકા સમયમાં માત્ર ૫૫૦/-માં લાખોના માલીક

વેબ સાઇટ જુઓ • www.connectindians.in • www.market4u.in
ગેરેન્ટેડ ગિફ્ટ મોબાઈલ એન્ટી રેડિયેશન ચિપ *મોકલવાનો ખર્ચ રૂ.૧૦૦/- અલગથી ચૂકવવાનો રહેશે*

CONNECT INDIANS : MLM Plan Rs. 550
INCOME ILLUSTRATION OF 1 X 10 DOWNLINES

DOWNLINE LEVEL	No. OF DOWNLINE	INCOME IN RS.	TOTAL AMOUNT IN RS.	5% TDS DEDUCTION	TOTAL AMOUNT AFTER TDS
1	10	100	1000	50	950
2	100	75	7500	375	7125
3	1000	50	50000	2500	47500
4	10000	25	250000	12500	237500
5	100000	20	2000000	100000	1900000
6	1000000	15	15000000	750000	14250000
7	10000000	10	100000000	5000000	95000000
8	100000000	5	500000000	25000000	475000000
TOTAL EARNING :					586443075

Note : This illustration is based on assumption that every Member makes 10 Downlines

લેવલ ઈન્કમ મેળવવા પહેલા લેવલમાં નીચે મુજબ જોઈનિંગ હોવું જોઈએ

૧ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨
૨ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૪
૩ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૮
૪ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૦
૫ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૧૫
૬ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૦
૭ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૨૫
૮ લેવલ ની ઈન્કમ માટે ડાયરેકટ સ્પોન્સર ૩૦

નોંધ :- ★ તમામ ઇનસેન્ટિવ એક વખત જ મળશે અને સેલ્સ ટારગેટ એક વર્ષના રહેશે.
★ કોઈ પણ રકમમાં ૫% ટીડીએસ કપાશે જ.

આ પ્લેટફોર્મ પર નીચે મુજબના એવોર્ડ મળશે

★ **ડાયરેક્ટર:** એક મહિનામાં ૩૦ જોઇનિંગ લાવે તો ૧ વર્ષ માટે બને પ્રેસ પ્રતિનિધિ

★ **સિલ્વર ડાયરેક્ટર:** ત્રણ મહિનામાં ડાયરેક્ટ ૧૦૦ જોઇનિંગ અને લેવલ ગ્રુપ ટોટલ ૧૦૦૦૦ થાય તો એક્ટીવા (શો રૂમ કિંમત) માસિક ૫૦૦/- પેટ્રોલ એલાઉન્સ, જોડાયાના એક વર્ષ સુધી

★ **ગોલ્ડ ડાયરેક્ટર:** છ મહિનામાં ડાયરેક્ટ ૨૦૦ જોઇનીંગ અને ૧૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો અલ્ટો (શો રૂમ કિંમત) ત્યાર પછીના બાકીના મહિનામાં દર મહિને ૫૦૦૦/- પેટ્રોલ એલાઉન્સ.

★ **પ્લેટિનમ ડાયરેક્ટર:** એક વર્ષમાં ૪૦૦ ડાયરેક્ટ જોઇનીંગ અને ૨૫૦૦૦૦૦ની ડાઉન લાઈન થાય તો ૨૫૦૦૦૦ હાઉસ ફંડ વન ટાઈમ તથા ૫૦૦૦૦૦ પેંશન વન ટાઈમ

"યાદ રહે આ કોઈ ઇન્વેસ્ટમેન્ટ પ્લાન નથી, અન્યોને જોડશો તો જ કમાશો."

જોડાવા માટે અમારા ફોન પે, પેટીએમ, ગુગલ પે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫ માં રૂપિયા ૫૫૦/-અને જોઈનિંગ ગિફ્ટ મોબાઈલ એન્ટીરેડીએશન ચિપના કુરિયર ચાર્જ રૂપિયા ૧૦૦/- એમ કુલ ૬૫૦/- ટ્રાન્સફર કરો . ટ્રાન્જેક્સનનો ફોટો ૭૫૭૪૮૮૮૮૬૧ પર મોકલો તુરંત વધુમાં વધુ ત્રણ કલાકમાં આપના વોટ્સએપમાં જોઈનિંગ પીન આવી જશે. ત્યારબાદ **www.connectindians.in** વેબસાઈટ ખોલી મેનુમાં જઈ રજીસ્ટ્રેશન ખોલી સ્પોન્સર આઈડી **99999999 Dhananjay** આવશે તેની નીચે તમામ વિગતો ભરી સબમિટ કરો અને આપ જોડાઈ ગયાનો મેસેજ આવશે જેમાં આપનો આઈ ડી પાસવર્ડ આવશે જે સાચવી રાખવો.

"અન્ય ને પણ આજ રીતે **Market4u**ની કેટેગરી વાપરવા જોડો. ફક્ત જેતે સમયે બાય ડિફોલ્ટ આવેલા મારા આઈડી ૯૯૯૯૯૯૯૯૯ ને ડીલીટ કરી આપનો આઈડી લખો ને ડિટેલ ભરી સબમિટ કરાવો

મિત્રો આટલી આવક સરળતાથી ક્યાંય નહિ મળે www.jungegujarat.in

જે વ્યક્તિનું ફોર્મ ભર્યું હશે એ આપની નીચે ડાઉન લાઈન બની ગયો, બસ આટલું કરી અન્યોને એજ શીખવો અને આપ મેળવશો લેવલ પ્રમાણે અઢળક કમાણી.

આજે જ ૯૮૨૫૩૧૮૨૨૫ ના પેટીએમ ફોનપે કે ગૂગલ પે માં માત્ર ૬૫૦/-ભરો જેમાં ગિફ્ટ નો કુરિયર ચાર્જ આવી ગયો તો આજે જ આપની આવકનો શુભારંભ કરો

વધુ વિગત માટે કોલ કરો :
CEO MARKET4U, DHANANJAY ZAVERI, 9978406257
(સમય સવારે ૧૦ થી ૬ વાગ્યા સુધી જ)

તંત્રી સ્થાનેથી...

આરોગ્ય પર ધ્યાન જરૂરી

ભારતમાં આરોગ્યના સ્તરને સુધારી દેવા માટે જુદા જુદા કામ થઈ રહ્યા છે. સાથે સાથે અનેક પગલા લેવામાં આવી રહ્યા છે. છતાં સ્થિતીમાં ઉલ્લેખનીય સુધારો થયો નથી. આવી સ્થિતીમાં હજુ પગલા લેવાની જરૂર દેખાઈ રહી છે. બજેટમાં કેટલાક સારા પગલા જાહેર કરવાની મોદી સરકાર પાસે તક રહેલી છે. હાલમાં આરોગ્ય સંગઠન ડબલ્યુએચઓ દ્વારા નવો ચોંકાવનારો હેવાલ જારી કરાયો છે. જે દર્શાવે છે કે ભારતીય લોકો આવકના તેમના ૧૦ ટકા હિસ્સાને તો સારવાર પર ખર્ચ કરી નાંખે છે. હવે વિશ્વ આરોગ્ય સંસ્થાએ માહિતી આપતા કહ્યુ છે કે આવકના ૧૦ ટકા હિસ્સાને ભારતીયો સારવાર પર ખર્ચ કરે છે. હેવાલમાં કહેવામાં આવ્યુ છે કે અડધા ભારતીયની જરૂરી આરોગ્ય સેવા સુધી પહોંચ નથી. જ્યારે એવા લોકો જે આરોગ્ય સેવા પર લાભ ઉઠાવી શકે છે તેવા લોકો પૈકી લોકો તેમની સારવાર પર આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરે છે. વિશ્વ આરોગ્ય સંસ્થાની વેબસાઈટ પર પ્રકાશિત હેવાલમાં કેટલીક નવી વિગત પણ જાહેર કરવામાં આવેલી છે. વર્ષ ૨૦૧૮ના હેવાલ મુજબ ભારતની વસ્તીના ૧૭.૩ ટકા અથવા તો ૨૩ કરોડ નાગરિકોને વર્ષ ૨૦૦૭-૨૦૧૫ દરમિયાન સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા કરતા વધારે હિસ્સાને ખર્ચ કરવાની ફરજ પડી છે. ભારતમાં સારવાર પર પોતાના ખિસ્સામાંથી ખર્ચ કરનાર પીડિત લોકોની સંખ્યા બ્રિટન, ફ્રાન્સ અને જર્મનીની કુલ વસ્તી કરતા પણ વધારે છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકના ૧૦ ટકા હિસ્સાને ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં તેમની ભૂમિકા ઓછી હોય છે. ભારતની તુલનામાં સારવાર પર પોતાની આવકનો ૧૦ ટકાથી વધારે હિસ્સો ખર્ચ કરનાર લોકોની કુલ વસ્તીમાં ટકા શ્રીલંકામાં ૨.૯ ટકા, બ્રિટનમાં ૧.૬ ટકા, અમેરિકામાં ૪.૮ ટકા, ચીનમાં ૧૭.૭ ટકા છે. રિપોર્ટમાં કહેવામાં આવ્યુ છે કે દેશની વસ્તીના ૩.૯ ટકા હિસ્સો અટલે કે પાંચ કરોડ ભારતીય પોતાના સ્થાનિક બજેટમાં એક ચતુર્થાંશ કરતા વધારે ખર્ચ સારવાર પર કરે છે. જ્યારે શ્રીલંકામાં આવી વસ્તી ૦.૧ ટકા છે. બ્રિટનમાં આવી વસ્તી ૦.૫ ટકાની છે. અમેરિકામાં આવી વસ્તી ૦.૮ ટકાની છે. ચીનમાં ૪.૮ ટકાની છે. તાજેતરમાં કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવમાં આવ્યું છે કે હોસ્પિટલમાં થતા બેક્ટેરિયલ ઈન્ફેક્શનના કારણે ભારતમાં દર વર્ષે જન્મના પ્રથમ ચાર સપ્તાહમાં ૧૯૦૦૦૦ બાળકોના મોત થઈ જાય છે. અભ્યાસમાં ચોંકાવનારા તારણ સપાટી પર આવ્યા બાદ આરોગ્યને લઈને ભારતમાં નવજાત શિશુના મામલે ગંભીર ચિત્ર સપાટી પર આવ્યું છે. સેન્ટર ફોર ડીસીઝડાયનેમિક્સ ઈકોનોમિક્સ એન્ડ પોલિસી દ્વારા કરવામાં આવેલા અભ્યાસમાં જણાવવામાં આવ્યું છે કે આશરે ૧૦ લાખ ભારતીય નવજાત શિશુ દર વર્ષે લાઈફના પ્રથમ ચાર સપ્તાહમાં મૃત્યુ પામે છે. આ મોત પૈકી ૧૯૯૦૦૦ જેટલાં નવજાત શિશુના મોત બેક્ટેરિયલ ઈન્ફેક્શનનાં કારણે થાય છે. સેપ્સીસ અથવાતો બેક્ટેરિયલ ઈન્ફેક્શન સારવાર થઈ શકે તે પ્રકારનો રોગ છે. નિષ્ણાંતોનું કહેવું છે કે બેક્ટેરિયલ ઈન્ફેક્શન હોસ્પિટલમાં લાગતા ઈન્ફેક્શનનાં કારણે થાય છે.

ઈલાજ પર ખિસ્સામાંથી ખર્ચ કરનારાની સંખ્યા સૌથી વધારે છે : રિપોર્ટમાં ધડાકો

લેકટોજના પરિણામે તકલીફ

કેટલાક લોકોના પેટમાં દુખાવો દુધ અથવા તો દુધથી બનેલી કોઈ પણ ચીજ ખાવાથી થાય છે. આવા લોકોના પેટમાં દુધ પીતાની સાથે જ દુખાવો શરૂ થાય છે. કેટલાક બાળકોને ઝાડા ઉલટી પણ દુધના કારણે થઈ જાય છે. આને મેડિકલની ભાષામાં લેક્ટોજ ઈન્ટોલરન્સ એટલે કે દુધના પાચન નહીં થવાની બાબત તરીકે કહેવામાં આવે છે. લેક્ટોજ એક તત્વ છે જદે દુધમાં કુદરતી શુગરની જેમ મિક્સ હોય છે. તેના પાચનમાં તકલીફ થવાની સ્થિતીમાં પેટમાં કેટલાક લોકોને દુખાવો થાય છે. દેશમાં આશરે ચાર ટકા બાળકો અને એક ટકા મોટી વયના લોકોને આ પ્રકારની તકલીફ રહે છે. કુકીજ અને કેકમાં ઓછા પ્રમાણમાં લેક્ટોજ હોય છે. બ્રેડ, બિસ્કિટ, સુપ,કેન્ડી સહિતની કેટલીક ચીજોમાં પણ લેક્ટોજ હોય છે. જો કે આ તમામ ચીજોમાં તેનુ પ્રમાણ ઓછુ હોય છે. સ્વીટ્સ અને બેક્ડફુડમાં પણ લેક્ટોજ હોય છે પરંતુ તેમાં આનુ પ્રમાણ ઓછુ હોય છે. કેટલાક તબીબો બાળકોને દુધ ન આપવા માટેની સલાહ આપે છે. કારણ કે તેમના પેટમાં આને લઈને દુખાવો રહે છે. દુધના સંબંધમાં કહેવામાં આવે છે કે ક્યારે પણ ખાટી ચીજોની સાથે દુધનો ઉપયોગ કરવો જોઈએ નહીં. ભોજનના બે કલાક પહેલા દુધ પીવાથી સ્કીન સંબંધિત રોગ થાય છે. ફેટ ફ્રી દુધ ડાયાબિટીસ, બ્લડ પ્રેશરઅને હાર્ટ સંબંધિત દર્દીઓ માટે ખુબ ઉપયોગી સાબિત થાય છે. વજનને ઘટાડી દેવામાં પણ ખુબ મદદરૂપ થાય છે. હાલમાં કરવામાં આવેલા અભ્યાસમાં પણ આ બાબત સાબિત થઈ ચુકી છે.

પુરતી નિંદ ન લેવા અને ભોજન પર ધ્યાન ન આપવાથી વજન વધે છે

વેટ લોસ : આ ભુલથી વજન વધે છે

મોટા ભાગની મહિલાઓ વજન ઘટાડી દેવા માટે સૌથી પહેલા ભોજનનુ પ્રમાણ ઘટાડી દે છે. પરંતુ વજન ઘટાડી દેવા માટે જો યોગ્ય તરીકા અંગે માહિતી નથી તો વજન ઘટાડી દેવા માટેની બાબત સરળ નથી. કેટલાક મામલામાં ખાવાપીવા સાથે જોડાયેલા ભ્રમ પણ વજન વધારી દેવા માટેનુ એઓક કારણ તરીકે રહે છે. તેમને દુર કરવામાં આવે તે જરૂરી છે. વજન ઘટાડી દેવા માટે સામાન્ય રીતે મહિલાઓ કેટલીક ભુલો કરી બેસે છે જે યોગ્ય નથી. જાણકાર લોકો અને નિષ્ણાંત તબીબો પણ કહે છે કે દરેક વ્યક્તિ માટે પ્રોટીનનો ઉપયોગ ખુબ જ જરૂરી છે. તે અમારા શરીરમાં સ્નાયુ અને માંસપેશિયાઓના વિકાસમાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. પ્રોટીનની કમી થવાની સ્થિતીમાં માંસપેશિઓ નબળી પડી જાય છે. સામાન્ય રીતે જોવામાં આવે છે કે મહિલાઓ પોતાના ડાઈટમાં પ્રોટીનનો ઉપયોગ નહીંવત કરે છે. નિષ્ણાંતો કહે છે કે જો મહિલાઓ વજનને ઘટાડી દેવા માટે ઈચ્છુક છે તો પ્રોટીનનો ઉપયોગ ચોક્કસપણે કરવાની જરૂર છે. જો કે વધારે પ્રમાણમાં પ્રોટીન લેવા માટેની કોઈ સલાહ આપવામાં આવી રહી નથી. શુગર એક કાર્બોહાઈડ્રેટ છે. શુગર આપના શરીરમાં વજનમાં વધારો કરે છે. તે વજન ઘટાડી દેવા માટે અડચણો ઉભી કરી શકે છે. કાર્બોનેટેડ પાણી, ફ્રુટ, ડ્રિન્કસ અને બિયર જેવા શુગર ડ્રિક્સથી હવે બચવાની જરૂર છે. આના કારણે વજનને ઘટાડી દેવામાં મદદ મળે છે. આ ઉપરાંત ફ્રુટ જ્યુસ પણ શરીર માટે લાભકારક સાબિત થાય છે. પુરતા પ્રમાણમાં જે લોકો ઉંઘ લેતા નથી તેમને પણ વજન વધી જવાનો ખતરો રહે છે. તેના કારણે શરીર પર ખરાબ અસર થાય છે. કેટલીક મહિલાઓ ઘર અને બહાર વધારે પડતા કામ કરવાના કારણે પુરતા પ્રમાણમાં ઉંઘ લઈ શકતી નથી. પુરતા પ્રમાણમાં ઉંઘ લેવાના કારણે વ્યક્તિ હમેંશા સ્વસ્થ રહે છે અને સાથે સાથે મેટાબોલિઝમ યોગ્ય રીતે કામ કરે છે. આના કારણે વજનને



સુગર એક કાર્બોહાઈડ્રેટ છે જે વજનને વધારી દેવામાં ભૂમિકા અદા કરે છે : એક જ પ્રકારની કસરત પણ આદર્શ સાબિત થઈ રહી નથી

કાબુમાં લેવામાં મદદ મળે છે. જાણકાર નિષ્ણાંતો કહે છે કે દરરોજ ઓછામાં ઓછા આઠ કલાકની ઉંઘ લેવાની સ્થિતીમાં ચોક્કસપણ ફાયદો થાય છે. મોટી સંખ્યામાં મહિલાઓ ફળફળાદી ખાવાથી બચે છે. કારણ કે તેમનુ માનવુ છે કે તેમાં શુગરનુ પ્રમાણ વધારે હોય છે. ફળમાં રહેલા શુગર બહાર તૈયાર કરવામાં આવતા શુગર કરતા બિલકુલ અલગ છે તે બાબત સમજી લેવાની જરૂર છે. તે અમારા શરીરમાં જુદી જુદી રીતે કામ કરે છે. ફળ પૌષક તત્વોથી ભરપુર હોય છે. જે સંપૂર્ણ આરોગ્ય માટે ખુબ જરૂરી હોય છે. તેમાં કોલેસ્ટ્રોલનુ પ્રમાણ હોતુ નથી. જેથી મહિલાઓને પણ ફળોનો ઉપયોગ ચોક્કસપણે કરવાની જરૂર હોય છે. તે કેન્સર, સ્ટ્રોક, ટાઈપ-૨ ડાયાબિટીસ અને સ્થુળતા જેવી તકલીફને રોકવામાં અને તેની સામે લડવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરે છે. વધારે નહીં તો પણ થોડીક બાબતો પર પણ ધ્યાન આપવામાં આવે તો વજનને નિયંત્રિત કરવામાં ચાવીરૂપ ભૂમિકા અદા કરી શકાય છે. સામાન્ય રીતે જોવામાં આવે છે કે મહિલાઓ જે કઈ ચીજો ખાય છે તેના પર નજર રાખતી નથી. જો મહિલાઓ તેમના વજનને નિયંત્રિત કરવા માંગે છે તો ભોજનના પ્રમાણમાં નજર રાખવાની જરૂર હોય છે. ભોજન પર નજર નહી રાખવાની સ્થિતીમાં વધારે પ્રમાણમાં કેલોરીનો ઉપયોગ કેટલીક વખત થઈ જાય છે. બીજી બાજુ ઓછા પ્રમાણમાં કેલોરી લેવાની બાબત પણ યોગ્ય નથછી. ખુબ વધારે પ્રમાણમાં કેલોરી ખાવાથી વજન ઘટાડી દેવામાં ક્યારેય મદદ મળશે નહી. ઓછા પ્રમાણમાં કેલૌરી ખાવાની સ્થિતીમાં વધારે ભુખ લાગે છે. તેના કારણે માંસપેશિયાઓને નુકસાન થાય છે. આના કારણે મેટાબોલિઝમ ધીમુ થઈ શકે છે.પુરતા પ્રમાણમાં ઉંઘ સૌથી મહત્વપૂર્ણ બાબત છે. પુરતા પ્રમાણમાં ઉંઘ ન લેવાના કારણે વજન ઘટતુ નથી. રાત્રી ગાળામાં આઠ કલાકથી વધુની ઉંઘ સ્લીમ રાખવામાં મદદરૂપ બની શકે છે. ૮ કલાકથી વધુની ઊંઘ વજન વધવાથી પણ રોકી શકે છે. નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે રાત્રી ગાળામાં નવ કલાકથી વધુની ઊંઘ વજન વધારવા તરફ દોરી જનાર જિનેટીક પરિબળોને દૂર રાખે છે. આની બિલકુલ વિરુદ્ધમાં ખૂબ ઓછી ઊંઘની માઠી અસર થાય છે. અગાઉના સંશોધનમાં પણ જણાવવામાં આવી ચૂક્યું છે કે ઓછી ઊંઘ અને સ્થૂળતા વચ્ચે સીધા સંબંધો રહેલા છે પરંતુ નવા તારણોથી સ્પષ્ટ થાય છે કે ઊંઘ અને જિનેટિક પરિબળો વચ્ચે શરીરના વજન વધવા સાથે સીધા સંધ રહેલા છે. બેવડા અભ્યાસમાં આ વાત સાબિત થઈ ચૂકી છે. ૧૦૮૮ લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસ બાદ નવા તારણો જાણવા મળ્યા છે.

ઈટ વેલ : કાચી શાકભાજીને ડાઈટમાં સામેલ કરવાની હવે ફેશન

ભોજનમાં કાચી શાકભાજીનો ક્રેઝ

આધુનિક સમયમાં લોકો ફિટનેસ અને આરોગ્યને લઈને વધારે જાગરૂક બની રહ્યા છે. પોતાની ડાઈટમાં માત્ર કાચા ભોજનને સામેલ કરવાની બાબત હાલના સમયમાં એક પ્રકારથી ફેશન બની ગઈ છે. કાચી ચીજો વધારે પ્રમાણમાં કેટલાક લોકો ઉપયોગ કરે છે. જેમ કે કાચી શાકભાજી અને કાચા ફળ પણ ખાવાનો ક્રેઝ હાલમાં જોવા મળે છે. જો કે નિષ્ણાંત લોકોનુ કહેવુ છે કે કાચા ભોજનથી કેટલીક વખત શરીર પર વિપરિત અસર પણ કરે છે. જેથી ભોજનમાં માત્ર કાચી ચીજ વસ્તુઓનો ઉપયોગ કરતા પહેલા કેટલાક નિષ્ણાતોનો અભિપ્રાય લેવામાં આવે તે જરૂરી છે. જાણકાર તબીબો અને ડાયટના મામલે નિષ્ણાંત તબીબો કહે છે કે ડાઈટમાં કાચી ચીજ વસ્તુઓને સામેલ કરવાની બાબત હવે ફેશન સમાન છે. કાચી ચીજ વસ્તુઓ ખાવાના ફાયદા તો ચોક્કસપણે કેટલાક રહેલા છે. જેમાં વધારે પ્રમાણમાં પૌષક તત્વ મળવા, શરીરના ડિટોક્સિંગ થવાની બાબત, એલર્જીને દુર કરવાની બાબત, ઉર્જા વધારી દેવાની બાબત, યાદશક્તિને વધારી દેવાની બાબત, બ્લડપ્રેશર પર કાબુ મેળવી લેવાની બાબત, ડાયાબિટીસ પર અંકુશ જેવી બાબતો સામેલ છે. કાચા ભોજનથી વજન પણ ઘટી શકે છે. કારણ કે તેમાં કેલોરી સોડિયમનુ પ્રમાણ ઓછુ હોય છે. ફાયબરનુ પ્રમાણ વધારે હોય છે. તે શરીરને ક્ષારીય પણ બનાવે છે. જેના કારણે એસિડિટી ઓછી થાય છે. સોજા પણ ઘટી જાય છે. જો કે આ તમામ બાબતો અમારી પેકેજડ ફુડ પર આધાર રાખે છે. અમે બ્રેડ, બોટલમાં બંધ સામગ્રી અને ચિપ્સ,પનીર, રિફાઈન્ડ તેલ જેવા ભોજનથી દુર રહેવા માટેના પ્રયાસ કરીએ છીએ. આ તમામ પ્રકારની રાહત અને ફાયદા કાચા ભોજનથી ચોક્કસપણે મળે છે. જો કે માત્ર કાચા ભોજનને ડાઈટમાં



નિષ્ણાંતોના કહેવા મુજબ પૂર્ણ રીતે કાચી ચીજો ખાવા પર નિર્ભર રહેવાની કોઈ જરૂર નથી : દિવસમાં બે કાચા ફળથી ભોજનનો હિસ્સો મળે છે

સામેલ કરવાથી વિપરિત અસર પણ થઈ શકે છે.જેના પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી છે. કાચા ભોજન પર આધાર રાખનાર લોકો સામે સૌથી મોટો પડકાર એ છે કે તેમને પુરતા પ્રમાણમાં પ્રોટીન, વિટામિન બી૧૨ અને આયરન જેવા પોષક તત્વો મળી શકતા નથી. આ પૌષક તત્વો સામાન્ય રીતે એ ચીજોમાં જોવા મળે છે જે ખાદ્ય પદાર્થો હોય છે. જેમ કે બીન્સ, પૂર્ણ અનાજ અને હળવા પ્રોટીનનો સમાવેશ થાય છે. આવી સ્થિતીમાં અનેક ચીજોથી વંચિત રહી શકીએ છીએ. આને પૂર્ણ કરવા માટે અનેક પ્રકારના વિટામિન સપ્લીમેન્ટસ લેવાની જરૂર હોય છે. સામાન્ય રીતે એવી ધારણા પણ હોય છે કે તમે જ્યારે ભોજન બનાવો છો ત્યારે તેના પૌષક તત્વો અને કુદરતી એન્જાઈમ નષ્ટ થઈ જાય છે. આ ધારણા આંશિક રીતે જ સાચી છે. કેટલાક વિટામિન તો એ જ વખતે સક્રિય થાય છે જ્યારે તેમને બનાવવામાં આવે છે. જ્યારે કેટલક ચીજો એવી છે જે કાચી વધારે ઉપલબ્ધ છે. પૌષક તત્વોથી ભરપુર પાલકમાં ખુબ વધારે પ્રમાણમાં લ્યુટિન હોય છે .આને પકવી લેવાથી શરીરને આને પચાવી લેવામાં મદદ મળે છે. ટામેટામાં લાઈકોપીન ખરેખર ભોજન પકવતી વેળા વધારે ઉપલબ્ધ રહે છે. કેટલીક શાકભાજી જેમ કે ફુલાવર, બ્રોકલીનો સમાવેશ થાય છે. સરસોના શાકમાં પણ યૌગિક હોય છે. જેને વધારે પ્રમાણમાં ખાવાથી થાઈરાઈજ ફક્શન બંધ થઈ જાય છે. કેટલીક શોધથી એવુ જાણવા મળ્યુ છે કે પકવી લીધા બાદ મરચા અને પૌષક તત્વો વધી જાય છે. કેટલાક ખાદ્ય પદાર્થો પકવી લીધા બાદ વધારે ઉપયોગી બની જાય છે. કારણ કે તેમાં રેશાની ચીજ તુટી જાય છે. જેથી પાચનમાં સરળતા રહે છે. જે લોકોના પાચનતંત્ર સવંદેનશીલ છે અથવા તો અલ્સરેટિવ કોલાઈટિસ જેવા આંતરડાના સોજાના રોગથી ગ્રસ્ત છે તે લોકો માટે ભોજનને પકવીને ખાવાની બાબત સારા વિકલ્પ તરીકે છે. ચીની માન્યતા મુજબ કાચી ચીજો ખાવાથી કેટલીક સમસ્યા આવી શકે છે. જેના કારણે સુસ્તી, પાચનની તકલીફ અને પાંચન સંબંધિત અનેક કેટલાક રોગ થઈ શકે છે. ભોજનને પકવીને ખાવાથી કેટલાક રોગથી બચી શકાય છે. જો તમે માત્ર કાચા ભોજનનો ઉપયોગ કરી રહ્યા છો અને આપની રોગપ્રતિકારક ક્ષમતા ઓછી છે તો આપને ફુડ પોઈઝનિંગનો ખતરો અનેક ગણો વધી જાય છે.

મહિલામાં ૩ પૈકી એકને હાર્ટની બિમારીનો ખતરો

બે પૈકી એકને એટેકનો ભય

આધુનિક સમયમાં ભાગદોડની લાઈફમાં અનેક બિમારીનો ખતરો પણ સતત વધતો રહે છે. જાણકાર તબીબો પહેલાથી કહેતા આવ્યા છે કે ૪૦ વર્ષની વય બાદ નિયમિત રીતે તબીબની ચકાસણી કરવાની જરૂર હોય છે. લોકો ભાગદોડની લાઈફમાં આ તમામ બાબતો પર ધ્યાન આપતા નથી. તાજેતરમાં કરવામાં આવેલા નવા અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ૪૦ વર્ષની વયને પાર કરી ગયા બાદ દર બે પુરૂષો પૈકી એકને હાર્ટની તકલીફ થવાનો ખતરો વધી ગયો છે. સાથે સાથે પિતા પાસેથી પુત્રને મળનાર વાઈ ક્રોમોઝોમ દ્વારા પુત્રને હાર્ટની બિમારી હોઈ શકે છે. ત્રણ હજારથી વધારે પુરૂષોના ડીએનએના અભ્યાસના આધારે આ તારણ આપવામાં આવ્યા છે. વૈજ્ઞાનિકોને એવુ જાણવા મળ્યું છે કે પિતામાં એક ખાસ પ્રકારના વાઈ ક્રોમોઝોમ હોય છે. જે હાર્ટની બિમારીના ખતરાને ૫૦ ટકા સુધી વધારી છે. દુનિયામાં સૌથી પ્રતિષ્ઠિત મેગેઝિન પૈકી એક ધ લોસેન્ટમાં પ્રકાશિત અહેવાલમાં ધડાકો કરવામાં આવ્યો છે કે બ્રિટનમાં દરેક પાંચ પૈકી એક પુરૂષમાં ખાસ ક્રોમોઝોમ રહે છે. જે હાર્ટની બિમારી થવાના બીજા કારણોને વધારે છે. શરીરમાં કોલેસ્ટ્રોલ વધારવાનું પણ કામ કરે છે. નિષ્ણાંતોના જણાવ્યા મુજબ સામાન્ય રીતે પુરૂષોને હાર્ટની બિમારી મહિલાઓની સરખામણીમાં દસ વર્ષ પહેલા થઈ જાય છે. ૪૦ વર્ષની વયમાં બે પુરૂષો પૈકી એકમાં હાર્ટની બિમારી થવાનો ખતરો રહે છે. જ્યારે મહિલાઓમાં ત્રણ પૈકી એક મહિલાઓને હાર્ટની બિમારી થવાનો ખતરો રહે છે. અસ્ત વ્યસ્ત લાઈફ સ્ટાઈલ અને બ્લડપ્રેશરના કારણે પણ હાર્ટની તકલીફ થઈ શકે છે. પરંતુ નવા અભ્યાસમાં જાણવા મળ્યું છે કે વાઈ ક્રોમોઝોમ આના માટે મુખ્ય કારણ છે. આના કારણે બ્રિટનમાં દર વર્ષે હજારો પુરૂષોના મોત થઈ જાય છે. યુનિવર્સિટી ઓફ લિસેસ્ટરના ડોક્ટર મૈકીજની ટીમે ત્રણ હજારથી વધારે એવા બ્રિટીશ લોકોને ધ્યાનમાં લીધા જે લોકો વચ્ચે બ્લડ રિલેશન ન હતા. આ લોકોને આવરી લઈને કરવામાં આવેલા અભ્યાસમાં જાણવા મળ્યું કે ૯૦ ટકા પુરૂષોમાં વાઈ ક્રોમોઝોમના બે રૂપ પૈકી એક છે. તાજેતરના સમયમાં જુદી જુદી લાઈફ સ્ટાઈલના કારણે નાની વયમાં પણ હાર્ટની જુદી જુદી બિમારીઓ ઘર કરવા લાગી ગઈ છે. હાર્ટ ઉપરાંત અન્ય તકલીફો પણ વધી રહી છે તેવા સમયમાં અભ્યાસના આ તારણ ચિંતા ઉપજાવે તેવા છે.

ચાર વર્ષથી ધમધમતું કુટણખાનું ઝડપાયું: ૧૩ મહિલાઓને મુક્ત કરાવી, ૭ની ધરપકડ

અમદાવાદ

ઓઢવમાં આવેલા સરણીયાવાસમાંથી ઓઢવ પોલીસે કુટણખાનું ઝડપી પાડ્યું છે. છેલ્લા ચાર-પાંચ વર્ષથી બે મહિલા દલાલ વાસમાં અલગ અલગ રૂમો અને છાપરાંઓમાં બહારથી મહિલાઓને લાવી અને તેઓ પાસે દેહવ્યાપાર કરાવતી હતી. પોલીસે બે મહિલા દલાલ અને પાંચ ગ્રાહકની ધરપકડ કરી છે. તેમજ ૧૩ મહિલાઓને મુક્ત કરાવી હતી.

ઓઢવ પોલીસને બાતમી મળી હતી કે સરણીયાવાસમાં ધનીબહેન સરણીયા અને લક્ષ્મીબહેન સરણીયા નામની બે મહિલા દલાલ અલગ અલગ રૂમો અને છાપરાંઓમાં દેહવ્યાપાર ચલાવે છે. જેના આધારે પોલીસે સરણીયાવાસમાં દરોડો પડ્યો હતો. પોલીસને ત્યાંની અલગ અલગ ચાર રૂમ અને પાંચ છાપરાંઓમાંથી કુલ ૧૩ જેટલી મહિલાઓ મળી આવી હતી. તેમજ પાંચ જેટલા ગ્રાહકો મળી આવ્યા હતા. પોલીસે મહિલાઓની પુછપરછ કરતા મહિલા દલાલ ધનીબહેન સરણીયા અને લક્ષ્મીબહેન સરણીયા છેલ્લા ચાર-પાંચ વર્ષથી ત્યાં જ રહેવાની વ્યવસ્થા કરી અને તેઓ પાસે દેહવ્યાપાર કરાવે છે જેના બદલામાં તેઓને રૂપિયા આપે છે. પોલીસે કુલ સાત લોકોની ધરપકડ કરી છે.

સેલ્ફી લેવા જતા યુવતી નદીમાં પડી, ફાયર બ્રિગેડની ટીમે બચાવી

અમદાવાદ

સાબરમતી નદીમાં સેલ્ફી લેવા જતા યુવતી નદીમાં પડી ગઈ હતી. ફાયર બ્રિગેડની ટીમે તાત્કાલિક પહોંચી યુવતીને બચાવી લીધી હતી. બપોરે ૩થી ૮ યુવક યુવતીઓનું ગ્રૂપ વલ્લભસદન બોટીંગ સ્ટેશન પાસે રિવરફ્રન્ટ વોકવે પર ફરતા હતા.

આ ગ્રૂપ પાળી પર ચડી સેલ્ફી લેતા હતા દરમ્યાનમાં ધરા રામી નામની એક યુવતી સેલ્ફી લેવા જતા નદીમાં પડી ગઈ હતી. બુમાબુમ કરતા નજીકમાં બોટીંગ અને ફાયરના જવાનો દોડી આવ્યા હતા. તેઓ તાત્કાલિક ત્યાં પહોંચી ગયા હતા અને યુવતીને બચાવી લીધી હતી. હાલમાં યુવતીને સાબરમતી રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશનમાં લઈ જવાઈ છે.

વર્ષ ૨૦૧૮માં શહેરમાં ૯૮ અને વર્ષ ૨૦૧૯માં ૮૦ હત્યાઓ થઈ

અમદાવાદમાં દર મહિને લગભગ ૭ હત્યા, છેલ્લા બે વર્ષમાં ૮૩૩ અપહરણ

અમદાવાદ

શહેરની ગુનાખોરી અંગે આજે પોલીસ કમિશનર આશિષ ભાટિયાએ પ્રેસ કોન્ફરન્સ કરી વર્ષ ૨૦૧૮ના આંકડાઓ રજૂ કરી ૨૦૧૯માં ગુનાખોરીમાં ઘટાડો નોંધાયો હોવાનો દાવો કર્યો હતો. પોલીસ કમિશનર મુજબ શહેરમાં વર્ષ ૨૦૧૮માં શહેરમાં ૯૮ હત્યા થઈ હતી જે વર્ષ ૨૦૧૯માં ઘટીને ૮૦ રહી છે. પરંતુ છેલ્લા ૨૪ મહિનમાં શહેરમાં થયેલી હત્યાનો સરવાળો ૧૭૮એ પહોંચ્યો છે. આમ શહેરમાં દર મહિને લગભગ ૭ હત્યા થઈ રહી છે અને પોલીસ ગુનાખોરીમાં ઘટાડો હોવાનો દાવો કરી રહી છે. જ્યારે વર્ષ ૨૦૧૮માં ૪૨૧ અને ૨૦૧૯માં ૪૧૨ અપહરણની ઘટનાઓ બની છે. આમ બે વર્ષમાં કુલ ૮૩૩ અપહરણ થયા છે.

શહેર પોલીસ કમિશનર મુજબ, સૌથી વધુ બુટલેગરોને પાસા કર્યા છે. તેમજ વ્યાજખોરો સામે પાસા અને તડીપારની કાર્યવાહી કરવામાં આવશે. તેની સાથે સાથે તેઓ મનીલોન્ડરિંગમાં સંડોવાયેલા છે કે કેમ તેની તપાસ કરવામાં આવશે. વ્યાજખોરો સામે ગુના નોંધવા જણાવ્યું છે. જ્યારે વર્ષ ૨૦૧૮માં ૧૨૬૦ લોકો સામે પાસાના હુકમ કરવામાં આવ્યા હતા, જે વર્ષ ૨૦૧૯માં વધીને ૧૫૧૮એ પહોંચ્યા છે.

અમદાવાદ શહેરમાં અત્યાર સુધીમાં ૫૨ પોલીસ સ્ટેશનમાં ૬૮૦ સિનિયર સિટીઝનની નોંધ થઈ છે. તેમજ ૫૦૦૦ સિનિયર સિટીઝનની નોંધ કરવાનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. તેમને કોઈપણ તકલીફ હશે તો SHE ટીમ અથવા સ્થાનિક પોલીસ મદદ કરશે. ૬૫ વર્ષથી ઉપર હોય અથવા ઉંમરલાયક પતિ પત્ની એકલા રહેતા હોય તેવા સિનિયર સિટીઝનમાં ગણવામાં આવ્યા છે. પશ્ચિમ વિસ્તારમાં સૌથી વધુ સિનિયર સિટીઝન છે તેઓની નોંધણી કરાવવામાં આવશે. ફ્લેટ માલિકો અને દુકાનદારોને સીસીટીવી કેમેરા લગાવવા માટે કહ્યું છે. સુરક્ષા સેતુ અંતર્ગત તેઓને કેટલીક મદદ પણ કરવામાં આવશે જેની જીઝ્ઈ ટીમ માહિતી આપે છે.

છેલ્લા બે વર્ષમાં શહેરમાં નોંધાયેલા ગુનાની વિગત

ગુનો	૨૦૧૯	૨૦૧૮	કુલ
હત્યા	૮૦	૯૮	૧૭૮
ધાડ	૪૧	૫૨	૯૩
ઘરફોડ	૫૨૮	૫૫૩	૧૦૮૧
રાયોટિંગ	૧૩૮	૧૮૮	૩૨૬
અપહરણ	૪૧૨	૪૨૧	૮૩૩

દીપડાના આતંકથી એમએલએ રીબડીયાએ બંદુક ઉઠાવતા જાણવા જોગ ફરિયાદ નોંધાઈ

બગસરા

બગસરા પંથકમાં માનવભક્ષી દીપડાએ આતંક મચાવ્યો હતો. ત્યારે વિસાવદરના કોંગ્રેસના ધારાસભ્ય હર્ષદ રીબડીયા બગસરા હોસ્પિટલે બંદુક સાથે આવ્યા હતા. આ વીડિયો સોશિયલ મીડિયામાં બહુ વાઇરલ થયો હતો. ૭ ડિસેમ્બરના રોજ રીબડીયા બંદુક સાથે હોસ્પિટલ આવ્યા હતા. તેમની પાસે રહેલું હથિયાર લાયસન્સવાળું છે કે લાયસન્સ વગરનું આ સવાલને લઈને લોકોમાં ભય ફેલાયો છે. આથી બગસરા પોલીસે તેમના વિરૂદ્ધ જાણવા જોગ ફરિયાદ દાખલ કરી તપાસ હાથ ધરી છે.

ધારાસભ્ય રીબડીયા વિરૂદ્ધ પોલીસ તપાસ કરવામાં આવશે. કોંગ્રેસના ધારાસભ્ય અને ખેડૂત નેતા વિરૂદ્ધ ફરિયાદ નોંધાતા રાજકારણ ગરમાયું છે. ૨ દિવસ પહેલા રાજુલાના કોંગ્રેસના ધારાસભ્ય અંબરીશ ડેર વિરૂદ્ધ પણ વાઇરલ વીડિયોને લઈને જાણવા જોગ ફરિયાદ નોંધવામાં આવી હતી.

બગસરા પોલીસ સ્ટેશનમાં રીબડીયા વિરૂદ્ધ ફરિયાદ નોંધાઈ છે તે આ મુજબ છે. જેમાં જણાવ્યું છે કે, આ કામે હર્ષદભાઈ રીબડીયા વિસાવદરના ધારાસભ્ય હોય ગત ૭ ડિસેમ્બરના રોજ બગસરા સરકારી હોસ્પિટલે જાહેરમાં પોતાની પાસે બારોબાર હથિયાર રાખી બગસરા, ધારી, વિસાવદર, જૂનાગઢ તાલુકા વિસ્તારમાં માનવભક્ષી દીપડાએ ૧૭ જેટલા લોકોને ફાડી ખાધા હતા. તેમજ ઘણા માણસોને ઈજા પહોંચાડી હતી. જે દીપડાને જંગલખાતું પકડશે નહીં તો અમારે નાછૂટકે પ્રજાના પ્રતિનિધિ તરીકે દીપડાને ઠાર મારવો પડશે તેવું વીડિયોમાં બોલે છે. આ વીડિયો સોશિયલ મીડિયામાં વાઇરલ થતા પોતાની પાસે રાખેલ હથિયાર કાયદેસર છે કે કેમ તેમજ વીડિયોથી લોકોમાં ભયનો માહોલ ફેલાય છે. આથી તેના વિરૂદ્ધ તપાસ હાથ ધરાઈ છે.

ડુંગળીના ભાવો ૨ જ દિવસમાં ૫૦ ટકા ઘટી જતા ખેડૂતોમાં રોષ

ભાવનગર

ભાવનગર જિલ્લા યાર્ડમાં હાલ આવક ૧ લાખ ગુણીની આસપાસ હોવી જોઈએ પરંતુ હાલ આવક ૧૧ હજાર ગુણીની છે. બે હજાર પહોંચેલા ભાવ એક હજાર આવી જતા ખેડૂતોમાં રોષ ફેલાયો છે. એક મહિનો સરકારે આયાત ના કરી હોત તો ખેડૂતોને ખર્ચના પૈસા મળી શકે. તેમ હતા પરંતુ સરકારે ખેડૂતને દાઝ્યા પર ડામ આપ્યો હોવાનું ખેડૂતો માની રહ્યા છે.

ભાવનગરના યાર્ડમાં ડુંગળીના ભાવો બે દિવસમાં અધધધ ૧૦૦૦ રૂપિયા સુધી ઉતરી જતા ખેડૂતોમાં રોષ ફેલાયો છે. આયાત બાદ પુના મહારાષ્ટ્રની ડુંગળી બજારમાં આવતા ભાવનગરમાં ભાવ નીચા ગયા ત્યારે ખેડૂતોએ સરકાર સામે રોષ ઠાલવ્યો છે. ભાવનગર જિલ્લામાં ડુંગળીના ઓછા ઉત્પાદનને પગલે ૨૦ કિલોના ભાવ રૂપિયા ૨૦૦૦ સુધી પહોંચી ગયા હતા. ખેડૂતોને આશા હતી કે ઉત્પાદન ભલે ઓછું હોય પરંતુ ભાવ ઊંચા મળવાથી ખર્ચ નીકળી જશે. પરંતુ સરકારે આયાત શરૂ કર્યા બાદ મહિના પછી હવે પુના અને મહારાષ્ટ્રની ડુંગળી બજારમાં આવતા ભાવનગરમાં ભાવ નીચા જતા રહ્યા છે.

હાડ થીજવતી ઠંડી વચ્ચે જામનગરમાં ભૂકંપના આંચકાથી લોકોમાં ફફડાટ

જામનગર

જામનગર શહેરમાં વહેલી સવારે ફરી એકવાર ભૂકંપના આંચકા અનુભવાતા લોકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે. સતત ચાર દિવસથી આવતાં ભૂકંપના આંચકાને કારણે સમગ્ર પંથકમાં ભારે ડરનો માહોલ છવાઈ ગયો છે. ભાવનગરમાં સતત ચોથા દિવસે ભૂકંપના હળવા આંચકા અનુભવાયા હતા. રિક્ટર સ્કેલ પર તેની તીવ્રતા ૨.૮ અને ૨.૧ નોંધાઈ હતી. જામનગરમાં સવારે ૬ વાગ્યે પહેલો આચંકો અનુભવાયો હતો. અને ૭.૧૧ વાગ્યે બીજો આચકો અનુભવાયો હતો. આ ભૂકંપની તીવ્રતા રિક્ટર સ્કેલ પર ૨.૮ અને ૨.૧ નોંધાઈ હતી. વહેલી સવારે જ ધરા ધ્રૂજતાં ગુલાબી ઠંડીમાં મસ્ત ઊંઘી રહેલાં લોકો ડરના માર્યા જાગી ગયા હતા અને ઘરની બહાર દોડી આવ્યા હતા. આ ભૂકંપનું કેન્દ્ર બિન્દુ કાલાવાડના બેરાજા અને સરવાણિયા ગામ પાસે નોંધાયું હતું.

ઉલ્લેખનીય છે કે, જામનગરમાં સતત ૪ દિવસથી ભૂકંપના આચંકા અનુભવાતા લોકોમાં ચિંતાનું મોજું ફરી વળ્યું છે. ચાર દિવસની અંદર જામનગરમાં ભૂકંપના સાત હળવા આંચકા અનુભવાયા છે. સતત નોંધાઈ રહેલા ભૂકંપના આંચકાને કારણે લોકોમાં ગભરાટ ફેલાઈ ગયો છે.

છુટાછેડા બાદ પત્ની પતિ પર ઘરેલુ હિંસાનો કેસ ન કરી શકે : હાઈકોર્ટ

અમદાવાદ

ગુજરાત હાઈકોર્ટમાં એક ઘરેલુ હિંસાને લઈને એક કેસની સુનાવણી હાથ ધરવામાં આવી હતી. જે કેસમાં તમામ બારીકાઈથી નિરીક્ષણ કર્યા બાદ ગુજરાત હાઈકોર્ટે પોતાના ચુકાદામાં જણાવ્યું હતું કે, કોઈ પણ પતિ-પત્નીના છુટાછેડા થઈ ગયા બાદ એકબીજા પર કોઈનો હક્ક કે અધિકાર રહેતો નથી, એટલે કે 'છુટાછેડા બાદ પત્ની પતિ પર ઘરેલુ હિંસાનો કેસ ન કરી શકે. હાઈકોર્ટે ભારપૂર્વક જણાવ્યું કે, છુટાછેડા લીધા બાદ પતિ-પત્ની વચ્ચે ઘરેલુ સંબંધ પણ રહેતા નથી. એક પત્ની ઘરેલુ હિંસાના કાયદા હેઠળ પતિ સામે કાર્યવાહી ન કરી શકે, એટલું જ નહીં, પત્ની ઘરેલુ હિંસાના કાયદા હેઠળ ભરણપોષણ પણ માંગી શકે નહીં.

આ વિશે મળતી માહિતી પ્રમાણે, આજે ગુજરાત હાઈકોર્ટમાં ઘરેલુ હિંસાના કાયદાને લગતો મહત્વપૂર્ણ ચુકાદો આપવામાં આવ્યો હતો. જેમાં હાઈકોર્ટે જણાવ્યું હતું કે, છુટાછેડા લીધા પછી પત્ની પતિ પર ઘરેલુ હિંસાનો કોઈ જ પ્રકારનો કેસ કરી શકે નહીં. છુટાછેડા લીધા બાદ ઘરેલુ સંબંધ પણ રહેતા નથી. ઘરેલુ હિંસાના કાયદા હેઠળ પતિ સામે કાર્યવાહી કરી શકાય નહીં.

એટલું જ નહીં અમુક કિસ્સામાં પત્નીઓ કાયદાનો ખોટો ઉપયોગ કરીને પતિ પાસેથી ભરણપોષણ માંગતી હોય છે, ત્યારે હાઈકોર્ટે જણાવ્યું કે, છુટાછેડા લીધા પછી પત્ની ઘરેલુ હિંસાના કાયદાનો આશરો લઈ તે કાયદા હેઠળ ભરણપોષણ કે ઘરમાં હિસ્સો કે અન્ય લાભો માંગી શકે નહીં.

કારે રીક્ષાને અડફેટે લેતા બે લોકોના મોત, બે ઘાયલ

વડોદરા

વડોદરા શહેરના નિઝામપુરા વિસ્તારમાં રાત્રે ૧૧:૩૦ વાગ્યે નવાયાર્ડ તરફથી પૂરપાટ ઝડપે કાર જઇ રહી હતી. તે સમયે ત્યાંથી રીક્ષા પસાર થઇ રહી હતી. પૂરપાટ ઝડપે આવી રહેલી કારને જોઇ જતા રીક્ષાચાલકે બ્રેક મારી હતી. જેથી રીક્ષા પલટી ખાઇ ગઇ હતી. અને કારે રિક્ષાને ટક્કર મારી હતી. જેમાં રીક્ષા ચાલક સહિત બે લોકો ઇજાગ્રસ્ત થયા હતા. અને રીક્ષામાં બેઠેલા ધર્મવીર લાલસિંહ અને સુરજીત સરદારસિંહ નટવરીયા ઘટના સ્થળે જ મોતને ભેટ્યા હતા.

ઘટનાની જાણ થતાં જ ફતેગંજ પોલીસ ઘટના સ્થળે દોડી ગઇ હતી. અને આસપાસના લોકોના ટોળા પણ એકત્ર થઇ ગયા હતા. બંનેના મૃતદેહોને પોલીસે પોસ્ટ મોર્ટમ માટે મોકલી આપ્યા હતા. અને આ મામલે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે. ઘટના સ્થળે પહોંચેલા સ્થાનિક લોકોએ સ્પીડ બ્રેકર ન હોવાથી અકસ્માત થયો હોવાની વાત કરી હતી. અને સ્પીડ બ્રેકર બનાવવાની માંગ કરી હતી. કાર ચાલક કાનસીક અલ્પેશભાઈ શાહ(૨૮) (રહે,, ધર્મ રેસિડેન્સી, સુર્યનગર ગરબા ગ્રાઉન્ડ પાસે, વાઘોડિયા રોડ, વડોદરા)ની ધરપકડ કરી છે.

પોર્ન જોવામાં ભારતીયો અમેરિકા કરતાં પણ આગળ,ત્રીજા નંબરે બ્રાઝિલ

ભારતમાં ૮૯ ટકા લોકો મોબાઈલના માધ્યમથી પોર્ન જોવે છે: રિપોર્ટ

ન્યુ દિલ્હી

જે રીતે દેશમાં સ્માર્ટફોનનો ઉપયોગ વધી રહ્યો છે તે સાથે ફોનમાં પોર્ન જોનારાઓની સંખ્યા પણ ઝડપથી વધી રહી છે. વર્ષ ૨૦૧૯માં સ્માર્ટફોન પર પોર્ન જોવામાં ભારત સૌથી આગળ રહ્યું છે. નવા રિપોર્ટ મુજબ ખુલાસો થયો છે કે ભારતમાં ૨૦૧૯ના વર્ષમાં ૮૯% લોકોએ મોબાઈલ ડિવાઈસના માધ્યમથી પોર્ન જોયું. આ આંકડામાં ૨૦૧૭ની સરખામણીમાં ૩ ટકાનો વધારો થયો છે.

એડલ્ટ ઈન્ટરનેટ સાઈટ પોર્નહબ મુજબ દુનિયાભરમાં ૪માંથી ૩ વ્યક્તિ મોબાઈલ ફોન પર પોર્ન જુએ છે. એટલે કે ડેસ્કટોપ અને લેપટોપ જેવા ડિવાઈસ લોકોની બીજી પસંદ છે. ૨૦૧૯માં વૈશ્વિક સ્તર પર પોર્નહબ ટ્રાફિકનો હિસ્સો ૭૭% પર પહોંચી ગયો, જે એક વર્ષ પહેલા કરતા ૧૦% વધુ છે.

મોબાઈલ ફોન પર પોર્ન જોવાના મામલે અમેરિકા ૮૧ ટકા સાથે બીજા નંબર પર અને ૭૯ ટકા સાથે બ્રાઝીલ ત્રીજા નંબરનો દેશ બન્યો છે. જ્યારે જાપાનમાં ૭૦% લોકો મોબાઈલ ફોનથી પોર્નહબ પહોંચ્યા, જ્યારે UKમાં ૭૪ ટકા લોકોએ મોબાઈલ ફોન પર પોર્ન જોયું.

સસ્તો ડેટા પ્લાન અને મોંઘા સ્માર્ટફોનની કિંમતમાં ઘટાડો થવાના કારણે દેશમાં મોબાઈલ ફોન પર પોર્ન જોનારાઓની સંખ્યામાં વધારો થયો છે. ભારતમાં ૪૫૦ મિલિયન (૪૫,૦૦,૦૦,૦૦૦) કરતા વધારે સ્માર્ટફોન યુઝર્સ છે અને સસ્તા ડેટા પ્લાનના લીધે ફોન પર ઈન્ટરનેટ સર્ફિંગ સરળ બન્યું છે. એન્ડ્રોઈડ કરતા iOS પર પોર્ન જોનારાઓની સંખ્યામાં વધારો થયો છે.

મોબાઈલ એનાલિટિક્સ સાઈટ એપ એની મુજબ, ૧૦૦ સૌથી વધુ ડાઉનલોડ કરાયેલી ફ્રી કે પેઈડ એપ્સમાંથી એક પણ પોર્નોગ્રાફી એપ નથી. એટલે કે પોર્ન જોવા માટે સ્માર્ટફોન યુઝર્સ બ્રાઉઝરનો ઉપયોગ કરે છે.

સીએએના સમર્થનમાં ભાજપા, પીએમને લાખો પોસ્ટકાર્ડ લખવાનું અભિયાન શરૂ કર્યું

અમદાવાદ

હાલ ગુજરાત ભાજપ દ્વારા નાગરિકતા સંશોધન કાયદા અંતર્ગત જનજાગરણ અભિયાન ચલાવવામાં આવી રહ્યું છે. સીએએને લઈ ભાજપના સાંસદો, ધારાસભ્યો અને કાર્યકરોને વિવિધ સંસ્થાઓ પાસે પીએમ મોદીને અભિનંદન આપતા લાખો પોસ્ટકાર્ડ લખવા માટે સૂચના આપવામાં આવી છે. દરેક વોર્ડ સંસ્થા, ઘર, શાળા અને કોલેજોનો સંપર્ક કરી ઓછામાં ઓછા ૧૦ હજાર પોસ્ટ કાર્ડ લખવા માટે કહેવામાં આવ્યું છે. જેના ફોલો અપની જવાબદારી આ અભિયાન માટે નિયુક્ત થયેલા વોર્ડના ઈન્ચાર્જ તેમજ વોર્ડના પ્રમુખ-મહામંત્રી, વોર્ડના પ્રભારી અને વિધાનસભા પ્રભારીની રહેશે. તેની સાથે સાથે ચૂંટાયેલી પાંખ પણ આ ઝૂંબેશમાં મદદરૂપ બની રહી છે.

આ ઉપરાંત ભાજપના ધારાસભ્યો પોતે પણ વડાપ્રધાન મોદીને નાગરિકતા કાયદા મામલે અભિનંદન આપતા પત્રો લખી રહ્યા છે. અત્યાર સુધીમાં નડિયાદના ધારાસભ્ય અને ચીફ વ્હીપ પંકજ દેસાઈથી લઈ નિકોલના ધારાસભ્ય જગદીશ પંચાલ સહિતના ધારાસભ્યો પીએમ મોદીને પોસ્ટકાર્ડ લખી ચૂક્યા છે.

ચાલુ વર્ષે ડિસઈન્વેસ્ટમેન્ટથી ફક્ત ૧૨,૩૫૯ કરોડ એકત્ર થયા!

ચાલુ વર્ષે એર ઈન્ડિયા,ભારત પેટ્રોલિયમની ડિસઈન્વેસ્ટેન્ટ પ્રક્રિયા પૂર્ણ કરવી અસંભવ

ન્યુ દિલ્હી

ચાલુ વર્ષે એર ઈન્ડિયા, ભારત પેટ્રોલિયમ કોર્પોરેશન લિમિટેડ અને કન્ટેનર કોર્પોરેશનની ડિસઈન્વેસ્ટમેન્ટ પ્રક્રિયા પૂર્ણ કરવી કેન્દ્રને અસંભવ લાગી રહી છે. સરકારી અધિકારીના મતે મહત્વના પીએસયુમાં હિસ્સો વેચવાની યોજના ચાલુ નાણાકીય વર્ષમાં પૂર્ણ નહીં થઈ શકવાથી સરકારનું નાણાકીય ગણિત ખોરંભાઈ શકે છે. માર્ચમાં નાણાકીય વર્ષ પુરું થશે અને ત્યાં સુધીમાં ઉપરોક્ત ત્રણેય જાહેર સાહસોમાં ડિસઈન્વેસ્ટમેન્ટની પ્રક્રિયા પૂર્ણ થઈ શકે તેમ નથી. આ એકમોમાં હિસ્સો વેચવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે પરંતુ તેમાં ડગલે ને પગલે કોઈ આકસ્મિક અવરોધ આવતા ડિસઈન્વેસ્ટમેન્ટને આડે અવરોધ ઊભો થઈ રહ્યો હોવાનું ડીપાર્ટમેન્ટ ઓફ ઈન્વેસ્ટમેન્ટ એન્ડ પબ્લિક એસેટ મેનેજમેન્ટ (દીપમ)ના ઉચ્ચ અધિકારીએ જણાવ્યું હતું. કેન્દ્રના મંત્રાલયે ચાલુ વર્ષે ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા રૂ. ૧.૦૫ લાખ કરોડ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે. ડિસઈન્વેસ્ટમેન્ટમાં અસફળતાથી નાણાકીય મોરચે શું અસર થશે તે મામલે અધિકારીએ કોઈ ટિપ્પણી કરી નહતી. કેન્દ્રને બીપીસીએલના ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા જ ૬૦ હજાર કરોડનું ભંડોળ મેળવવાની અપેક્ષા છે પરંતુ ચાલુ નાણા વર્ષમાં તે અસંભવ જણાય છે તેમ અધિકારીએ વધુમાં જણાવ્યું હતું. કેન્દ્ર સરકારે ચાલુ નાણાં વર્ષમાં વિવિધ જાહેર સાહસોમાં ડિસઈન્વેસ્ટમેન્ટ દ્વારા ૧.૦૫ લાખ કરોડનું ભંડોળ એકત્ર કરવાનો લક્ષ્યાંક રાખ્યો છે જેની તુલનાએ અત્યાર સુધીમાં ફક્ત ૧૨,૩૫૯ કરોડ જ એકત્ર થઈ શક્યા છે. બીજીતરફ નાણાકીય ખાધનો લક્ષ્યાંક પણ વટાવી દીધોછેઅને બોન્ડ માર્કેટમાં પણ નકારાત્મક સેન્ટિમેન્ટ જોવા મળેછે. સરકાર બોન્ડ માર્કેટનું સેન્ટિમેન્ટ સુધારવા પણ પ્રયાસ કરી રહી હોવાનું એક અધિકારીએ જણાવ્યું હતું.

તેઓએ હસ્તકલા, જળ વ્યવસ્થાપન, સ્માર્ટ વિલેજ, લોકસેવામાં યોગદાન આપ્યું છે

રાજ્યનું નામ રોશન કરનાર ચાર ગુજરાતીઓનું આજે રાષ્ટ્રપતિના હસ્તે સન્માન કરાશે

ગાંધીનગર

ઉજી જાન્યુઆરીના રોજ રાષ્ટ્રપતિ ૪ ગુજરાતીનું ખાસ સન્માન કરશે અને તેમણે કરેલાં કાર્યો બદલ બિરદાવશે સાથે આગામી દિવસોમાં ગ્રામીણ વિકાસ બાબતે તેમની પાસેથી જાણકારી મેળવશે. જેમાં કચ્છની ૫ હજાર વર્ષ પૌરાણિક અજરખબાટિક હસ્તકલાના જાણતલ ઈસ્માઈલ ખત્રી, જળ વ્યવસ્થાપન સહિતના ક્ષેત્રો ઉમદા કામ કરનાર બિપ્લબ કેતન પોલ (અમદાવાદ), રખડતું ભટકતું જીવન ગુજારતા વંચિતોનાં ઉદ્ધારક મિત્તલ પટેલ (અમદાવાદ, શંખલપુર) તેમજ પુંસરીને શહેરોને પણ ટક્કર મારે તેવું ગામ બનાવી દેશને પ્રથમ મૉડેલ વિલેજ આપનાર હિમાંશુ પટેલ (સાબરકાંઠા)નો સમાવેશ થાય છે.



હિમાંશુ પટેલ (સાબરકાંઠા) સ્માર્ટ વિલેજના સર્જક-પુંસરીને દેશનું પ્રથમ સ્માર્ટ વિલેજ બનાવનાર સરપંચ. વર્ષ ૨૦૦૬માં નાની વયે સરપંચ બની ૨૦૧૩માં ભારતની નંબર ૧ ગ્રામ પંચાયત બનાવી. આ પૂર્વ સરપંચે વિકસાવેલા મોડલ ગ્રામ પર હાલ દેશના ૧૦ હજાર સરપંચો કામ કરી રહ્યા છે. તો છેલ્લા ૩ વર્ષમાં ૨ લાખથી વધુ લોકો તેમની મુલાકાત લઈ ચૂક્યા છે. હિમાંશુ પટેલના આ સફળ કામને ધ્યાને લઇ ભારત સરકારના કુપોષણ મુક્ત ભારતના પ્રોજેક્ટ માટે ચીફ એક્ઝિક્યુટિવ ઓફિસર તરીકે નિમણૂંક કરાઇ છે.

વંચિતોના વણોતર મિત્તલ પટેલ-મહેસાણાના શંખલપુર ગામમાં ઉછરેલી ખેડૂત પુત્રી અહીંની જ શાળામાં ભણી ગણી અને કલેકટર બનવાનાં સપના સાથે અમદાવાદ આવી. અભ્યાસના ભાગરૂપે અચાનક લોકસેવાના ક્ષેત્રમાં પહોંચી ગયાં. કલેક્ટર બનવાનું સપનું છોડી સરનામાં વગરનાં, રખડતું ભટકતું જીવન જીવતાં હજારો પરિવારોને સરનામું અપાવ્યું. દેહવિક્રયના વમળમાં ખૂંપેલી વાડિયાની અનેક મહિલાઓને ઉગારી. રાષ્ટ્રપતિના હસ્તે નારીશક્તિ પુરસ્કાર સહિત અનેક સન્માન મેળવી ચૂક્યાં છે.

પાણીદાર માણસ બિપ્લબ કેતન પોલ - ઉત્તર ગુજરાતના સૂકા પ્રદેશમાં જળ વ્યવસ્થાપન ક્ષેત્રે અદ્વિતીય કામગીરી કરી છે. તેમણે વિકસાવેલી 'ભૂંગરું' નામની ટેકનિક પાણી રિચાર્જ માટે શ્રેષ્ઠ વ્યવસ્થા છે. દુષ્કાળની સ્થિતિ પણ ભૂંગરું દ્વારા સંગ્રહિત પાણીથી ખેડૂતો વર્ષે બે પાક મેળવે છે. પાટણ જિલ્લાના પાંચ ગામોમાં સૌપ્રથમ ભૂંગરું બનાવ્યા હતા. એક ભૂંગરું ૧૫ એકર જમીનની સિંચાઈની જરૂરિયાત પૂરી કરે છે, જે વર્ષમાં બે વાર જમીનને ઉત્પાદક બનાવે છે.

હસ્તકલાનો જાણતલ કચ્છીમાંડું ઈસ્માઈલ ખત્રી-ભૂજથી ૧૦ કિમીના અંતરે આવેલા અજરખપુર ગામના અભણ એવા ઈસ્માઈલ ખત્રી ૫૦૦૦ વર્ષ જૂની અજરખબાટિક હસ્તકલા આજે પણ રખોપી રહ્યા છે. અજરખબાટિક હસ્તકલાનો વિશ્વમાં ફેલાવનાર ઈસ્માઈલ ખત્રીને યુકેની ડી મોન્ટફોર્ટ યુનિ.એ ૨૦૦૨માં ખાસ લંડન બોલાવી ડૉક્ટરેટની પદવીથી સન્માનિત કર્યા હતા. યુનેસ્કો દ્વારા સીલ ઓફ એક્સેલન્સ એવોર્ડથી નવાજાયા હતા. અજરખ બ્લોક પ્રિન્ટીંગના તેઓ અચ્છા કારીગર છે.

કેનાલ ઓવરફ્લો થતાં ૭૦૦થી વધુ વિઘા જમીન પર પાણી ફરી વળ્યું, રવિ પાકોને નુકસાન

અમદાવાદ

વિરમગામ તાલુકાના છેવાડે આવેલા સુરજગઢ-થુલેટા સહિતના ગામોની સીમમાં કેનાલ ઓવરફ્લો થતાં સીમમાં રહેલા ઊભા પાકમાં પાણી ફરી વળતાં ખેડૂતોને નુકસાની વેઠવાનો વારો આવ્યો હતો. વારંવાર કેનાલો તૂટી જવાના કારણે પાણી ખેતરોમાં પાણી ઊભા પાકમાં ફરી વળે છે. ઘઉં, જીરું સહિત રવી પાકોને ભારે નુકસાન થાય છે. સુરજગઢ-થુલેટા વિસ્તારના પાકો નિષ્ફળ જવાના ખેડૂતો પાયમાલ થઈ જશે. હજુ પણ ખેતરોમાં પાણી ભરાયેલા છે ત્યારે ખેડૂતો હાલ ચિંતિત છે.



આ તાલુકામાં ફતેવાડી કેનાલથી ખેડૂતોને સિંચાઈ માટેનું પાણી આપવામાં આવી રહ્યું છે. ત્યારે તંત્રની બેદરકારીને કારણે ખેડૂતોનો રવિપાક બરબાદ થઈ ગયો છે. સતત ત્રીજા દિવસે પણ ખેતરોમાં પાણી આવવાનું બંધ થયુ નથી. બીજી તરફ આ ખેડૂતોની કફોડી હાલત જોવા માટે પણ કોઇ અધિકારીઓ આવ્યાં પણ નથી. કેનાલમાંથી પાણી ઓવરફ્લો થતા થુલેટા, સૂરજગઢ, સહિતનાં ગામોના ખેતરોમાં કેનાલના પાણી ઘુસી જતા સર્વત્ર જળબંબાકારની સ્થિતિ જોવા મળી રહી છે. આશરે ૭૦૦થી વધારે વિઘામાં રવિપાકને નુકસાન થતા ખેડૂતોને રોવાનો વારો આવ્યો છે. ત્યારે ખેડૂતોની માંગણી છે કે, સરકાર અમારી સામે જુએ અને અમને જે નુકસાન થયું છે તેનું વળતર આપે.

આ અંગે જ્યારે ખેડૂતો સાથે વાત કરી ત્યારે તેમણે પોતાની આપવીતિ જણાવતા કહ્યું કે, 'આ પાણી ત્રણ દિવસથી આવે છે. ધોડાગામમાં પાણીનું કામ ચાલે છે. તો એ લોકોએ અમારી સીમનાં સીમાડે કાંચો કાંસ નાંખ્યો છે. એ કાંસ નાંખવામાં તેમણે થોડી ભૂલ કરી છે. તેમણે એક બાજુ જ પાળુ બનાવ્યું છે. આ લોકોએ અમારી જાણ બહાર જ પાણી છોડી દીધું એટલે બધું પાણી ખેતરોમાં આવી ગયું. હવે તંત્ર પાસે અમારી માંગ છે કે, નર્મદાનું પાણી અમને જોઈએ છે. પરંતુ પહેલા બંન્ને બાજુ પાકુ ચણતર કરી દે અને પછી પાણી છોડે. તંત્રની બેદરકારીને કારણે ખેડૂતોનાં ૨૫થી ૩૦ હજાર રૂપિયાનું નુકસાન થયું છે. તો સરકાર અમને સહાય કરે.'

બોરસદના વાસણા પાસે અકસ્માત થતા એકનું ઘટના સ્થળે જ મોત, ચાર ઈજાગ્રસ્ત

ટ્રકે કારને ટક્કર મારતા બેનાં મોત, બે ઘાયલ

આણંદ

આણંદ જિલ્લામાં અકસ્માતના બે બનાવ નોંધાયા હતા. જેમાં તારાપુર તાલુકાના ગલિયાણામાં ટ્રકે સામેથી આવી રહેલી કારને અને બોરસદના વાસણામાં ડમ્પરે કારને ટક્કર મારી હતી. ભાવનગરના પોપટભાઈની વાડી સ્થિત રેલવે હોસ્પિટલની પાછળ મનોજ બિપિનભાઈ રાઠોડ રહે છે. તેઓ રેલવેમાં સ્ટેશન ઓપરેટર તરીકે ફરજ બજાવે છે. તેઓ તેમના મિત્રો સાથે નવા વર્ષે મુંબઈ ફરવા માટે ભાવનગરથી નીકળ્યા હતા. પરંતુ તેઓ જ્યારે તારાપુર તાલુકાના ગલિયાણા પાસેથી પસાર થઈ રહ્યા ત્યારે સામેથી પુરપાટ ઝડપે આવી રહેલી ટ્રકે તેમને ટક્કર મારી હતી. જેમાં કારના આગળના ભાગનો કચ્ચરઘાણ વળી ગયો હતો. જ્યારે કાર ચલાવી રહેલા મયુરસિંહ ભગીરથસિંહ ગોહિલ અને તેની બાજુમાં બેઠેલા સિદ્ધાર્થ ઉર્ફે ભોલો કિરણ સંઘરાજકનું હોસ્પિટલ પહોંચે તે પહેલાં જ મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં પાછળની સીટ પર બેઠેલા મનોજભાઈ રાઠોડ અને તેમના મિત્ર નરેન્દ્રસિંહ ગોહિલ સામાન્ય ઈજા થઈ હતી.



જ્યારે અકસ્માતના બીજા બનાવમાં બોરસદના દાવોલ સ્થિત બારોટવાડા ખાતે રહેતા સુનિલભાઈ વિઠ્ઠલભાઈ પટેલ તેમના પત્ની મોનિકાબહેન, સાસુ સંતોક બહેન, સસરા નરેન્દ્રભાઈ અને મિત્ર મયંક પટેલ સાથે ઉમ્ભૈન મંદિરે દર્શન કરવા ગયા હતા.આ દરમિયાન દર્શન કરીને બુધવારે રાત્રિએ વાસદ, બોરસદ થઈ વાસણા તરફ આવી રહ્યા હતા ત્યારે સામેથી આવતા ડમ્પરે તેમની કારને ટક્કર મારી હતી.જેમાં સુનિલભાઈના સસરા નરેન્દ્ર ભાઈ(ઉ.વ.૬૫)નું ઘટના સ્થળે જ મોત નીપજ્યું હતું. સુનિલભાઈ, તેમના પત્ની, સાસુ અને મિત્રને ઈજા પહોંચી હતી. આ બંને બનાવ સંદર્ભે તારાપુરા અને બોરસદ શહેર પોલીસે મોતનો ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

૪૨ હજાર કાગળના ટૂકડાથી ૧૦.૬ ફૂટનો રાષ્ટ્રધ્વજ બનશે, ૨૬ જાન્યુ.એ વર્લ્ડ રેકોર્ડ નોંધાશે

રાજકોટ

૨૬મી જાન્યુઆરીને લઈને રાજકોટ કલેક્ટર તંત્ર દ્વારા તૈયારીઓ કરવામાં આવી રહી છે. આ વર્ષે ૨૬મી જાન્યુઆરીના દિવસે એક વર્લ્ડ રેકોર્ડ નોંધાશે, જે ૪૨ હજાર કાગળના ટૂકડા જોડી ૧૦.૬ ફૂટનો રાષ્ટ્રધ્વજનો હશે. હાલ આ રાષ્ટ્રધ્વજ કલેક્ટર કચેરીમાં જ નિષ્ણાંત વિરાજબા જાડેજા દ્વારા તૈયાર થઈ રહ્યો છે. કાગળના ટૂકડાથી રાષ્ટ્રધ્વજ ૨૨ દિવસની મહેનત બાદ તૈયાર થશે. અગાઉ યુએઈમાં કાગળનો રાષ્ટ્રધ્વજ ૯.૫ ફૂટનો બન્યો હતો.

રાષ્ટ્રધ્વજ તૈયાર કરી રહેલા વિરાજબા જાડેજાએ જણાવ્યું હતું કે, આ જાપાનીઝ પદ્ધતિ કહેવાય જેમાં માત્ર પેપરનો જ ઉપયોગ થાય છે. જાપનીઝ પદ્ધિતિમાં એ લોકો માત્ર કાગળનો જ ઉપયોગ કરે છે જે તે કૃતિ બનાવવામાં. મેં તે કલાકૃતિનો ઉપયોગ કરીને રાષ્ટ્રધ્વજ બનાવવાનું શરૂ કર્યું છે. ગઈકાલથી શરૂ કર્યું છે અને લગભગ ૨૨ દિવસમાં બની જશે.

'જન વિકાસ ઝુંબેશ' : સીએમ દ્વારા ૭૦,૦૦૦ લાભાર્થીઓને સરકારી યોજનાનો લાભ અપાયો

આણંદ

ગુજરાત સરકારની સરકારી યોજનાઓનો લાભ ખંભાત તાલુકાના નાગરિકોના લાભાર્થીઓને સીધો મળી રહે તે માટે જનવિકાસ ઝુંબેશ થકી આવરીને લાભાંકિત કરાયા હતા. જેમાં સીએમ વિજય રૂપાણી દ્વારા ૭૦,૦૦૦ જેટલા લાભાર્થીઓને સરકારની વિવિધ યોજનાઓનો લાભ આપવામાં આવ્યો હતો.

આણંદ જિલ્લાના નાગરિકોને સરકારી યોજનાનો લાભ સરળતાથી મળી શકે તે માટે રાજ્યના મુખ્યપ્રધાન દ્વારા જનવિકાસના લાભ નાગરિકો સુધી ઝુંબેશ રૂપે પહોંચાડવા અપીલ કરવામાં આવી હતી. જેને તત્કાલીન કલેક્ટર દિલીપ રાણા દ્વારા મહત્વ આપીને તારાપુર તથા ખંભાત તાલુકાના છેવાડાના નાગરિકો સુધી સરકારી યોજનાઓના લાભ પહોંચાડવાની ચળવળને ઝુંબેશ રૂપે શરૂ કારવામા આવી હતી. જેમાં તારાપુર બાદ ખંભાત તાલુકાના ૭૦,૦૦૦ નાગરિકોને વિવિધ સરકારી યોજનાઓનો સીધો લાભ આપવામાં આવ્યો હતો.

આ પ્રસંગે સીએમ વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, સરકાર દરેક નાગરિકોની ચિંતા કરે છે. તે માટે જનવિકાસના લાભોને ઝુંબેશ સ્વરૂપે સીધો નાગરિકો સુધી પહોંચાડી શકે તે માટે આ કાર્યક્રમ યોજાયો હતો. આ વિકાસની ઝુંબેશમાં ઉત્સાહ પૂર્વક કામ કરવા માટે મુખ્યપ્રધાન દ્વારા જિલ્લા વહીવટી તંત્ર અને માઈક્રો લેવલે જનજાગૃતિ લાવવા માંટે ખંભાત તાલુકાના તલાટીઓ અને સરપંચોનો આભાર માન્યો હતો.

ગુજરાત પોલીસની જાહેરાતઃ હિંસામાં થયેલ નુકસાનની ભરપાઈ તોફાનીઓ પાસેથી વસુલાશે

નાગરિકતા સુધારો અધિનિયમ (સીએએ) વિરુદ્ધ આંદોલન ગુજરાત સહિત સમગ્ર ભારતમાં શરૂ થયું હતું. ઉત્તર પ્રદેશમાં નાગરિકતા સુધારો કાયદા (સીએએ) ના વિરોધ દરમિયાન થયેલા નુકસાનની ભરપાઈ તોફાનીઓ પાસેથી વસુલાત કરવાની જાહેરાત ગુજરાત પોલીસ દ્વારા કરવામાં આવી હતી. તેને પગલે હવે ગુજરાત પોલીસ પણ હિંસામાં થયેલ નુકસાનને તોફાનીઓ પાસેથી વસુલ કરે તેવી કવાયત શરુ કરવામાં આવી છે. જે અનુંસધાને ગુજરાત પોલીસ પણ હિંસામાં થયેલ નુકસાનની વસુલી પ્રદર્શનકારીઓ થી વસુલાશે.નાગરિકતા સુધારો અધિનિયમ (સીએએ) વિરુદ્ધ મુસ્લિમ સંગઠનો દ્વારા દિલ્હીના જામિયામાં વિરોધ પ્રદર્શન જોવા મળ્યા હતા. તે જ સમયે, ૨૦ ડિસેમ્બરના રોજ ગુજરાતના વડોદરામાં વિરોધ પ્રદર્શન દરમિયાન પથ્થરમારોથી પોલીસના અનેક વાહનોને નુકસાન પહોંચ્યું હતું.

અમદાવાદના શાહ આલમ વિસ્તારમાં મુસ્લિમ સંગઠનોએ પોલીસના કર્મચારીઓ ઉપર પત્થરબાજી કરી વાહનો તોડી ગંભીર ઈજા પહોંચાડી હતી. પોલીસે તેના બચાવમાં કોઈ પગલું ભર્યું ન હતું, પરંતુ સરકારની સંપત્તિને થયેલા નુકસાન અંગે કોર્ટમાં અપીલ કરશે અને સરકારી સંપત્તિને રીકવર કરવા પ્રયત્ન કરશે. નાગરિકતા સુધારા કાયદા (સીએએ) વિરુદ્ધ થયેલી હિંસામાં થયેલા નુકસાનની ભરપાઇ માટે વડોદરાના પોલીસ કમિશનર અનુપમસિંહ ગેહલોતે જણાવ્યું હતું કે આશરે રૂ .૪૦,૦૦૦ નું નુકસાન થયું છે. પોલીસ જલ્દી કોર્ટમાં અપીલ કરશે અને વિરોધીઓને પાસેથી પુન રીકવર કરવા માટે પ્રયત્ન કરશે.. વડોદરા પોલીસને થયેલા નુકસાનની વસૂલાતનો આ પહેલો કેસ હશે. વિરોધ દરમિયાન પોલીસે હિંસામાં કેસમાં ૪૦ લોકોની ધરપકડ કરવામાં આવી હતી.

પાટણના કુલપતિનો માશાઅલ્લાહ લોજીક સાથે દારૂ પ્રત્યેનો પ્રેમ છલકાયો

પાટણ

પાટણના વીસી ડોક્ટર અનિલ નાયકના માશાઅલ્લાહ લોજીક સાથે દારૂ પ્રત્યેનો પ્રેમ પણ છલકાયો છે. એક કાર્યક્રમાં હાજરી આપતા તેઓ જણાવી રહ્યા છે કે, ભગવાન આપણને બિમારી માગવાનું કહે તો અલજાયરમ બિમરી ન માગવી. કેમ કે, અલજાયમરથી દારૂની બોટલ ક્યાં મુકી તે ભૂલી જવાય. એક માણસને ભગવાને માગવાનું કહ્યુ તો તેણે એક સ્ત્રી અને પીણુ માગ્યુ. તો ભગવાને તેને મધર ટેરેસા અને બિસ્લેરીની બોટલ આપી.

એટલે ભગવાન પાસે બુદ્ધી નહીં પણ નસીબ માગવુ જોઈએ. તેમણે વધુમાં જણાવ્યુ કે, જે સૌથી વધારે હોશિયાર હોય તે ડોક્ટર બને. જે એનાથી ઓછો હોશિયાર હોય તે આઈપીએસ બની. જે સાવ ઠોઠ હોય તે સાધુ બને. એ આ બધાને કંટ્રોલ કરે. પોતાના ભાષણમાં દારૂનો ઉલ્લેખ કરતા કુલપતિએ ભાષણને પણ દારૂની શાયરી સાથે પૂર્ણ કર્યુ. મહત્વપૂર્ણ છે કે, આ પહેલા પણ તેમણે સોશિયલ મીડિયા પર દારૂની એક કવિતા વાયરલ કરી હતી.

પાટણ હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સીટીના કુલપતી ડો અનિલ નાયકે ૩૧ ડિસેમ્બરે દારૂનું મહત્વ સમજાવતી એક પોસ્ટ સોશિયલ મીડિયા પર અપલોડ કરી છે. જેમા તેમણે દારૂને તેમની જીદીગી સાથે સંબોધીને એટલું મહત્વ આપી દીધું કે જેના કારણે હવે તે વિવાદોમાં ઘેરાઈ ગયા છે. ઉલ્લેખનિય છે કે અનિલ નાયક એક યુનિવર્સીટીના કુલપતી છે અને કુલપતી જ્યારે આવી પોસ્ટ સોશિયલ મીડિયા પર મુકે ત્યારે તે પોસ્ટની અસર સમાજ અને વિદ્યાર્થીઓ પર પડી શકે છે. કુલપતિની આ પોસ્ટ બાદ તેમની માનસીકતા તો બહાર આવી જ છે ત્યારે સરકાર તરફથી હવે શું પગલા લેવામાં આવશે તે જોવુ રહ્યું.

સરકારી અનાજને સગેવગે કરવાનું કૌભાંડ..!! ૬૦ બોરીઓ દહેગામ પોલીસે ઝડપી

દહેગામ

રાજ્યમાં પુરવઠા નિગમના સરકારી ગોડાઉનમાં રહેલા અનાજને બારોબાર સગેવગે કરવાનું કૌભાંડ અનેક વખત પ્રકાશમાં આવ્યું છે ત્યારે વહેલી સવારે દહેગામ પોલીસ દ્વારા ગવર્મેન્ટ ઓફ પંજાબ અને ગવર્મેન્ટ ઓફ હરિયાણા લખેલા કોથળા ઉપર ભારતીય ખાદ્ય નિગમના માર્કાવાળો ૩ હજાર કિલો ઘઉં ભરેલા અનાજનો જથ્થો પકડી પાડવામાં આવ્યો છે. આટલા મોટા પ્રમાણમાં અનાજનો જથ્થો સગેવગે થતો પકડાતા જાહેર વિતરણ માટેના અનાજને બારોબાર વહેંચી દેવાતું હોવાની આશંકા વધુ પ્રબળ બની છે. સરકાર સસ્તા અનાજની દુકાનોમાં જે અનાજનો જથ્થો પુરો પાડે છે તેને કેટલાક સંગ્રહખોરો બારોબાર સગેવગે કરી દેતા હોય છે. અગાઉ અનેક વખત રાજ્યમાં મોટાપાયે સરકારી અનાજનો પુરવઠો ઝડપાયો છે ત્યારે ફરી એક વખત સુવ્યવસ્થિત રીતે અનાજને બારોબાર સગેવેગ કરી દેવાતું હોવાની ગંધ આવી રહી છે.

નોંધપાત્ર પ્રમાણમાં અનાજનો પુરવઠો પકડાતા એક મોટા કૌભાંડની આશંકા સેવવામાં આવી રહી છે. દહેગામ પોલીસ સ્ટેશનના સેકન્ડ પીઆઇ એચ એ જાડેજા ટીમ સાથે વહેલી સવારે પેટ્રોલિંગ કરી રહ્યા હતા તે દરમિયાન આશરે બે થી ત્રણ વાગ્યાના અરસામાં દહેગામ બહિયલ પાસેથી હિલોલ તરફ જતા ચાર રસ્તા પાસે એક વાહન પીક-અપ ડાલુ નંબર જીજે ૧૮ - એઝેડ-૮૭૮૫ આવી રહ્યું હતું. જેને રોકવામાં આવીને તપાસ કરતા અંદરથી ગવર્મેન્ટ ઓફ પંજાબ અને ગવર્મેન્ટ ઓફ હરિયાણા અને ભારતીય ખાદ્ય નિગમ લખેલા કોથળામાં ઘઉંનો મોટો જથ્થો મળી આવ્યો હતો.

એક કોથળામાં ૫૦ કિલો વજન ભરેલું હતું. તેવા ૬૦ કોથળા ભરેલો અનાજનો જથ્થો પકડી પાડયો જેની સાથે ભારતીય ખાદ્ય નિગમના માર્કો પણ જોવા મળતો હતો.

જ્યારે વાહનમાં રહેલા જીગર કિશોર સોઢા રહે દસ્ક્રોઇ, કિસન જસુ બારૈયા રહે દસ્ક્રોઇ અમદાવાદ અને અરવિંદ ગોતાજી ડાભી રહે ડેમાલિયા તાલુકો દહેગામ જીલ્લો ગાંધીનગરને ઝડપી લીધા હતા.

વિદેશ અભ્યાસ લોન યોજના

સરકારે અનુ. જાતિના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉડવા પાંખો આપી

મારૂ વિદેશમાં જઇ અભ્યાસ કરવાનું સ્વપ્ન પૂરૂ થયું : વિશાલ વાસેકર

સુરત

રાજ્ય સરકારે સમાજના તમામ વર્ગોના કલ્યાણાર્થે ઉચ્ચ શિક્ષણની અનેક યોજનાઓ વ્યાપ વધાર્યો છે. રાજ્યના વિદ્યાર્થીઓ શાળાકીય શિક્ષણ પૂર્ણ કર્યા બાદ ઉચ્ચ શિક્ષણની અનેક યોજનાઓના સહારે ઉજ્જવળ કારકિર્દી ઘડી રહ્યા છે. સરકારે વિદેશ જઈને ઉચ્ચ અભ્યાસ કરવા ઇચ્છતાં વિદ્યાર્થીઓને સરળ અને સુગમ રીતે બેંક લોન મળી રહે તેવી વ્યવસ્થા પૂરી પાડતા યુવા વિદ્યાર્થીઓના વિદેશ અભ્યાસના સપના સાકાર થયા છે. ગરીબ અને મધ્યમવર્ગીય પરિવારના યુવાનોમાં એવી માન્યતા હતી કે, પૈસાદારના સંતાનો જ વિદેશ અભ્યાસ કરી શકે. પરંતુ હવે, સમય બદલાયો છે. આજે ગરીબ-મધ્યમવર્ગીય કોઈ પણ વિદ્યાર્થી રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન સહાય યોજનાનો લાભ મેળવી વિદેશમાં ભણીગણીને ઉજ્જવળ ભાવિનું નિર્માણ કરી શકે છે.

સુરત સ્થિત રાંદેર વિસ્તારની દીપજ્યોત સોસાયટી, પાલનપુર પાટિયા ખાતે રહેતા અનુસૂચિત જાતિના યુવા વિદ્યાર્થી અનિલકુમાર વાસેકરનો પુત્ર વિશાલ વિદેશ અભ્યાસ લોન સહાય યોજનાના કારણે હાલ કેનેડાના ટોરેન્ટો શહેરની પ્રતિષ્ઠિત

સેન્ટેનિઅલ કોલેજમાં રોબોટિક મિકેનીકલ એન્જિનિયરિંગમાં માસ્ટર ડિગ્રીનો અભ્યાસ કરી રહ્યો છે. અનિલભાઈએ કહ્યું કે, પોતાના વ્હાલસોયા સંતાનો સારૂ શિક્ષણ મેળવી ઉજળી કારકિર્દી ઘડે એ દરેક માતા પિતાનું સ્વપ્ન હોય છે. વિશાલે સુરતમાં મિકેનીકલ એન્જિનિયરિંગમાં સ્નાતકનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ વિદેશમાં ઉચ્ચ અભ્યાસની ઈચ્છા હોવાનું મને જણાવ્યું હતું. એવામાં, એક સંબંધી દ્વારા રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન યોજના વિશે અમને માહિતી મળી. જેમાં મારા પુત્રના સ્વપ્નને પૂર્ણ કરવાનો માર્ગ દેખાયો એમ અનિલભાઈએ જણાવ્યું હતું.

અનિલભાઈ જણાવે છે કે, અમારી ખુશીનો કોઈ પાર નહોતો, કારણ કે રાજ્ય સરકારની વિદેશ અભ્યાસ લોન સહાય યોજનામાં સરળતાથી લોન મળી જશે એવો અમને વિશ્વાસ હતો. બીજા જ દિવસથી જરૂરી પુરાવા આપીને લોનની પ્રક્રિયા પૂર્ણ કરી, અને નિયત સમયમાં લોન મંજુર થઈ. આ યોજના દ્વારા અમોને ૪% ના નજીવા વ્યાજ દરે રૂ.૧૫ લાખની લોન મળી. પરિણામે આજે મારો પુત્ર કેનેડામાં મનગમતા અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવી શક્યો છે. કેનેડામાં અભ્યાસ કરી રહેલા વિશાલનો સોશ્યલ મીડિયા દ્વારા સંપર્ક કરી પ્રતિભાવ જાણ્યો હતો. તે ઉત્સાહિત સ્વરે જણાવે છે કે, પરદેશના અભ્યાસક્રમો ખર્ચાળ હોવાને કારણે તેજસ્વી વિદ્યાર્થીઓ પૈસાના અભાવે વિદેશ અભ્યાસની તક ગુમાવે છે. રાજ્ય સરકારની આ યોજનાના પરિણામે હું ટોરેન્ટોની સેન્ટેનિઅલ કોલેજમાં રોબોટિક મિકેનીકલ એન્જિનિયરિંગનો અભ્યાસ કરી રહ્યો છું. હાઈસ્કુલના અભ્યાસ દરમિયાન વિદેશ અભ્યાસ કરવાનું સ્વપ્ન મેં જોયું હતું. જે રાજ્ય સરકારની અત્યંત ઓછા દરે લોન સહાયના કારણે આ સ્વપ્ન સાકાર થયું છે. જેના માટે હું રાજ્ય સરકારનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે, વધુમાં તેણે જણાવ્યું કે, શિક્ષણ એ સમાજના સર્વાંગી વિકાસનો પાયો છે. સરકારે શિક્ષણલક્ષી અનેક યોજનાઓથી યુવાનોને રોજગારી અને અભ્યાસની નવી તકો પૂરી પાડી છે. ખાસ કરીને આર્થિક કારણોસર વિદેશ અભ્યાસ ન કરી શકતા યુવાનો માટે વિદેશ અભ્યાસ સહાય યોજના આશિર્વાદરૂપ બની છે. આ યોજના મારા માટે પીઠબળરૂપ સાબિત થઇ હોવાનું વિશાલે કહ્યું હતું. નોંધનીય છે કે, અનુસૂચિત જાતિના વિદ્યાર્થીઓને કલ્યાણ માટે શૈક્ષણિકક્ષેત્રે અનેકવિધ યોજનાઓ થકી તેમને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

અમદાવાદ ડીમોલેશનઃ પ્રજામાં રોષ, મ્યુનિ. કમિશનરે ૧૫ દિવસનો સમય આપ્યો

અમદાવાદ

ગોમતીપુર વોર્ડમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા રહેઠાણ અને કોમર્શિયલ મિલકતો તોડવા માટે અમલ કરવામાં આવી રહ્યો છે. જે સ્થળે દબાણ હટાવવાની કામગીરી કરવામાં આવી રહી છે ત્યાંના અસરગ્રસ્તોને હજુ સુધી વૈકલ્પિક વ્યવસ્થા આપવામાં આવી નથી. તેમજ હાલ પડી રહેલી કડકડતી ઠંડી અને પરીક્ષાઓ ચાલી રહી હોવાથી પ્રજામાં રોષ જોવા મળી રહ્યો છે. આ અંગે રજૂઆત કરવા માટે સ્થાનિક આગેવાનો પણ ઉપસ્થિત રહી વૈકલ્પિક વ્યવસ્થા આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત ડિમોલેશન મામલે કોંગ્રેસના ધારાસભ્યો અને અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર વચ્ચે પણ બેઠક યોજાઈ હતી. જેને પગલે મ્યુનિસિપલ કમિશનર દ્વારા સ્થાનિકોને મકાન ખાલી કરવા ૧૫ દિવસનો સમય આપવામાં આવ્યો છે. તેની સાથે સાથે સ્થાનિકોને મકાનના વૈકલ્પિક સુવિધાના ભાગ રૂપે કોર્પોરેશન મકાનની વ્યવસ્થા કરી આપશે. જ્યારે ગેરકાયદે દુકાનો કોર્પોરેશન દ્વારા તોડી પાડવામાં આવશે.

દાંતીવાડા બટાલિયન દ્વારા ગાર્ડ ઓફ ઓનરથી સન્માનિત કરાયા

બંગાળમાં ફરજ બજાવતા શહીદ જવાનની માદરે વતનમાં સન્માનપૂર્વક અંતિમવિધી

પાલનપુર

બંગાળમાં ફરજ બજાવતા બજાવતા શહીદ થનાર વીર સરદારભાઈ બોકાને પોતાના માદરે વતન પાલનપુરમાં પુરા માન સન્માનથી લવાયા હતા અને દાંતિવાડા બટાલિયન દ્વારા ગાર્ડ ઓફ ઓનરથી સન્માનિત કરી તેમની અંતિમ વિધિ કરવામાં આવી હતી ત્યારે સમગ્ર ગામ શોક મગ્ન થઈ ગયુ હતુ.

બંગાળમાં ફરજ ઉપર શહીદ થયેલા જવાનના પાર્થિવ દેહને માદરે વતન પાલનપુર લાવવામાં આવ્યો હતો જ્યાં પરિવાર સાથે ગામ ગમગીન થઈ ગયું હતુ. અહીં તેમને ગાર્ડ ઓફ ઓનર આપી ધામધૂમથી એક વીરને સાજે એ રીતે અંતિમવિધી કરવામાં આવી હતી.

ગુરૂવારે વહેલી સવારે પાલનપુરના ખોડલા ગામના સરદારભાઈ બોકા શહીદ થયા હતા. બંગાળમાં ફરજ બજાવતા આ જવાનનો પાર્થિવદેહ આજે વહેલી સવારે અમદાવાદ લાવવામાં આવ્યો હતો. ગાર્ડ ઓફ ઓનર આપી અંતિમવિધી કરવા માટે તેમનો પાર્થિવ દેહ પાલનપુર લઈ જવામાં આવ્યો હતો.

શનિવારથી પારડી સાંઢપોરમાં ભાગવત કથા સપ્તાહ યોજાશે

વલસાડ

શ્રીકૃષ્ણનધામ એજ્યુકેશન એન્ડક ચેરીટેબલ ટ્રસ્ટ૦ દ્વારા પારડી સાંઢપોર, કૈલાસ રોડ, ગુજરાતી સ્કૂ લની સામે, વલસાડ ખાતે ભાગવત સપ્તા હ જ્ઞાનયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. કથાનો શુભારંભ તા. ૪/૧/૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે જયા રે સમાપન તા.૧૦/૧/૨૦૨૦ના રોજ કરાશે. આ અવસરે ભાગવતાચાર્ય સાગરભાઇ શાસ્ત્રીજીના મુખેથી ભાગવત કથાનું રસપાન કરાવાશે. શિવજી મહારાજ, કિશોરદાસજી મહારાજ, શ્રીરાધાકૃષ્ણવ સ્વાભમી, શ્રી શાસ્ત્રીબાપુ, શ્રી આર.ડી.બાપુ દ્વારા મંગલદીપ પ્રાગટય કરી કથાનો શુભારંભ કરાશે.

કથાના શુભારંભ પહેલાં તા.૪/૧/૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે રમેશભાઈ ગુજ્જરના ઘરેથી નીકળી કથાના સ્થાળે લઈ જવાશે. કથા દરમિયાન કપિલજન્મ/, નૃસિંહ પ્રાગટય, વામન જન્મ , રામ જન્મક, કૃષ્ણઇ જન્મર, ગોવર્ધન ઉત્સાવ, કૃષ્ણ રૂક્ષ્મણી વિવાહ, સુદામા ચરિત્ર વગેરે પાવન પ્રસંગોને પણ આવરી લેવામાં આવશે.

આ અવસરે મુખ્ય અતિથિ તરીકે આદિજાતિ વિકાસ રાજ્ય મંત્રી રમણલાલ પાટકર, વલસાડ સાંસદ ડૉ.કે.સી.પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ મણિલાલ પટેલ, દમણ સાંસદ લાલુભાઇ પટેલ, ધારાસભ્યોજ સર્વે કનુભાઇ દેસાઇ, ભરતભાઇ પટેલ, અરવિંદભાઇ પટેલ, પારડી સાંઢપોરના ધર્મેશભાઇ ઉર્ફે ભોલા પટેલ સહિત અગ્રણીઓ અને મહાનુભાવો પણ હાજરી આપશે.

મિઢોળા બલેશ્વર ખાડીમાં પ્રદુષણ અંગે

ઉદ્યોગ ગૃહો સાથે પગલા લેવાયા હોવાનો પ્રદુષણ બોર્ડનો લુલો બચાવ

મુખ્યમંત્રી સમક્ષ ફરિયાદ કરતા પ્રાદેશિક અધિકારીએ લેખિત ખુલાસો કર્યો

સુરત

પલસાણા તાલુકામાંથી પસાર થતી મિંઢોળા અને તેને મળતી બલેશ્વર ખાડી અને કડોદરા ખાડીના પ્રદૂષણ મામલે જિલ્લા પંચાયતના સદસ્ય દર્શન નાયકની મુખ્યમંત્રીની રજૂઆત બાદ બચાવની મુદ્રામાં આવેલા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા લેખિતમાં ખુલાસો કરવાની ફરજ પડી છે. જોકે ઉદ્યોગગૃહોની જીહજૂરી કરતા વિભાગ દ્વારા પગલાં ભરવામાં આવ્યા હોવાનો લૂલો બચાવ કર્યો હોવાનું જાણવા મળી રહ્યું છે.

સુરત જિલ્લામાં પલસાણા તાલુકામાંથી પસાર થતી મિંઢોળા નદી અને તેને મળતી બલેશ્વર ખાડી અને કડોદરા ખાડીમાં ઔદ્યોગિક એકમો દ્વારા ગંદુ પ્રદૂષિત પાણી છોડવામાં આવતા આ વિસ્તારના સ્થાનિક લોકો જીવલેણ રોગના ભોગ બની રહ્યા હતા. નેશનલ ગ્રિન ટ્રિબ્યુનલના સન ૨૦૧૮ની અમલવારી અને પ્રદૂષણ ઘટાડવા કાર્યવાહી કરી પ્રદૂષણ ઓકતા એકમો કાયમી ધોરણે બંધ કરાવવા બાબતે સદસ્ય દર્શન નાયકે ગત ઓક્ટોબર માસમાં મુખ્યમંત્રીને લેખિતમાં રજૂઆત કરી હતી. બચાવની મુદ્રામાં આવી ગયેલા પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા લેખિતમાં દર્શન નાયકને ખુલાસો કરવાની ફરજ પડી છે. જેમાં જણાવ્યા મુજબ ખાડી પરના ગામોનું ઘરગથ્થુ પાણીનો સીધો નિકાલ બલેશ્વર ખાડીમાં કરવામાં આવે છે. જ્યારે ખાડીના ઉપરવાસના વિસ્તારમાં આવેલ ઔદ્યોગિક એકમોને ખાડીમાં ઔદ્યોગિક ગંદા પાણીના નિકાલની પરવાનગી આપવામાં આવી ન હોવાનો બોર્ડ દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો છે.

મિંઢોળા નદીને દરિયાના મુખ પ્રદેશ પાસે મળતી કોયલી ખાડીના ઉપરના ભાગમાં પલસાણા એન્વાયરો પ્રોજેક્ટ લિમિટેડ સીઈટીપી દ્વારા ઔદ્યોગિક ગંદા પાણીનો ટ્રિટમેન્ટ કર્યા બાદ જ ખાડીમાં નિકાલ કરવા અંગે પ્રદૂષણ બોર્ડ દ્વારા મંજૂરી આપવામાં આવી છે. વધુમાં પત્રમાં જણાવ્યા મુજબ સચિન નોટિફાઈડ એરિયા, સચિન ગામ વગેરેનું ઘરગથ્થુ ગંદા પાણીનો નિકાલ થાય છે અને બલેશ્વર ખાડી અને મિંઢોળા નદીના નમૂનાઓ બોર્ડ દ્વારા દર મહિને લેવાતા હોવાનો ખુલાસો કર્યો છે. આ ઉપરાંત સચિન અને પાંડેસરા જીઆઈડીસી તેમજ અન્ય વિસ્તારમાં ઔદ્યોગિક એકમો દ્વારા અનઓથોરાઈઝ્ડ નિકાલ કરવામાં આવતા ઔદ્યોગિક ગંદા પાણી બાબતે ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ દ્વારા સખ્ત પગલાંના આદેશો કરવામાં આવ્યા છે જો કે હંમેશા ઔદ્યોગિક ગૃહોની જીહજૂરી કરતા ગુજરાત પોલ્યુશન કન્ટ્રોલ બોર્ડ દ્વારા આ બાબતને ગંભીરતાથી લઈને કાર્યવાહી કરવામાં આવે તે જરૂરી થઈ પડ્યું છે.

સલામત માતૃત્વ વૈશ્વિક ઝુંબેશ વિષયે યોજાયેલો સેમિનાર

નર્સિંગ કોલેજની વિદ્યાર્થીનીઓ દ્વારા પોસ્ટર પ્રદર્શન

સુરત

સરકારી નર્સિંગ કોલેજ, ન.સી.હો. સુરત અને ગાયનેક વિભાગ, ન.સી.હો. દ્વારા આયોજિત સેઈફ મધરહુડ-ગ્લોબલ મુવમેન્ટ અર્થાત સલામત માતૃત્વ-વૈશ્વિક ચળવળ વિષય પર દક્ષિણ ગુજરાતની વિવિધ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝ માટે સેમિનારનું આયોજન કરવામાં આવ્યું હતું.

વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા ૨૦૨૦ના વર્ષને ''યર ઓફ નર્સ અને મીડવાઈફ'' તરીકે નર્સિંગ વ્યવસાયના પ્રણેતા ફ્લોરેન્સ નાઈન્ટીંગની ૨૦૦મી જન્મ તિથિ નિમિત્તે વૈશ્વિક રીતે ઉજવણી થઈ રહી છે. તે પહેલમાં સુરતની સરકારી નર્સિંગ પણ જોડાઈને આજની જરૂરીયાત સમા વિષયને આવરી લઈ નર્સિંગ વિદ્યાર્થીઓને શસક્ત અને કુશળ બનાવવા બર્થિંગ બોલ અને પદ્ધતિઓ, ગર્ભસંસ્કાર અને તેનુ મહત્ત્વ, પ્રસતુ શાસ્ત્રમાં નવી શોધ અને પદ્ધતિઓ અને ટ્રાયજ એટલે કે સારવાર લેવા આવનાર દર્દીઓ પૈકી પસંદગી અને પ્રાયોરિટી જેવા વિષય ઉપર તજજ્ઞો ડૉ. રાગીણી વર્ણા, ડૉ. દવની દેસાઈ, ડૉ. મુગીરા બોમ્બેવાલા, નીલમ કાપડીયા, સીમારાણી ચોપડા અને અન્ય તજજ્ઞો સરકારી ફીજીયોથેરાપી કોલેજ અને સરકારી મેડીકલ કોલેજના તબીબો દ્વારા વિચાર વિમર્શ અને વાર્તાલાપ રૂપી સેમીનાર યોજવામાં આવ્યો હતો. આ સેમિનારમાં વિધાનસભ્ય સંગીતાબેન પાટીલે ખુલ્લો મુક્યો હતો. તબીબી અધિક્ષક ડૉ. પ્રીતિ કાપડીયા, નર્સિંગ કાઉન્સિલ અને નર્સિંગ એસોસિએશનના ઈકબાલ કડીવાલા, સરકારી નર્સિંગ કોલેજના પ્રિન્સીપાલ ઈન્દ્રાવતી રાવ, આર.એમ.ઓ. ડૉ. કેતન નાયક, ટી.એન.એ.આઈ.ના સેક્રેટરી કિરણ દોમડીયા, સાઉથ ઝોનના રીપ્રે દિનેશ અગ્રવાલ, નર્સિંગ સુપ્રિટેન્ડન્ટ, વા.પ્રિન્સીપાલ સોનલ પંડ્યા, નર્સ મીડવાઈફ પ્રેક્ટીશનર પ્રોગ્રામના સ્મીતલ ચૌધરી અને મીતેલ પટેલ અને કોલેજની ફેકલ્ટીઝ સહિત ડેલીગેટ્સ અને ચોથા વર્ષના વિદ્યાર્થીઓના સહયોગથી ઉપરોક્ત વિષયને સ્પર્શનું પોસ્ટર પ્રદર્શનમાં સાઉથ ગુજરાતની વિવિધ નર્સિંગ કોલેજના વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ ભાગ લીધો હતો.

તા.૫મીએ ધરમપુરમાં વારલી કલા મહોત્સવનું આયોજન

આદિજાતિ રાજ્યમંત્રી પાટકર હાજરી આપશે

વલસાડ

વન અને આદિજાતિ વિકાસ વિભાગના રાજ્યલકક્ષાના મંત્રી રમણલાલ પાટકર તા.૩/૧/૨૦ના રોજ સવારે ૯-૦૦ કલાકે તેમના નિવાસસ્થાને લોકપ્રશ્નોના નિકાલ માટે, બપોરે ૧-૦૦ થી ૩-૦૦ દરમિયાન ઉમરગામ સર્કિટ હાઉસ ખાતે વિકાસકામોની સમીક્ષા તથા લોકોના પ્રશ્નોના નિકાલ માટે જયા,રે બપોરે ૩-૧૫ કલાકે સોળસુંબા ખાતે ભારતીય

એકેડમી જુનિયર કોલેજ ખાતે વાર્ષિક સ્પોનર્ટસ દિન ઉજવણીના કાર્યક્રમમાં હાજરી આપી કાર્યક્રમ પૂર્ણ થયે અનુકૂળતાએ ધોડીપાડા જવા રવાના થશે. તા.૪/૧/૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે કૈલાસ રોડ, ગુંદલાવ ચોકડી ખાતે કૃષ્ણાધામ એજયુમકેશન એન્ડર ચેરીટેબલ ટ્રસ્ટા દ્વારા આયોજિત ભાગવત કથા સમ્પ્તાહ કાર્યક્રમમાં, બપોરે ૧૨-૦૦ કલાકે સાંસ્કૃતિક હોલ ધોડીપાડા ખાતે ભિલાડ કૉલેના વાર્ષિકોત્સુવમાં સાંજે ૫-૦૦ કલાકે બી.આર.ઈન્ટેરનેશનલ સ્કૂ કલ-ખારવેલના વાર્ષિકોત્સાવમાં હાજરી આપી કાર્યક્રમ પૂર્ણ થયે ધોડીપાડા જવા રવાના થશે. તા.૫-૧-૨૦૨૦ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે પાટીદાર સેવા સમાજ-ધરમપુર ચાર રસ્તા૦ ખાતે લક્ષ્મી ચેરીટેબલ ટ્રસ્ટો આયોજિત વારલી કલા મહોત્સ?વમાં હાજરી આપી કાર્યક્રમ પૂર્ણ થયે અનુકૂળતાએ ધોડીપાડા જવા રવાના થશે.

જુગારધામ પર પોલીસની રેડઃ ૧૪ જુગારીઓ ઝડપાયા, ૧૮ લાખનો મુદ્દામાલ જપ્ત

રાજકોટ

ભક્તિનગર પોલીસ ગત રાત્રે પેટ્રોલિંગમાં હતી ત્યારે કોન્સ્ટેબલ ભરત મકવાણાને બાતમી મળી હતી કે, જંગલેશ્વરમાં બસીર ઉર્ફે કાળા જેસાણીના ચાર-પાંચ મકનામાંથી એક મકાનમાં ઘોડી પાસાનો જુગાર રમાય રહ્યો છે. આથી ડી સ્ટાફની અલગ અલગ ત્રણ ટીમ બનાવી વેશપલ્ટો કરી ગુગલ મેપના સહારે લાઈવ લોકેશન દ્વારા રેડ પાડવામાં આવી હતી. જેમાં ૧૪ જુગારીઓને પકડી ૧૮ લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તમામ આરોપીઓને ભક્તિનગર પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યા હતા અને વધુ તપાસ હાથ ધરાઈ છે.

પોલીસે ગુગલ મેપમાં ગેમ્બલીંગ ટાર્ગેટ તરીકે સેવ કરી વેશપલ્ટો કરી પોલીસ કર્મચારીઓ સાયકલ અને રિક્ષામાં ગયા હતા. બાદમાં આજી નદીના રસ્તેથી ચાલતા ચાલતા બાતમીવાળા સ્થળે પહોંચ્યા હતા. અંદર ઘોડી પાસાનો જુગાર રમાતો હોય તેવો અવાજ આવતો હતો. આથી મકાનના આગળ અને પાછળના બંને દરવાજાઓ પર પોલીસ કર્મચારીઓ ગોઠવાય ગયા હતા અને બાદમાં રેડ પાડી તમામની ધરપકડ કરી હતી.

સગીર પર સૃષ્ટિ વિરૂદ્ધ કૃત્ય આચરનારા આરોપીને ૭ વર્ષની સજા ફટકારાઈ

રાજકોટ

રાજકોટ જિલ્લાના ગોંડલમાં ૨ વર્ષ અગાઉ સગીર બાળક સાથે સૃષ્ટી વિરૂદ્ધનું કૃત્ય આચરવામાં આવ્યું હતું. જેમાં કોર્ટે આરોપીને ૭ વર્ષની સજા ફટકારી છે.

ગોંડલ શહેરમાં ૨ વર્ષ અગાઉ રાત્રે ૯ વાગ્યે કરિયાણાની દુકાને બિસ્કીટ લેવા ગયેલા સગીર બાળકને દિલાવરખાન સુલતાનખાન પઠાણે અવાવરૂ જગ્યાએ લઈ જઈ સૃષ્ટિ વિરૂદ્ધનું કૃત્ય આચર્યું હતું. જેનો કેસ શહેરની સ્પેશિયલ પોક્સો અદાલતમાં ચાલતો હતો. આ કેસમાં ન્યાયમૂર્તિ એમ.પી. પુરોહિતે ભોગ બનનારા બાળકની જુબાની, ડૉક્ટરની જુબાની, સરકારી વકીલની દલીલો અને દસ્તાવેજી પૂરાવાને ધ્યાનમાં રાખી આરોપી દિલાવરખાન સુલતાનખાન પઠાણને કલમ ૩૭૭ હેઠળ કસૂરવાર ઠેરવી ૭ વર્ષની સખત કેદની સજા ફટકારી છે.

વર્ગખંડ અધિકારીએ પેપરના ફોટા અપલોડ કરવાના રહેશે

બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ રોકવા મોબાઈલ એપ બનાવાશે

અમદાવાદ

ગુજરાત શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ- ૨૦૨૦માં શરૂ થનારી બોર્ડની પરીક્ષાનો કાર્યક્રમ જાહેર કરી દેવામાં આવ્યો છે. ધોરણ ૧૦, ૧૨ સામાન્ય પ્રવાહ, સાયન્સની પરીક્ષા ૫ માર્ચથી શરૂ થશે. મંગળવારે મળેલી પરીક્ષા સમિતીની બેઠકમાં રાજ્યનાં ૪૧ નવાં કેન્દ્રોને મંજૂરી અપાઈ છે. બોર્ડની પરીક્ષામાં ગેરરીતિ ન થાય તે માટે શિક્ષણ બોર્ડ દ્વારા ખાસ એપ્લિકેશન બનાવવા માટેની વિચારણા કરાઈ છે. સ્ટ્રોંગરૂમથી પરીક્ષા કેન્દ્ર તથા વર્ગખંડમાં પ્રશ્નપત્ર પહોંચે તેના ફોટો જવાબદાર અધિકારીઓએ અપલોડ કરવાના રહેશે. આ સિવાય પેપર જ્યારે સેન્ટર પર પહોંચે ત્યારે તેના ફોટો પાડવાના રહેશે, જેમાં સંચાલક, નિરિક્ષક અને સરકારી પ્રતિનિધિ હાજરીમાં જ પેપરનું સીલ તોડવાનું રહેશે. આમ આકી પ્રક્રિયામા લાઈવ ફોટો એપ્લિકેશનમાં અપલોડ થશે.

ઉલ્લેખનીય છે કે, લાંકરક્ષાકદળ, બિનસચિવાલય સહિતની અનેક સ્પર્ધાત્મક પરીક્ષાના પેપર લીક થયાની ઘટનાથી વિદ્યાર્થીઓને હવે આવનારી પરીક્ષાઓ પરથી વિશ્વાસ ઉઠવા લાગ્યો છે. બીજી તરફ બોર્ડની પરીક્ષામાં પણ વર્ષે પેપરલીક થયાની અફવાઓ વહેતી થતી હોય છે. વર્ગખંડમાં પ્રશ્નપત્ર પહોંચે તે પહેલા સીલ ખુલી ગયુ હોવાની ચર્ચા વહેતી થતી હોય છે. જેથી ૫ માર્ચથી શરૂ થનારી બોર્ડની પરીક્ષામાં કોઈપણ પ્રકારની ગેરરીતિ ન થાય તે માટે બોર્ડ દ્વારા ખાસ પ્રકારની એપ્લિકેશન બનાવવા માટેની વિચારણ કરવામાં આવી રહી છે.



ગુરુ ગોવિંદસિંહની જન્મજયંતી અગાઉ પટનામાં શીખ શ્રદ્ધાળુઓની નગરકીર્તન યાત્રામાં ગટકા નામની માર્શલ આર્ટ્સના કરતબ કર્યા હતા.

પેટ્રોલ ૧૧૬,ડિઝલ ૧૨૭ રૂ.નું લીટર,૧૭૯૧નો ગેસનો બાટલો

પાકિસ્તાનમાં આગ ઝરતી મોંઘવારી: ૧૦ કિલો લોટનો ભાવ ૭૦૦ને પાર..!!

ઈસ્લામાબાદ

આતંકવાદને પોતાની સ્ટેટ પોલિસી તરીકે ઉપયોગ કરનારૂ પાકિસ્તાનની સ્થિતિ હાલ અત્યંત ખરાબ છે. અગાઉથી જ કમરતોડ મોંઘવારીએ પાકિસ્તાનમાં હવે રીતસરની માઝા મુકી છે. મોંઘવારીનો શિકાર પાકિસ્તાનના લોકોએ નવા વર્ષના પહેલાં દિવસે જ ભારે આંચકો લાગ્યો છે. પેટ્રોલ, ડીઝલ, રસોઈ ગેસ તથા લોટના ભાવમાં વધારો થયો છે.

પાકિસ્તાનમાં પેટ્રોલની કિંમતમાં ૨ રૂપિયા ૬૧ પૈસા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો છે. હવે તેનો ભાવ વધીને ૧૧૬ રૂપિયા ૬૦ પૈસા પ્રતિ લીટર થઈ ગયો છે. તો ડીઝલના ભાવમાં પણ ૩ રૂપિયા ૧૦ પૈસાનો વધારો થયો છે. જેથી એક લીટર ડીઝલની કિંમત ૧૨૭ રૂપિયા ૨૬ પૈસા થઈ ગઈ છે.

ઈમરાન ખાન સરકારે સૌથી મોટો ઝટકો ઘરેલૂ રાંધણ ગેસના સિલિન્ડરના ભાવમાં આપ્યો છે. ૧૧.૮ કિલોના એક ઘરેલૂ એલપીજી સિલિન્ડરની કિંમત એક ઝાટકે ૨૨૭ રૂપિયા ૭૯ પૈસા વધારો ઝીંકવામાં આવ્યો છે. જેથી હવે એક સિલિન્ડરની કિંમત ૧૫૧૩.૬૯ રૂપિયાથી વધીને ૧૭૯૧.૪૮ રૂપિયા થઈ ગઈ છે. તો કેરોસીનના ભાવમાં ૩ રૂપિયા ૧૦ પૈસા પ્રતિ લીટરનો વધારો કરવામાં આવ્યો છે.

પાકિસ્તાનમાં માત્ર પેટ્રોલિયમ ઉત્પાદનોના જ ભાવ વધ્યા એવુ નથી. સરકારે લોટની કિંમતમાં પણ ભારે વધારો કર્યો છે. બલુચિસ્તાનમાં લોટના ૨૦ કિલોના થેલાના ભાવમાં સીધો જ ૮૦ રૂપિયાનો વધારો કર્યો છે. હવે ૨૦ કિલો લોટના થેલો ૧૧૦૦ રૂપિયામાં મળી રહ્યો છે.

કરાચીમાં તો લોટ એના કરતાં પણ મોંઘો મળી રહ્યો છે. અહીં દસ કિલોના લોટના ભાવમાં ૫૦ રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે અને હવે દસ કિલો લોટના થેલાની કિંમત ૭૦૦ રૂપિયા થઈ ગઈ છે. અહીં ૨૦ કિલો કોટની કિંમત રૂપિયા ૧૪૦૦ પહોંચી ગઈ છે. આમ અત્યાર સુધી શાકભાજીના ભાવને લઈને પરેશાન પાકિસ્તાનની જનતાએ હવે પેટ્રોલ,ડ ડીઝલ, રાંધણગેસ ઉપરાંત લોટના ભાવને લઈને ત્રાહિમામ પોકારી ઉઠી છે.

પીનેવાલે કો પીને કા બહાના ચાહિયે...

દિલ્હીમાં કાતિલ ઠંડીની ઈફેક્ટ?: એક મહિનામાં ૧ હજાર કરોડનો દારૂ પીવાયો

ન્યુ દિલ્હી

વીતેલા ડિસેંબર માસમાં ઠંડી વધી હોવાના બહાને દિલ્હીવાસીઓએ એક મહિનામાં ૧,૦૦૦ કરોડ રૂપિયાનો શરાબ ગટગટાવ્યો હતો એવો અહેવાલ મળ્યો હતો

રેવેન્યુ વિભાગને પ્રોડક્ટ ડ્યૂટી રૂપે ગયા વર્ષ કરતાં આ વર્ષના ડિસેંબરમાં ખાસ્સી વધુ આવક થઈ હતી. સૌથી વધુ શરાબ ૨૫મી અને ૩૧મી ડિસેંબર વચ્ચે વેચાયો હતો એવું આ અહેવાલમાં જણાવાયું હતું.

આબકારી જકાત વિભાગે જણાવ્યું હતું કે ડિસેંબર માસમાં ૧,૦૦૦ કરોડનો શરાબ એકલા દિલ્હીમાં વેચાયો હતો જેના પગલે સરકારી તિજોરીમાં ૪૬૫ કરોડ રૂપિયા કરવેરા અને ડ્યૂટી રૂપે જમા થયા હતા. શરાબ પર ૪૮ ટકા સેલ્સ ટેક્સ છે. ગયા વરસે આ જ સમયગાળા દરમિયાન ૪૬૦ કરોડ રૂપિયા સરકારી તિજોરીમાં જમા થયા હતા.

સરકારી પ્રવક્તાએ કહ્યું હતું કે આ વરસે ૪૮૫ કરોડ સેલ્સ ટેક્સ રૂપે મળવાની ધારણા હતી પરંતુ આ વરસે ડિસેંબરમાં દિલ્હીના ૧૨૦ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સ વિવિધ કારણો અને આંદોલનોના પગલે બંધ હતા એટલે શરાબનું વેચાણ ધાર્યા મુજબ થયું નહોતું. વર્ષના અન્ય મહિનાઓમાં આ ડિપાર્ટમેન્ટલ સ્ટોર્સમાં મહિને ૧૫ કરોડ રૂપિયાનો શરાબ વેચાય છે. ડિસેંબરમાં શરાબનું વેચાણ વધીને ૨૨થી ૨૫ કરોડનું થતું હોય છે. આ વરસે ઠંડી વધુ હોવાથી શરાબ સારા એવા પ્રમાણમાં વેચાયો હતો.

તાઈવાનમાં હેલિકોપ્ટર ક્રેશ: લશ્કરના વડા સહિત ત્રણ મુસાફરો લાપતા

તાઈપેઈ

તાઈવાનમાં એક હેલિકોપ્ટર દુર્ઘટનામાં ક્રેશ થયું હતું જેમાં લશ્કરના વડા સહિત અન્ય ૧૩ લોકો સવાર હતા. હેલિકોપ્ટર ક્રેશ બાદ લશ્કરના વડા સહિત ત્રણ મુસાફરો લાપતા છે અને તેમની શોધખોળ હાથ ધરાઈ છે.

ગુરુવારે તાઈપેઈ રક્ષા મંત્રાલયે આ અંગે વિગતો આપતા જણાવ્યું હતું કે, એક હેલિકોપ્ટર ક્રેશ થયું છે જેમાં લશ્કરના વડા હતા જે હાલ લાપતા છે. યુએચ-૬૦ હેલિકોપ્ટર ટેકઓફની થોડી જ વારમાં તાઈપેઈ પર્વત માળા નજીક ક્રેશ થયું હતું. આ હેલિકોપ્ટરમાં લશ્કરના વડા શેન યી-મિંગ સહિત ૧૩ લોકો સવાર હતા. હેલિકોપ્ટર તેના રૂટિન કાર્યક્રમ મુજબ પૂર્વોત્તરના યિલાન કાઉન્ટીમાં નવા વર્ષ નિમિત્તે લશ્કરના વડાને લઈને સૈનિકોને મળવા જતું હતું.

રક્ષા મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે દસ જેટલા લોકો જીવિત છે અને તેમનો પતો લાગ્યો છે જ્યારે ૬૨ વર્ષીય લશ્કરના વડા શેન સહિત ત્રણ લાપતા છે અને તેમને શોધવા બચાવ અભિયાન હાથ ધરાયું છે.

અમેરિકી લશ્કરે બગદાદીનો ખાત્મો કર્યો હતો

બગદાદીના સ્થાને અબુ ઈબ્રાહિમ અલ કુરૈશી ISISનો વડો બન્યો

તહેરાન

આઈએસઆઈએસનો વડો અબુ બકર બગદાદી અમેરિકી લશ્કરના ઓપરેશનમાં ઠાર થતાં આઈએસઆઈએસના વડા તરીકેની ધુરા અન્ય ખતરનાક આતંકવાદી અબુ ઈબ્રાહિમ અલ કુરૈશીએ સંભાળી લીધી હતી. બગદાદી મરાઈ જતાં આઈએસઆઈએસ ખતમ થઈ જશે એવી ધારણા ખોટી પડી હતી અને આઈએસઆઈએસ સક્રિય રહ્યું હતું. માત્ર બગદાદીના સ્થાને અબુ ઈબ્રાહિમ અલ કુરૈશી આઈએસઆઈએસનો વડો બન્યો હતો.

ફોરેન અફેર્સ મેગેઝિનમાં પ્રગટ થયેલા એક લેખમાં જણાવાયા મુજબ બગદાદી મરવાથી આઈએસઆઈએસ નબળું પડ્યું છે પરંતુ સાવ ખતમ થયું નથી. ૨૦૧૯ના માર્ચમાં પૂર્વી સિરિયાના બાગુજ શહેર પર અમેરિકાના સમર્થનવાળી કુર્દ અને આરબ સેનાએ કબજો મેળવી લીધો હતો. બાગુજ શહેર આઈએસઆઈએસનો ગઢ ગણાતું હતું. ત્યારબાદ સાત મહિના પછી અમેરિકી સેના સાથે અથડામણ થઈ ત્યારે પોતે ઊગરી શકે એમ નથી એવું લાગતાં બગદાદીએ પોતાની જાતને ગોળી મારીને ઠાર કરી હતી. ફોરેન અફેર્સ મેગેઝિને વધુમાં જણાવ્યા મુજબ અમેરિકાના કાઉન્ટર-ટેરરીઝમ સેન્ટરના વડા રસેલ ટ્રેકર્સે અમેરિકી કોંગ્રેસને એવી માહિતી આપી હતી કે છેલ્લા એક વર્ષમાં આઈએસઆઈએસએ ઘણા આતંકવાદી હુમલા કર્યા હતા જે ખૂબજ ચોક્સાઈ ભરેલા આયોજન દ્વારા અને વિવિધ જૂથોના સંગઠિત હુમલા જેવા હતા.

સાઈરસ મિસ્ત્રી કેસ : ટ્રિબ્યૂનલના ચુકાદાને ટાટા સન્સે સુપ્રીમ કોર્ટમાં પડકાર્યો

ન્યુ દિલ્હી

નેશનલ કંપની લો એપલેટ ટ્રિબ્યુનલના ચુકાદા વિરુદ્ધ ટાટા સન્સે સુપ્રીમ કોર્ટમાં વચગાળાની રાહત માંગવાનું નક્કી કર્યું છે. ૯ જાન્યુઆરીના રોજ ટીસીએસના ત્રિમાસિક પરિણામની વિચારણા માટે બોર્ડ બેઠક બોલાવી શકાય તે માટે આ નિર્ણય લેવાયો છે. ટાટા સન્સે આ અંગે સુપ્રીમ કોર્ટમાં આજે અપીલ કરી દીધી છે. જોકે સૂત્રોના જણાવ્યાં અનુસાર આ સુનાવણી ૬ જાન્યુઆરીએ સુપ્રીમ કોર્ટ ખુલશે ત્યારે જ શક્ય બનશે. આ મુદ્દે કાયદાવિદોના જણાવ્યાં અનુસાર મિસ્ત્રી સમૂહની માલિકીની કંપનીઓ વચગાળાના સ્ટેનો વિરોધ કરી શકે છે જેના નિવારણ માટે ટાટા સમૂહે અંતિમ ચુકડા સુધી સાયરસ મિસ્ત્રીને બોર્ડમાં સ્થાન આપવું પઢશે.

અત્રે નોંધનીય છે કે ૧૯ ડિસેમ્બરે એનસીએલએટીએ પોતાના ચુકાદામાં આદેશ આપ્યો હતો કે સાયરસ મિસ્ત્રીને ટાટા સન્સના ચેરમેન બનાવવામાં આવે તેમજ અન્ય ત્રણ કંપનીઓમાં ડિરેક્ટર તરીકે નિમણુંક કરવામાં આવે. આ ચુકાદાનો તાત્કાલિક અમલ કરવાં આવે તેવી તાકીદ પણ કરાઈ હતી. કાયદાવિદ કહી રહ્યા છે કે ટાટા સમૂહ સુપ્રીમમાં રાહત મળે તે અગાઉ બોર્ડ મિટિંગ બોલાવવાનું જોખમ લઇ શકે તેમ નથી.જોકે આ મુદ્દે ટાટા સન્સ અને ટીસીએસ તેમજ શાપુરજી પાલોનજી સમૂહ દ્વારા કોઈ નિવેદન આપવાનો ઈકાર કરવામાં આવ્યો હતો.

કેન્દ્ર સરકારની નીતિઓ વિરુદ્ધ ભારતીય મજૂર સંઘ આજે દેશવ્યાપી પ્રદર્શન કરશે

ન્યુ દિલ્હી

રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ સાથે સંકળાયેલા ભારતીય મજૂર સંઘએ પીએમ મોદીની આગેવાનીવાળી એનડીએ સરકારની 'શ્રમ વિરોધી' નીતિઓ વિરુદ્ધ ૩ જાન્યુઆરી એટલે કે શુક્રવારે દેશવ્યાપી વિરોધની જાહેરાત કરી છે. આ અંતર્ગત ટ્રેડ યુનિયન દિલ્હીના જંતર-મંતરની સાથે તમામ જિલ્લા મથકો પર પ્રદર્શન કરશે.

ભારતીય મજૂર સંઘના જનરલ સેક્રેટરી વિરજેશ ઉપાધ્યાયે આ નિર્ણય અંગે વાત કરી હતી અને કહ્યું હતું કે તેમની સંસ્થા નોકરીઓમાં કરાર અને કેઝ્યુઅલ સિસ્ટમ વધારવાનો સખત વિરોધ કરે છે. તેમણે માંગ કરી હતી કે તમામ પ્રકારના કરાર, ફિક્સ્ડ ટર્મ, કેઝ્યુઅલ, દૈનિક વેતન, કામચલાઉ કામદારોને નિયમિત કરવા અને તેમને કાયમી રોજગાર આપવામાં આવે. આ ઉપરાંત ભારતીય મજૂર સંઘે પણ વ્યક્તિગત આવકવેરા છૂટની મર્યાદા વધારીને ૮ લાખ કરવાની માંગ કરી છે.

ઉપાધ્યાયે કહ્યું, 'સીધું વિદેશી રોકાણ અને સંરક્ષણ ક્ષેત્રનું કોર્પોરેટકરણ રાષ્ટ્રીય સુરક્ષાની વાત છે. રેલ્વેનું પણ કોર્પોરેટાઈઝેશન પણ બંધ કરવું જોઈએ, જે ભારતની જીવનરેખા છે. ભારતીય મજૂર સંઘે મોદી સરકારનાં આ પ્રયાસનો વિરોધ કર્યો છે. જેમાં હાલનાં શ્રમ કાયદાને ચાર કોડમાં સીમિત કરવાનો પ્રયાસ કરવામાં આવી રહ્યો છે.

જો કે, સંગઠન આ કોડની ઘણી જોગવાઈઓ સુધારવા માંગે છે, જે મજૂર વિરોધી છે અને કામદારોના સામાન્ય હિતોને અસર કરે છે. સંગઠને આક્ષેપ કર્યો છે કે દેશની નોકરશાહીએ ઉદ્યોગપતિઓ સાથેનું ગઠબંધન કાયમ કરી દીધું છે જેથી કામદારોના હક્કો દબાવવામાં આવે.

ભારતના આર્મી ચીફનું નિવેદન બેજવાબદારપૂર્ણ: પાકિસ્તાન અકળાયું

ઈસ્લામાબાદ

ભારતના નવા આર્મી ચીફ એમએમ નરવાણેએ પાકિસ્તાનને ચેતાવણી આપી દીધી હતી, આ ચેતાવણી આતંકવાદને લઈને હતી. હવે આ મુદ્દે પાકિસ્તાને પ્રતિક્રિયા આપી છે. પાકિસ્તાને ભારતના સેના પ્રમુખના નિવેદનને બેજવાદાર ગણાવ્યુ હતુ.

સેના પ્રમુખ જનરલ મનોજ મુકુંદ નરવાણેએ કહ્યું હતુ કે ભારતને નિયંત્રણ રેખા પર યોગ્ય સંજોગોમાં હુમલો કરવાનો અધિકાર છે. તેમને કહ્યુ હતું કે, સીમાપાર આતંકવાદ પર દેશે જબરદસ્ત એટેક કરવાની નીતિની લોકોએ ઝલક જોઈ લીધી છે.

પાકિસ્તાનના વિદેશ મંત્રાલયે નિવેદન જાહેર કરીને કહ્યું કે, અમે નિયંત્રણ રેખાની પાર પાકિસ્તાનના કબજા વાળા કાશ્મીરમાં હુમલો કરવાના ભારતના નવા સેના પ્રમુખના નિવેદનને ફગાવી દઈએ છીએ. સેના પ્રમુખનુ આ બેજવાબદાર નિવેદન છે.

પાકિસ્તાને કહ્યું કે, કોઈએ પણ બાલાકોટ ઘટના બાદ અમે ભારતને આપેલા જડબાતોડ જવાબને ના ભૂલવો જોઈએ.

આ પહેલા સેના પ્રમુખે કહ્યું હતુ કે, જો પાકિસ્તાન, રાજયમાં આતંકવાદની પોતાની નીતિ નથી રોકતુ તો આવા સમયે અમારી પાસે આતંક પર એટેક કરવા માટેના સ્ત્રોતોનો ઉપયોગ કરવાનો અધિકાર છે. સર્જિકલ સ્ટ્રાઈક અને બાલાકોટ અભિયાન બાદ આની ઝલક બધાએ જોઈ લીધી છે.

દિલ્હી-જયપુર નેશનલ હાઈવે-૮ પર ૩૦ વાહનો વચ્ચે અકસ્માત: ૧૮ લોકો ઘાયલ

ન્યુ દિલ્હી

નેશનલ હાઈવે-૮ પર આજે સવારે ગાઢ ધૂમ્મસને કારણે ૩૦થી વધુ વાહનો એકબીજા સાથે અથડાતા ૧૮ લોકો ઈજાગ્રસ્ત થયા છે. આ અકસ્માત દિલ્હી-જયપુર હાઈવે પર રાજસ્થાનના અલવર જિલ્લાના દૂધેરા નજીક થયો હતો. ઘાયલ લોકોને સ્થાનિક હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. અલવરથી ૬૦ કિમી દૂર થયેલા આ અકસ્માત બાદ ટ્રાફિક ક્લિયર કરાવવા ડેમેજ થયેલા વાહનોને હટાવવાનું પણ તાત્કાલિક શરુ કરવામાં આવ્યું હતું.

ગયા સપ્તાહે નેશનલ હાઈવે-૮ પર આ જ પ્રકારનો અકસ્માત થયો હતો, જેમાં બે લોકોના મોત થયા હતા જ્યારે ૧૨ લોકો ઘાયલ થયા હતા. ઉલ્લેખનીય છે કે, ઉત્તર ભારતમાં હાલ જોરદાર ઠંડી પડી રહી છે. વહેલી સવારે અહીંના મોટાભાગના વિસ્તારોમાં ગાઢ ધૂમ્મસ છવાયેલું રહેતું હોવાના કારણે રસ્તા પર વાહન ચલાવવું પણ મુશ્કેલ થઈ જાય છે. ટ્રાફિકથી હંમેશા ધમધમતા રહેતા દિલ્હી-જયપુર હાઈવે પર પહેલા પણ આ પ્રકારના અકસ્માત થઈ ચૂક્યા છે. વિઝિબિલિટી ઓછી હોવા છતાં હાઈવે પર બેફામ ઝડપે દોડતા વાહનો આવા ગંભીર અકસ્માત સર્જતા હોય છે.

કોંગ્રેસ હિન્દુ પહેલા પાનાથી ચાલુ

આધારે જ થયું હતું. પાકિસ્તાન ધર્મના આધારે જ બનાવવામાં આવ્યું હતું. પાક.માં રહેતા હિન્દુ ધાર્મિક લઘુમતીઓની ત્યાં સતાવણી કરવામાં આવે છે. સતાવેલા લોકોને શરણાર્થી તરીકે ભારત આવવાની ફરજ પડે છે. પરંતુ કોંગ્રેસ અને તેના સાથી પક્ષો પાકિસ્તાન વિરુદ્ધ બોલતા નથી, બલકે તેઓ આ હિન્દુ શરણાર્થીઓ વિરુદ્ધ રેલીઓ ચલાવે છે. હવે તે દરેક ભારતીયનું માનસ બની ગયું છે કે આપણને વારસામાં મળતી સમસ્યાઓનું સમાધાન કરવું પડશે. સમાજમાંથી નીકળતો આ સંદેશ આપણી સરકારને પ્રેરણા અને પ્રોત્સાહન પણ આપે છે.

તેમની સરકારની સિદ્ધિઓ ગણાવતા વડા પ્રધાને કહ્યું કે, "વર્ષ ૨૦૧૪ થી ભારતે સામાન્ય માણસોની ઉન્નતિ માટે અર્થપૂર્ણ પરિવર્તન લાવવા અભૂતપૂર્વ પ્રયાસો કર્યા છે. આજે દેશને ખુલ્લામાં શૌચથી મુક્ત કરવાનો સંકલ્પ, ગરીબ બહેનોને ચૂલાના ધૂમાડાથી મુક્ત કરવાનો ઠરાવ અને ખેડુતો, નાના વેપારીઓ અને મજૂરો માટેના સંકલ્પ અસરકારક સાબિત થઈ રહ્યા છે. અમે કલમ ૦ ૩૭૦ નાબૂદ કરી કાશ્મીરને આતંકવાદ અને નિર્દોષતાથી મુક્ત કરી છે. અને ભગવાન રામના જન્મસ્થાન પર શાંતિ, સુમેળ માટે રામ મંદિર પણ બનાવવામાં આવી રહ્યું છે.

વડાપ્રધાને આ પ્રસંગે જનજીવન માટેના ૩ ઠરાવો અંગે સંતસમુદાયનો ટેકો પ્રાપ્ત કરવાના પ્રયાસ રૂપે કહ્યું હતું કે આજે, હું સંત સમુદાયમાં ત્રણ ઠરાવો માટે સક્રિય ટેકો માંગું છું અને ત્રણેય ઠરાવોમાં, પ્રથમ, આપણે આપણી કર્તવ્યો અને ફરજોને મહત્ત્વ આપવાની આપણી પુરાતત્વીય સંસ્કૃતિને મજબૂત બનાવવી પડશે. બીજું - પ્રકૃતિ અને પર્યાવરણનું રક્ષણ કરો. ત્રીજું - જળસંગ્રહ અને જળ સંચય માટે જનજાગૃતિમાં સહકાર આપો.

મોદી-મમતા પહેલા પાનાથી ચાલુ

નહતા આવ્યા. નોંધનીય છે કે ૨૦૧૫થી લઈને અત્યાર સુધી પશ્ચિમ બંગાળ સરકાર બે વખત 'કન્યાશ્રી' યોજનાને દર્શાવવાનો પ્રયત્ન કરી ચૂકી છે, પરંતુ બંને વખતે તેમને આ માટે મંજૂરી મળી નહતી. ૨૦૧૮માં બંગાળ સરકારે 'એકતા-એ-સમ્પ્રતિ' એટલે કે 'એકતા જ ભાઈચારો' છેની થીમ પર ઝાંખી નિકાળવાની કોશિશ કરી હતી, પરંતુ ત્યારે પણ કંઈક આવો જ મામલો સામે આવ્યો હતો.

આ વર્ષે ગણતંત્ર દિવસની પરેડ માટે પદ્દમાંથી કુલ ૨૨ ઝાંખીઓની પસંદગી કરવામાં આવી છે જેમાંથી ૧૬ રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોથી અને છ અલગ -અલગ મંત્રાલયોમાંથી છે.

તમિલનાડુ પહેલા પાનાથી ચાલુ

અમિત શાહ પર આરોપ લગાવ્યો હતો કે, તેમણે વડા પ્રધાન મોદીને પોતાના નિયંત્રણમાં રાખ્યા છે. તમિલ લેખકનાં વિવાદિત નિવેદનને લઈને ભાજપનાં રાષ્ટ્રીય સચિવ એચ.રાજાએ તમિલનાડુ પોલીસને તેમની ધરપકડ કરવાની માંગ કરી હતી.

પોલીસે તમિલ લેખક વિરુદ્ધ કલમ ૫૦૪, ૫૦૫ અને ૫૦૫ (૨) હેઠળ કેસ નોંધ્યો હતો. પોલીસ કન્નનની ધરપકડ કરવા ત્યારે પહોચી જ્યારે તેમને જણાવવામાં આવ્યુ કે કન્નનને છાતીમાં દુખાય છે. ત્યારબાદ તેમને એમ્બ્યુલન્સમાં હોસ્પિટલમાં લઈ જવામાં આવ્યા હતા.

રાજસ્થાનમાં પહેલા પાનાથી ચાલુ

મૃત્યુ મામલે સંવેદનશીલ છે. આ મુદ્દે કોઈ રાજનીતિ ન થવી જોઈએ. કોટાની આ હોસ્પિટલમાં બાળકોનો મૃત્યુદર સતત ઓછો થઈ રહ્યો છે. અમે આગળ જતા આને હજી ઓછો કરવાનો પ્રયત્ન કરીશું.

ગહેલોતે પોતાના એક ટ્વીટમાં કહ્યું કે, માં અને બાળક સ્વસ્થ રહે એ અમારી સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રાજસ્થાનમાં સૌથી પહેલા બાળકો માટેના આઈસીયુની સ્થાપના અમારી સરકારે ૨૦૦૩ માં કરી હતી. કોટામાં પણ બાળકોના આઈસીયુની સ્થાપના અમે ૨૦૧૧ માં કરી હતી. સ્વાસ્થ્ય સેવાઓમાં વધારે સુધારો કરવા માટે ભારત સરકારે વિશેષજ્ઞ દળનું પણ સ્વાગત છે. અમે તેમની સાથે વિચાર-વિમર્શ કરીને તેમના સહયોગથી રાજ્યમાં ચિકત્સા સેવાઓમાં સુધાર માટે તૈયાર છીએ. નિરોગી રાજસ્થાન અમારી પ્રાથમિકતા છે. મીડિયા કોઈપણ દબાણમાં આવ્યા વગર તથ્ય લોકો સમક્ષ રજૂ કરે.

બાળકીઓ સાથેના જાતિય સતામણીના વધેલા કિસ્સા ચિંતાનો વિષયઃ ચૂડાસમા

સુરત

વરાછાના સરદાર સ્મૃતિ હોલમાં પોલીસ અને જિલ્લા શિક્ષણ વિભાગ દ્વારા સેફ હોમ સેફ સ્ટ્રીટના નેઝા હેઠળ શિક્ષકોની તાલિમ શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગુજરાત સરકારના શિક્ષણ મંત્રી હાજર રહ્યાં હતાં. શિક્ષણમંત્રી ભૂપેન્દ્રસિંહ ચૂડાસમાએ જણાવ્યું હતું કે, બાળકો સાથેના જાતિય સતામણીના કિસ્સાઓ વધી રહ્યાં છે. નજીકના સંબંધીઓ અને પાડોશીઓ દ્વારા નાની બાળકીઓ સાથે જાતિય સતામણી કરવામાં આવી રહી છે જે ચિંતાનો વિષય છે.

સુરતના ડીઈઓ, પોલીસ કમિશનર આર બી બ્રહ્મભટ્ટ, મહિલા ડીસીપી ઝોન ૩ વિધિ ચૌધરી, એસેપી સહિતના આધિકારીઓની ઉપસ્થિતિમાં યોજાયેલા કાર્યક્રમમાં સાત સોથી વધુ શિક્ષકોને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું. શહેરના શાળાના શિક્ષકોને ગૂડ ટચ અને બેડ ટચની માહિતી અપાઈ હતી. જેથી તેઓ બાળકો સાથે કોઈ ખરાબ વર્તન કરે તો પોતાના વાલીઓ કે શિક્ષકોને જાણ કરે અને તેના થકી સમગ્ર કેસ પોલીસમાં પહોંચીને આરોપીઓને ગુના કરતાં અટકાવવા કડકમાં કડક સજા અપાવવામાં મદદરૂપ બની શકાય.

ઘણા વખતથી વધુ પ્રમાણમાં દીકરી સાથે જાતિય સતામણીના કિસ્સાઓ સામે આવતા હોવાનો સ્વિકાર કરતાં શિક્ષણમંત્રીએ જણાવ્યું હતું કે, આ બાબત સમાજ માટે ચિંતાનો વિષય છે.સામાજિક દુષણ સામાજિક સમસ્યા છે સહુએ સાથે મળી ઉપાય કરવાની જરૂર છે.આ પ્રકારના કાર્યક્રમોથી જાગૃતિ આવતાં કિસ્સાઓ ઓછા થશે તેવું શિક્ષણમંત્રીએ વધુમાં ઉમેર્યું હતું.

યુવકે પબજી ગેમથી પરિણીતાને ફસાવી, મિત્રો સાથે મળી દુષ્કર્મ આચરતા ખળભળાટ

વલસાડ

વલસાડનાં યુવાન અને ભોપાલની પરિણીતા વચ્ચે પબજી રમતા રમતા વાતચીત શરૂ થઈ હતી. જે બાદ યુવકે પરિણીતાને નોકરીની લાલચ આપી મુંબઈ બોલાવી હતી. યુવકનાં ભરોસે પરિણીતા મુંબઈ આવી પહોંચી હતી. મુંબઈમાં પરિણીતાને હોટેલમાં બોલાવી યુવકેતેના પર દુષ્કર્મઆચર્યુંહતું. જેનું મોબાઈલમાં રેકોર્ડિંગ પણ કરી લીધું હતું. આ રેકોર્ડિંગને આધારે યુવક પરિણીતાને બ્લેકમેઈલ કરવા લાગ્યો હતો. જેબાદ વીડિયો વાયરલ કરવાની ધમકી આપીને પરિણીતાને વલસાડ પણ બોલાવી હતી. જ્યાં યુવાને પોતાના મિત્રો સાથે મળી મહિલા પર સામૂહિક દુષ્કર્મ આચર્યું હતું. આ બદકામનો પણ વીડિયો તેણે પોતાના મોબાઈલમાં ઉતાર્યો હતો. ભોપાલમાં પરિણીતાનાં પતિએ પત્ની ગુમ થયાની ફરિયાદ નોંધાવી હતી. મોબાઈલ લોકેશનનાં કારણે પરિણીતા વલસાડ હોવાનું ભોપાલ પોલીસનાં ધ્યાને આવ્યું હતું. જેથી અહીં તપાસ કરતાં પરિણીતા મળી આવી હતી. જે બાદ મહિલાએ ભોપાલ પોલીસને સમગ્ર માહિતી વર્ણવી હતી. હાલ આ પરિણીતાને ગર્ભ પણ છે. આ અંગે ભોપાલની મહિલાએ મુંબઈમાં ૩ યુવકો સામે દુષ્કર્મની ફરિયાદ નોંધાવી છે.

ફાયર સેફ્ટીના મુદ્દે જગદંબા ટેક્સટાઈલ માર્કેટની ૪૮ દુકાનોને સીલ મરાયા

અડાજણમાં શોપિંગ સેન્ટરની ૧૪૫ દુકાનો પણ સીલ

સુરત

૨૦૧૯ના વર્ષમાં તક્ષશીલા દુર્ઘટના બાદ નવા વર્ષ ૨૦૨૦માં પણ ફાયરબ્રિગેડ દ્વારા ફાયર સેફ્ટીને લઈને કડક હાથ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. શહેરમાં ફાયરસેફ્ટીના અભાવે સીલ મારવાની કામગીરી ઘણા સમયથી ચાલુ હોવા છતાં સ્કૂલ,શોપિંગ મોલ અને સિનેમા હોલ સહિતની ઈમારતોમાં ફાયરસેફ્ટીના સાધનો ન મુકવામાં આવતાં સીલની કામગીરી કરવામાં આવી હતી. અમુક જગ્યાએ એકવાર સીલ મરાયા બાદ પણ ફાયર સેફ્ટીના સાધનો ન ઉભા કરતાં ફાયરબ્રિગેડે ફરી સીલ માર્યું .

ફાયરબ્રિગેડ દ્વારા વહેલી સવારથી સીલ મારવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. શહેરના વિવિધ વિસ્તારમાં આદરાયેલી કામગીરીમાં અડાજણ વિસ્તારમાં આવેલા નિશાલ શોપિંગ સેન્ટરની ૧૪૫ દુકાન અને ઓફિસોને ફરી સીલ મારી દેવામાં આવ્યાં હતાં. અગાઉ ગત ૧૭ સપ્ટેમ્બર ૨૦૧૯ના રોજ સીલ મારવાની કામગીરી કરવામાં આવી હતી. તેમ છતાં ફાયર સુવિધા ઉપલબ્ધ ન કરતા ફરી સીલ કરાઈ હતી.

રિંગરોડ વિસ્તારમાં આવેલ જગદંબા માર્કેટ ૪૮ દુકાન સીલ કરાઈ હતી. સાથે જ ધી ગ્લોબલ ઈન્ડિયન સ્કૂલ તથા કિડ્સ એપલ નર્સરી સ્કૂલ ડીંડોલી સીલ કરાઈ હતી. કતારગામ વેડ વિસ્તારમાં આવેલા સિનેમા હોલને પણ સીલ મારી દેવામાં આવ્યું હતું. ભટાર વિસ્તારમાં આવેલી ઈન્ટરીયો બિઝનેસ કોમ્પલેક્ષ સીલની સાથે વરાછામાં મેવાડ સ્કૂલ સીલ કરીને ફાયરબ્રિગેડે સીલીંગની મોટી કામગીરી કરી હતી. જેમાં અલગ અલગ ફાયરબ્રિગેડના કર્મચારીઓની ટીમ જોડાઈ હતી.

એસવીએનઆઈટી એલુમની એસો.નું વાર્ષિક સમ્મેલન યોજાયું

તેજસ્વી વિદ્યાર્થીઓનું સુવર્ણ, રજત અને કાસ્ય પદક થી સન્માન

સુરત

SVNIT એલુમની એસોસીએશન નું ૧૩ મું વાર્ષિક સંમેલન શનિવાર, તા. ૨૮/૧૨/૨૦૧૮ નાં રોજ એસ. વી. એન. આઈ. ટી.ઈચ્છાનાથ ખાતે યોજાયું હતું. જેમાં એસોસિએશનનાં ૩૦૦ સભ્યો ઉપસ્થિત રહ્યાં હતાં. ઉપરોક્ત સંમેલનમાં મુખ્ય અતિથિ સાંસદ શ્રીમતી દર્શનાબેન જરદોશનું સન્માન કરાયું હતું. તેમજ અતિથિવિશેષ તરીકે હાજર રહેલ હિન્ડાલકો કંપની નાં પ્રમુખ શ્રી સંજયભાઈ સરકાર, કલરટેક્ષનાં ડાયરેકટર શ્રી મહેશભાઈ કબુતરવાલા, દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ શ્રી શિવેન્દ્ર ગુપ્તા અને નામાંકિત સી.એ. શ્રી પ્રદીપભાઈ સિંઘીનું સન્માન કરાયું હતું. સંમેલનમાં SVNIT એલુમની એસોસીએશનની વિવિધ પ્રવૃતિઓની માહિતી, અહેવાલ, વાર્ષિક મેગેઝીન મિલાપ ૨૦૧૯× સુવિનીયરનું અનાવરણ કરાયું હતું, તેમજ SVNIT નાં વિધાર્થી અને વિધાર્થીની તેમની શૈક્ષણિક ઉપલબ્ધિ માટે સુવર્ણ, રજત અને કાંસ્ય પદકથી સન્માનિત કરાયા હતાં. આ સંમેલનમાં પ્રથમ વખત એસ. વી. એન. આઈ. ટી.નાં પ્રતિષ્ઠિત એલમની ઈજનેરોનું તેમનાં સમાજ તેમજ સંસ્થા તરફનાં વિશિષ્ટ પ્રદાન માટે "એસ એલમની એવોર્ડ (AAA) થી સન્માન કરાયું હતું. ઉપરોક્ત સંમેલનમાં એસોસીએશનના ફાઉન્ડર ટ્રસ્ટીઓ તેમજ હાજર રહેલ તમામ સીનીયર એલુમનીનું સન્માન કરાયું હતું. સંમેલનનાં અંતે એલ્યુમની એસોસીએશનનાં ઉપપ્રમુખ શ્રી રવિભાઈ સોપારીવાલાએ આભારવિધી કરી હતી.

ફિટ ઈન્ડિયા મુવમેન્ટ અંતર્ગત બાઈસિકલ મેયર ડો. ભૈરવી જોષીની સાઈકલિંગ ચેલેન્જ

સાયકલ ચલાવતો ફોટો સોશિયલ મિડિયામાં મૂકી મિત્રોને ચેલેન્જ આપો

વલસાડ

વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા લોન્ચ્ કરાવામાં આવેલી ફીટ ઈન્ડિજયા મુવમેન્ટા અંતર્ગત જાન્યુઈઆરી મહિનાને સાયકલિંગ મંથ તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. ફીટ ઈન્ડિાયાની આ મુવમેન્ટઈને સપોર્ટ કરવા માટે નેધરલેન્ડ્ બાઈકસ અને વલસાડના બાઈસિકલ મેયર ડૉ.ભૈરવી જોષી દ્વારા સાયકલિંગ ચેલેન્જ્ લોન્ચા કરવામાં આવી છે.

ડૉ. ભૈરવી જોષી જણાવે છે કે, ફીટ ઈન્ડીયા મુવમેન્ટ ની થીમ અને નેધરલેન્ડ્ડ બાઈકસની આ વર્ષની થીમ-સીટી ફીટ ફોર ચિલ્ડ્રજન અંતર્ગત આ સાયકલ ચેલેન્જે લોન્ચક કરવાનું વિચાર્યું છે. આ ચેલેન્જેમાં વલસાડ શહેરની સાથે-સાથે સૂરત, નવસારી, વડોદરા, બેંગલોર તેમજ નેધરલેન્ડ્ક બાઈકસ હેઠળ આવતા શહેરોમાં પણ લોન્ચે કરાશે. આ ચેલેન્જવનો હેતુ સાયકલિંગ અવેરનેસ અને પ્રમોટ કરવાનો છે.

આ સાઈકલિંગ ચેલેન્જછ માટે તમારો સાઈકલ ચલાવતો ફોટોગ્રાફ કે વિડીયો ફેસબુક અને ટવીટર ઉપર ઈષ્ઠઅષ્ઠઙ્ઘીષ્ઠરઙ્કઙ્ઘીહઙ્મી અથવા ઈષ્ઠઅષ્ઠઙ્ઘીષ્ઠરઙ્કઙ્ઘર્દ્ભ સાથે પોસ્ટફ કરો અને તમારા મિત્રને સાયકલ ચલાવવાની ચેલેન્જી આપો. આ ચેલેન્જરમાં સૌ શહેરીજનો અને સાઈકલિસ્ટવને આ ચેલેન્જ સ્વીાકારી ફીટ ઈન્ડિનયા મુવમેન્ટવમાં સહયોગ આપવા અનુરોધ કરાયો છે.

દસ દિવસમાં ઠંડી વધવાની આગાહી

દક્ષિણ ગુજરાતમાં ઠંડી થોડી ઓછી થઈ : નવસારીમાં ૧૦ ડીગ્રી તાપમાન

સુરતમાં ૧૪ અને વલસાડમાં ૧૨ ડીગ્રી

સુરત

નવા વર્ષની શરૂઆતમાં જ રાજયભરમાં શીતલહેર ફરી વળી છે. ઉત્તર ભારતમાં હિમવર્ષાના કારણે ગુજરાતભરમાં આગામી ૧૦ દિવસ ભારે શીત લહેરની હવામાન વિભાગે આગાહી કરી છે.

રાજસ્થાન અને તેને અડીને આવેલા પાકિસ્તાન વિસ્તાર પર સર્જાયેલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સથી પવનની દિશા બદલાઈ છે. બુધવારે અમદાવાદના લઘુતમ તાપમાનમાં ૧ ડિગ્રીનો વધારો થયો હતો છતાં પણ આખો દિવસ ઠંડો પવન ફૂંકાતા લોકો થથરી ગયા હતા. બે દિવસ બાદ એટલે કે ૪ જાન્યુઆરીથી ફરી તાપમાન ઘટતાં ઠંડીમાં વધારો થવાની શક્યતા છે. ભૂજમાં સૌથી વધુ ૭ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી. આ ઉપરાંત નલિયામાં ૭.૮ , અમરેલીમાં ૮.૭, રાજકોટમાં ૮.૮ ડિગ્રી ઠંડી નોંધાઈ હતી.

સુરત હવામાન વિભાગ દ્વારા મળતી માહિતી મુજબ આજે અધિકતમ તાપમાન ૨૭.૨ ડીગ્રી અને ન્યુનતમ તાપમાન ૧૫.૧ ડીગ્રી નોંધાયું છે. ગતરોજની સરખામણીએ આજે ૧ ડીગ્રી તાપમાન વધ્યું છે. સવારે ભેજનું પ્રમાણ ૯૦ ટકા થઈ જતા વહેલી સવારે ધુમ્મસની ચાદર વચ્ચે શહેર હિલ સ્ટેશનમાં ફેરવાયું હતું. વલસાડમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૨.૬ ડીગ્રી નોંધાયું છે. નવસારીમાં આજે સવારે ન્યુનતમ તાપમાન ૧૦.૮ ડીગ્રી નોંધાયું છે. જે ગતરોજ ૮.૫ ડીગ્રી નોંધાયું હતું. આજે તાપમાનમાં નજીવો સુધારો થતા લોકોને સામાન્ય રાહત મળી હતી.

ટેક્સટાઈલ યુનિટમાંથી થયેલી મશીનરી ચોરીનો ભેદ ઉકેલાયો, બે આરોપીની ધરપકડ

બારડોલી

સુરત જિલ્લા એલસીબીની ટીમે સુરત જિલ્લામાં ઓલપાડ, પલસાણા સહિતના પોલીસ સ્ટેશન વિસ્તારમાં ટેક્સટાઈલ યુનિટમાંથી થયેલી મશીનરી ચોરીનો ભેદ ઉકેલી કાઢ્યો છે. પોલીસે એક કરોડથી વધુનો મુદ્દામાલ કબ્જે કરી બે આરોપીની ધરપકડ કરી છે.

સુરત જિલ્લા એલસીબી પોલીસની ટીમ જિલ્લામાં બની રહેલા ધાડ, લૂંટ ચોરી સહિતના ગુનાઓના ભેદ ઉકેલવા માટે પેટ્રોલીંગમાં હતા. તે દરમ્યાન બાતમી મળી હતી કે જિલ્લાના પલસાણા તેમજ ઓલપાડ પોલીસ સ્ટેશનના દેલાડ ગામની હદમાં કાપડ બનાવવાના વીવિંગ એકમોમાં બનેલી ઘરફોડ ચોરીના બે આરોપીઓ એક રિક્ષામાં ચોરીનો મુદ્દામાલ ભરીને કડોદરાથી વાપી તરફ જવાના છે. આ બાતમીના આધારે વોચ ગોઠવીને એલસીબીએ ચલથાણ ગામની સીમમાં હાઇવે પરથી એક ઓટો રિક્ષા સાથે દિવાકર અનુપકુમાર મિશ્રા તેમજ અખિલેશ કુમાર શંકર શાહને ઝડપી પાડ્યા હતા. તેમની પાસેથી ચોરી ના વીવિંગ મશીનના ઈલેક્ટ્રોનિક કર્ડ , રિક્ષા મળી એક કરોડથી વધુ નો મુદ્દામાલ જપ્ત કરાયો હતો .

બંને રીઢા ચોરો અને તેમની પૂછતાછમાં દિવાળીના સમયે પલસાણા ગામની હદમાં આવેલ આર એન્ડ બી ડેનિમ મીલ તેમજ દેલાડ ગામે આવેલ કાપડની ફેક્ટરીમાંથી મશીનરીની ચોરી કરી હોવાનું કબૂલાત કરી હતી. પોતાના સાગરીતો સાથે મળી મીલો ની રેકી કરી બાદ માં મોંઘીદાટ મશીનરીની ચોરી કરી ફરાર થઇ ગયા હતા. બંને ઘણા દિવસોથી પોલીસ ને ચકમો આપી રહ્યા હતા.

હાલ તો બંને આરોપી ની વધુ પૂછપરછ શરૂ કરી છે. જોકે ચોરીમાં આરોપીઓના અન્ય સાગરીતો પોલીસ પકડથી દૂર છે. તેઓ પોલીસ પકડમાં આવ્યા બાદ ઔદ્યોગિક એકમોમાં થયેલ વધુ ચોરીઓનો ભેદ ઉકેલવા પોલીસ આશાવાદ સેવી રહી છે.

તાપી જિલ્લામાં જાહેર સ્થળોએ સી.સી.ટી.વી કેમેરા લગાવવા અંગે જાહેરનામુ

વ્યારા

જિલ્લામાં સુલેહ અને શાંતિનું વાતાવરણ જળવાઇ રહે અને લોકોની માલ મિલકતને નુકશાન ન થાય તે માટે તકેદારીના ભાગરૂપે અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી.બી.વહોનીયાએ એક જાહેરનામું પ્રસિદ્ધ કરી તાપી જિલ્લામાં આવેલી તમામ બેંકો, તમામ એટીએમ સેન્ટરો, સોના- ચાંદી તથા કિંમતી ઝવેરાતની દુકાનો તથા શો રૂમ તથા શોપીંગ મોલ, મલ્ટીપ્લેક્સ, થિયેટર, શોપીંગ સેન્ટરો, કોમર્શિયલ સેન્ટર, હોટલ, ગેસ્ટ હાઉસ, લોજીંગ-બોર્ડિંગ, ધર્મશાળા, અતિથિ ગૃહ, વિશ્રામ ગૃહ, હાઈવે પરના તોલ નાકા, સોનગઢ આર.ટી.ઓ. ચેકપોસ્ટ તથા જ્યાં બહારના માણસોને રહેવાની સુવિધા પુરી પડાતી હોય તેવા સ્થળો તથા સ્થળો તથા બહુમાળી બિલ્ડીંગો, મોટા ઔદ્યોગિક એકમો, મોટા ધાર્મિક સ્થળોના માલિકો/ ઉપભોકતાઓ/ વહીવટકર્તાઓએ તેમના ધંધાના સ્થળોએ પ્રવેશ દ્વાર પ્રવેશ દ્વાર ઉપર તથા બહાર નિકળવાના દ્વાર, રિશેપ્શન કાઉન્ટર, લોબી, બેઝમેન્ટ, પાર્કિંગની જગ્યા તથા જાહેર પ્રજા માટે જ્યાં પ્રવેશ હોય ત્યાં તમામ જગ્યાઓ આવરી લે તેટલી સંખ્યામાં સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ગોઠવવાની રહેશે. સીસીટીવી કેમેરા સારી ગુણવત્તાવાળા, વધુ રેન્જના(માણસોના ચહેરા સ્પષ્ટ ઓળખી શકાય તથા વાહનના નંબર વાંચી શકાય તેવા) ગોઠવવાના રહેશે. સીસીટીવીના રેકોડ'ગના ડેટા ઓછામાં ઓછા ૧૫ દિવસ સુધી સંગ્રહ કરવાના રહેશે. કેમેરા સતત ૨૪ કલાક કાર્યરત રહે તે જોવાની જવાબદારી માલિકો/ ઉપભોકતાઓ/ વહીવટકર્તાઓની રહેશે. કેમેરા તથા સીકયુરીટી ગાર્ડની વ્યવસ્થા હાલ હયાત તમામ ઉપરોક્ત એકમોએ સાત દિનમાં ઉભી કરી દેવાની રહેશે. આ જાહેરનામું તા.૦૪/૦૩/ ૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કે ઉલ્લંઘન કરનાર શિક્ષાને પાત્ર થશે.

દીપડાએ ૭ વર્ષના બાળક પર હુમલો કર્યો, મજુરોએ જીવ બચાવ્યો

સુરત

ફરી એક વાર સુરતના માંડવી વિસ્તારમાં ખૂંખાર દીપડાનો ભય વધ્યો છે. માંડવીના અરેઠ ગામની સીમમાં શેરડી કાપણી માટે મહારાષ્ટ્રના નવાપુર વિસ્તારમાં મજુરો ત્રણ ટુકડીમાં આવ્યા હતા. અરેઠ ગામે શેરડી કાપણી દરમ્યાન પડાવ નજીક લઘુશંકા કરી રહેલા સાત વરસના બાળક પર દીપડાએ હુમલો કરી બાળકને શેરડીના ખેતરમાં ખેંચી રહ્યો હતો ત્યારે અન્ય મજુરો જોઈ જતા દીપડો બાળકને મૂકી ભાગી છૂટ્યો હતો. આ ઘટના બાદ માંડવી વનવિભાગ ઘટના સ્થળે દોડી આવી પાંજરું મૂકી ખુંખાર દીપડાને પકડવા ચક્રો ગતિમાન કર્યા છે.

માંડવીના અરેઠ વિસ્તારમાં શેરડીના ઉભા ખેતરો આવેલા છે. ત્યારે હાલ સીઝન હોઈ શેરડી કાપવાની મોસમ ચાલી રહી છે. ત્યારે શેરડી કાપતા મજૂરોના પરિવારજનો ખેતરમાં નાની ઝૂંપડી બાંધીને રહે છે. આવામાં એક ખૂંખાર દીપડો ત્યાં આવી ચઢ્યો હતો. શેરડી કાપવા આવેલા એક મજૂરના દીકરાને દીપડાએ માઢેથી પકડી લીધો હતો. પરંતુ દીપડો બાળકને ઉપાડીને ક્યાંક લઈ જાય એ પહેલાં અન્ય મજૂરો દોડી આવ્યા હતા, અને આમ, દીપડાએ બાળકનો છોડ્યો હતો. આમ, મજૂરોને કારણે બાળકનો જીવ બચ્યો હતો. પરંતુ ઈજાગ્રસ્ત થયેલા બાળકને લોહીલુહાણ હાલતમાં સુરત સિવિલ હોસ્પિટલમાં ખસેડાયો હતો. આ ઘટના બાદ માંડવીના માજી બક્ષીપંચ મોરચાના મહામંત્રીએ પ્રકાશ પટેલે ખુંખાર દીપડાને પકડવા પાંજરા મૂકવાની માંગ કરી છે. તાજેતરમાં માંડવીના વરેઠ પેટીયા ગામની સીમમાં શેરડીના ખેતરમાંથી મૃત અવસ્થામાં દીપડો મળી આવ્યો હતો. ગામના સરપંચે વન વિભાગને જાણ કરતા રેન્જ ફોરેસ્ટની ટીમ ઘટના સ્થળે પહોંચી હતી. મૃત દીપડો ૩ વરસનો હતો. આમ, આ વિસ્તારમાં વારંવાર દીપડા સ્પોટ થયા છે.

ચાઈલ્ડ કેર સંસ્થામાંથી ત્રણ બાળકો નાસી જતા ચકચાર મચી

અમદાવાદ

સરસપુર રેલવે કોલોનીમાં આવેલી ચાઈલ્ડ કેર સંસ્થામાંથી ત્રણ બાળકો નાસી ગયા હોવાની ઘટના બની છે. ગુમ થયેલા આ ત્રણેય બાળકો કાલુપુર રેલવે સ્ટેશન પરથી મળી આવ્યા હતા. ત્યાર બાદ તેને રેલવે પોલીસે સવારે જ ચાઈલ્ડકેર સંસ્થાને સોંપ્યા હતા. જો કે ત્યાર બાદ આ બાળકો સંસ્થામાંથી નાસી ગયા હતા. આ મામલે શહેરકોટડા પોલીસે અપહરણનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

મૂળ ખેડામાં રહેતા સુનિલ વાઘેલા સરસપુર રેલવે કોલોનીમાં આવેલી પ્રયાસ જેક સોસાયટી નામની ચાઈલ્ડકેર સંસ્થામાં નોકરી કરે છે. બે દિવસ પહેલા સવારે રેલવે ચાઈલ્ડ લાઈનના અધિકારીઓ ૧૦ વર્ષ, ૬ વર્ષ અને ૪ વર્ષના ત્રણ બાળકો આ સંસ્થાને સોંપી ગયા હતા. આ બાળકોને નવડાવ્યા બાદ ખવડાવ્યું હતું. સંસ્થાના કપડાં પણ પહેરાવ્યા હતા. રાતે સુઈ જવાનું કહેતા તેઓ સુતા હતા નહિં મોડી રાતે ત્રણ વાગ્યા સુધી તેઓ મસ્તી કરતા હતા. ચાર વાગ્યે તેઓ સુઈ જતા સુનિલ અને તેમની પત્ની સુઈ ગયા હતા. બીજા દિવસે સવારે જાગતા ત્રણેય બાળકો ગાયબ હતા. આસપાસમાં તપાસ કરતા તેઓ ન મળતાં પોલીસને જાણ કરવામાં આવી હતી. શહેરકોટડા પોલીસે ગુનો નોંધી બાળકોની શોધખોળ શરૂ કરી છે.

વરાછામાંથી યુવાન પરિણીતા મેમાદેવી ગુર્જર ગુમ થયા

પોલિસ કમિશનર કચેરી, ડીસીબી પોલિસના જણાવ્યા અનુસાર તા.૧૧/૧૨/૨૦૧૯ ના રોજ મ.નં.૧૩, બીજા માળે, પરિમલ સોસા., એલ.એચ.રોડ, વરાછા ખાતે રહેતા ૩૦ વર્ષીય મેમાદેવી કનૈયાલાલ ગુર્જર ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણના અને ઊંચાઈ ૫.૧ ફુટ છે. તેમણે લાલ રંગની સાડી તથા ચણિયો પહેરેલ છે. જે કોઈને ભાળ મળે તો નજીકના પોલીસ સ્ટેશન અથવા વરાછા પોલીસ સ્ટેશનમાં જાણ કરવા વિનંતી છે.

ખટોદરામાં રહેતા ૨૩ વર્ષીય આશાબેન મહિડા લાપતા

પોલિસ કમિશનર કચેરી, ડીસીબી પોલિસના જણાવ્યા અનુસાર તા.૧૩/૧૨/૨૦૧૯ ના રોજ ઘર નં.૧, શિવશક્તિ ડેન્સાની બાજુમાં, નવા ભટાર ખાતે રહેતા ૨૩ વર્ષીય આશાબેન રાજેશભાઈ મહીડા ગુમ થયા છે. તેઓ શરીરે મધ્યમ બાંધાના, રંગે ઘઉં વર્ણના અને ઊંચાઈ ૫.૩ ફુટ છે. તેમણે લાંબી બાંયનો ભૂરા રંગનો પંજાબી ડ્રેસ અને લીલા રંગનો લેંઘો પહેરેલ છે.

સુરતમાં ઈન્ટરનેશનલ ટેકસટાઈલ એન્ડ મશીનરી એક્ષ્પોનું આયોજન

મશીનરી, સ્પેરપાર્ટ અને એસેસરીઝ પ્રદર્શનમાં રજુ કરાશે

સુરત

ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત એમ્બ્રોઈડરી એસોસિએશનના સંયુકત ઉપક્રમે તા. ૩/૧/૨૦૨૦ થી ૫/૧/૨૦૨૦ દરમિયાન સરસાણા સ્થિત સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ એન્ડ મશીનરી એક્ષ્પો – સીટમે ૨૦૨૦'નું ભવ્ય આયોજન કરવામાં આવ્યુ છે. આ પ્રદર્શનમાં ટેક્ષ્ટાઈલ ઈન્ડસ્ટ્રીઝને લગતી એમ્બ્રોઈડરી, ડિજીટલ પ્રિન્ટીગ/ઈન્ક, નોન વુવન, સર્કયુલર નિટીંગ, સુઈન્ગ, લેસર, સ્પેરપાર્ટ્સ અને થ્રેડ્સ/જરી મશીનરી તથા એસેસરીઝનું પ્રદર્શન કરવામાં આવશે.

ચેમ્બર પ્રમુખ શ્રી કેતન દેસાઈએ જણાવ્યુ હતુ કે, સુરત સહિત સમગ્ર દક્ષિણ ગુજરાત, ટેક્ષ્ટાઈલ અને ડાયમંડ ઈન્ડસ્ટ્રીના એમએસએમઈ હબ તરીકે ઓળખાય છે ત્યારે સુરતને ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરીંગનું હબ બનાવવાની દિશામાં પણ ચેમ્બર દ્વારા પ્રયાસ કરવામાં આવી રહયો છે. થોડા દિવસો પહેલાં જ ચેમ્બરના પ્રતિનિધિ મંડળે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીની શુભેચ્છા મુલાકાત લીધી હતી અને સુરતને ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરીંગનું હબ બનાવવા માટે વિદેશી રોકાણને પ્રોત્સાહન આપવા વડાપ્રધાનશ્રીને વિનંતિ કરવામાં આવી હતી.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, 'સીટમે'ના આયોજનમાં ચેમ્બરની સાથે સુરત એમ્બ્રોઈડરી એસોસિએશન પણ જોડાયુ છે. પ્રદર્શનના આયોજનમાં ટેક્ષ્ટાઈલ મશીનરી મેન્યુફેકચરીંગની સાથે સંકળાયેલા લોકોએ જે ઉત્સાહ દાખવ્યો છે તે પ્રસંશનીય છે. આવનારા વર્ષોમાં આ ઉત્સાહ ઉત્તરોત્તર વધતો રહે તે જરૂરી છે કારણ કે તેનાથી સુરતની અર્થ વ્યવસ્થા વધુ મજબૂત બની શકશે. આ પ્રદર્શન માટે ચેમ્બર અને સુરત એમ્બ્રોઈડરી એસોસિએશનની સમગ્ર ટીમે ભારે જહેમત ઉઠાવી છે.

પ્રમુખશ્રીએ વધુમાં કહયુ હતુ કે, સીટમે પ્રદર્શનનો ઉદ્ઘાટન સમારોહ શુક્રવારે તા. ૩/૧/૨૦૨૦ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે યોજાશે.

સુરત એમ્બ્રોઈડરી એસોસિએશનના પ્રમુખ શ્રી સંદીપ દુગ્ગલે જણાવ્યુ હતુ કે, ઈન્ડસ્ટ્રીના વિવિધ પ્રશ્નોના નિરાકરણ માટે રાજય તેમજ કેન્દ્ર સરકારમાં વિવિધ સ્તરે અસરકારક રજૂઆતો કરતી ચેમ્બર ટ્રેડ એન્ડ ઈન્ડસ્ટ્રીના ડેવલપમેન્ટ માટે પ્રયાસ કરી રહી છે. આથી ચેમ્બરની સાથે મળીને આ એકઝીબીશન યોજવાનું નકકી કરવામાં આવ્યુ હતુ. સુરતમાં પ્રથમ વખત આટલા મોટાપાયે ટેક્ષ્ટાઈલ મશીનરી એકઝીબીશનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં ટેક્ષ્ટાઈલની અત્યાધુનિક મશીનરીઓને પ્રદર્શિત કરવામાં આવશે. મોટાભાગે ચાઈના અને કોરીયન કંપની દ્વારા બનાવવામાં આવેલી મશીનરી આ પ્રદર્શનમાં જોવા મળશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, આ એકઝીબીશનથી સુરતમાં ટેક્ષ્ટાઈલ મશીનરીઓના જુના ડીલરોને બુસ્ટઅપ તો મળશે જ પણ નવા ડીલરોને પણ પ્લેટફોર્મ મળી રહેશે. ડિજીટલ પ્રિન્ટીંગમાં અત્યાધુનિક મશીનરીઓ થકી વેલ્યુ એડીશન કરી વેપારીઓ કાપડમાં સારુ માર્જીન મેળવી શકશે. માત્ર મેન્યુફેકચરર્સ જ નહીં પણ ટ્રેડર્સને પણ તેનો લાભ થશે. આ એકઝીબીશનથી ટેક્ષ્ટાઈલ મશીનરી ઉદ્યોગને નવી દિશા મળી રહેશે.

ચેમ્બરના એકઝીબીશન સેલ હેડ શ્રી દેવેશ પટેલે એકઝીબીશન વિશે માહિતી આપતા જણાવ્યુ હતુ કે, સરસાણા ખાતે ૧ લાખ ૨૫ હજાર સ્કવેર ફૂટ એરીયામાં આ પ્રદર્શનનું આયોજન કરવામાં આવ્યુ છે. જેમાં સુરત અને અમદાવાદના ૬૦ જેટલા એકઝીબીટર્સે ભાગ લીધો છે. દેશની ૩૨ જેટલી મોટી બ્રાન્ડ દ્વારા આ એકઝીબીશનમાં પોતાનો સ્ટોલ મુકવામાં આવ્યો છે. પ્રદર્શનને સફળ બનાવવા માટે સોશિયલ મિડીયાનો ભરપુર ઉપયોગ કર્યો છે. વોટ્સઅપના માધ્યમ દ્વારા છેલ્લા ચાર મહિનાથી ખૂબ એગ્રેસિવ માર્કેટીગ કરવામાં આવ્યુ હતુ. જેના પરીણામે ભારતભરમાંથી મોટી સંખ્યામાં બાયર્સ આ પ્રદર્શનની મુલાકાત લેશે.

આ એકઝીબીશન શુક્રવાર તા. ૩ જાન્યુઆરીથી સોમવાર તા. ૫ જાન્યુઆરી ૨૦૨૦ દરમિયાન સવારે ૧૧:૦૦ થી સાંજે ૭:૦૦ કલાક સુધી જાહેર જનતા માટે ખુલ્લું રહેશે.

તાપી જિલ્લામાં વહેલી સવાર અને મોડી સાંજના ટયુશન કલાસીસ પર પ્રતિબંધ

વ્યારા

તાપીના અધિક જિલ્લા મેજીસ્ટ્રેટ બી. બી. વહોનિયાએ સમગ્ર તાપી જિલ્લામાં વહેલી સવારના અને મોડી સાંજના ટયુશન કલાસીસો પર જાહેરનામું બહાર પાડી પ્રતિબંધ ફરમાવ્યો છે. જે મુજબ તાપી જિલ્લાના વિસ્તારમાં કોઇ પણ મથકોએ વહેલી સવારે ૦૭:૦૦ કલાક પહેલા તથા સાંજે ૦૭:૦૦ કલાક બાદ કોઇ પણ ટયુશન કલાસીસો ચાલુ રાખી શકાશે નહિં કે વિદ્યાર્થીઓને ટયુશન કલાસીસોમાં અભ્યાસાર્થે બોલાવી શકાશે નહિં. ટયુશન કલાસીસોની આજુબાજુ ૨૦૦ મીટર સુધી ચાર કે તેથી વધુ વ્યક્તિઓ એકત્રિત થઇ શકશે નહિં. શાળા-કોલેજોના કંપાઉન્ડમાં ૨૦૦ મીટર સુધી શાળા-કોલેજોના વિદ્યાર્થીઓ સિવાય અન્ય કોઇ ત્રાહિત વ્યક્તિ એકત્રિત થઇ શકશે નહિં. આ હુકમ તાત્કાલિક અસરથી તા. ૦૪/૦૩/૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર સજાને પાત્ર થશે.



ગત સમાહે પુણા વિસ્તારમાંથી રાજસ્થાન બાળ સુરક્ષા વિભાગ દ્વારા છાપામારી સંખ્યાબંધ બાળકોને બાળ મજૂરી કરતા ઉગારી લેવાયા બાદ આજે સુરત બાળ મજૂરી વિરોધી ટાસ્કફોર્સ દ્વારા રિંગરોડ સ્થિત મિલેનિયમ ટેક્સટાઈલ માર્કેટની દુકાનમાં છાપો મારી પાંચ બાળ મજૂરોને ઉગારી લેવામાં આવ્યા હતા. બાળ સુરક્ષા વિભાગે દરોડા પાડવા માટે સલાબતપુરા પોલીસની પણ મદદ લીધી હતી.

આંગડિયા પેઢીનો કર્મચારી ૧૭ લાખ રૂપિયા લઈને ફરાર

સુરત

મહિધરપુરા વિસ્તારમાં આવેલા હરીપુરા ખાતેના ભવાનીવડની ધોબી શેરીમાં આવેલી આંગડિયા પેઢીનો કર્મચારી ૧૭ લાખથી વધુની મત્તા લઈને ફરાર થઈ ગયો છે. કર્મચારીને નવસારી મોકલ્યા બાદ ત્યાંથી ૧૭ લાખ ૪૧ હજાર રૂપિયા મુખ્ય ઓફિસ સુરત ખાતે જમા કરાવવાના હતા પરંતુ તે ન કરાવતાં આંગડિયા પેઢી દ્વારા પોલીસ ફરિયાદ નોંધાવાઈ હતી. હાલ પોલીસે સમગ્ર મુદ્દે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.



મહિધરપુરામાં આવેલી બાબુલાલ કાંતિલાલ આંગડિયા પેઢીમાં કામ કરતો અર્જુન ધનાજી ઠાકોર મૂળ વતન ઈલમપુર તા.જી. પાટણનાને ગત તારીખ ૨૪ ડિસેમ્બર ૨૦૧૯ના રોજ સવારે સુરત હેડ ઓફિસથી રોજના ક્રમ મુજબ નવસારી જવા માટે મોકલાયો હતો.નવસારી ખાતેની ઓફિસથી અલગ અલગ પાર્ટીના રૂપિયા તથા પેઢીના રૂપિયા તથા પેઢીના રૂપિયા મળી કુલ ૧૭ લાખ ૪૧ હજાર સાતસો સુરત પેઢીએ સહિ સલામત રીતે પહોંચાડવાના હતાં. પરંતુ સુરત પેઢીએ આવવાની જગ્યાએ અન્ય ક્યાંક રૂપિયા સાથે નાસી જઈને ગુનો કર્યો હતો. આ અંગે પઢીના પ્રહલાદભાઈ મગનદાસ પટેલએ આરોપી અર્જુન ઠાકોર સામે છેતરપિંડી અને વિશ્વાસ ઘાતની ફરિયાદ નોંધાવી હતી. જેના આધારે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

મિલેનિયમ માર્કેટમાં બાળ મજૂરી વિરોધી ટાસ્કફોર્સનો છાપો : ૫ બાળ મજૂરો ઉગારાયા

બાળ સુરક્ષા વિભાગ અને સલાબતપુરા પોલીસની આકસ્મિક તપાસ : પાંચ બાળકોને બાળ સુધારા ગૃહમાં મોકલી દેવાયા

સુરત

ગત સમાહે પુણાગામની સોસાયટીમાં રાજસ્થાન બાળ આયોગની સૂચનાથી દરોડા પાડવામાં આવતા ૧૩૮ જેટલા બાળ મજૂરોને મુક્ત કરવાનું સફળ ઓપરેશન સુરત અને રાજસ્થાન પોલીસે પાર પાડ્યું હતું. આજે રિંગરોડ ખાતે આવેલ મિલેનિયમ માર્કેટમાં બાળ આયોગની ફરિયાદના પગલે દરોડા પાડી ૫ બાળ મજૂરોને છોડાવવામાં સફળતા મળી હતી.

સૂત્રો દ્વારા મળતી માહિતી મુજબ આજે સવારે બાળ આયોગની ટીમે સલાબતપુરા પોલીસની મદદથી મિલેનિયમ માર્કેટમાં છાપો મારવામાં આવ્યો હતો. મિલેનિયમ માર્કેટની બે દુકાનોમાં બાળ મજૂરો દરોડા દરમ્યાન મળી આવ્યા હતા. માર્કેટોની દુકાનોમાં સાડી કટિંગ, પેકિંગની કામગીરી માટે બાળ મજૂરોનો ઉપયોગ કરવામાં આવતો હતો. મિલેનિયમ માર્કેટમાં આવેલી ભીમનાથ ક્રિએશન અને મહાદેવ ક્રિએશન દુકાનમાં બાળકો પાસેથી મજૂરી કરાવવામાં આવતી હતી. બાળ આયોગની ટીમ દ્વારા બંને દુકાનોમાંથી પાંચ બાળ મજૂરોને છોડાવવામાં આવ્યા હતા. બાળકોની પ્રાથમિક પૂછપરછ દરમ્યાન ચાર બાળકો મહારાષ્ટ્રના અને એક બાળક બિહારનો હોવાનું જાણવા મળ્યું છે. ઝડપાયેલા પાંચેય બાળકોને બાળ સુધારગૃહ ખાતે લઈ જવામાં આવ્યા છે. ચાઈલ્ડ વેલ્ફેરના અધિકારીઓ દ્વારા મિલેનિયમ માર્કેટના બંને દુકાનોના માલિકો સામે કાયદેસર કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

તાજેતરમાં જ પુણાગામ ખાતે સીતારામ નગર સોસાયટીમાં રાજસ્થાન બાળ આયોગની ટીમની સૂચનાથી દરોડા પાડવામાં આવતા અત્યાર સુધીના દરોડામાં સૌથી વધુ ૧૩૮ બાળ મજૂરોને છોડાવવામાં આવ્યા હતા. આ બાળકોનો સૌથી વધુ ઉપયોગ ટેક્ષ્ટાઈલ માર્કેટો તથા સાડીઓ પર ટીકી વર્ક માટે કરવામાં આવતો હતો. એક સમાહમાં બાળ મજૂરોને છોડાવવા માટેનો બીજો દરોડો સફળ રહ્યો હતો. હજી પણ ઘણી માર્કેટોમાં બાળકો પાસેથી મજૂરી કરાવવામાં આવે છે. આગામી દિવસોમાં વધુ દરોડા પડે તેવી શક્યતા છે.

આફ્રિકાની કંપની સાથે નવસારી કૃષિ યુનિ.નો ટેકનોલોજી ટ્રાંસફર કરાર

કેળના થડમાંથી બનાવેલ પ્રોડકટ નોવેલનું હવે આફ્રિકા ખંડમાં ઉત્પાદન અને વેચાણ થશે

નવસારી

નવસારી કૃષિ યુનિવર્સિટીના વૈજ્ઞાનિકો દ્વારા વિકસાવેલ તેમજ આંતરરાષ્ટ્રીય પેટન્ટ મેળવેલ નોવેલ સેન્દ્રીય પ્રવાહીનું હવે આફ્રિકા ખંડમાં ઉત્પાદન અને વેચાણ ચાલુ થશે. આફ્રિકાના બોત્સેવાના સ્થિત અકર્યુડ ગેઇન્સ પ્રા.લી.કંપની દ્વારા નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી સાથે તાંત્રિકતા મેળવવા માટે કરાર કરવામાં આવ્યો છે. જેના દ્વારા નવસારી કૃષિ યુનિ.ના વૈજ્ઞાનિકો દ્વારા કેળના થડમાંથી સંશોધન પામેલા અને હાલમાં ખેડૂતોમાં ખૂબજ પ્રચલિત એવા નોવેલ સેન્દ્રિય પ્રવાહી કે જે આંતરરાષ્ટ્રીય પેટન્ટ પ્રોડકટ છે એના વૈપારિક ઉત્પાદન માટે કરાર કરવામાં આવ્યાં છે. આ નોવેલનું આફ્રિકામાં ઉત્પાદન કરી આખા આફ્રિકાખંડ માટે વેચાણ માટેનું લાયસન્સ આપવામાં આવ્યું છે. આ સંપૂર્ણ પ્રક્રિયામાં આઇ. સી. એ. આર., નવી દિલ્હીના અગ્રીનોવેટ ઇન્ડિયા કંપની દ્વારા માર્ગદર્શકની ભૂમિકા ભજવવામાં આવી હતી.

નવસારી કૃષિ યુનિવર્સિટીના ડાલ.ચિરાગ દેસાઇના જણાવ્યાં મુજબ નવસારી કૃષિ યુનિ.દ્વારા ભારતમાં જ આ નોવેલના વૈપારિક ઉત્પાદન અને વેચાણ માટે ૧૯ કંપનીઓ સાથે એમ.ઓ.યુ. કરવામાં આવ્યાં છે. જેઓ વાર્ષિક ૨૦ લાખ લીટરથી વધુ નોવેલનું વેચાણ કરે છે. કેળના થડમાંથી બનાવવામાં આવેલ આ નોવેલ પ્રવાહીમાં દરેક પાકોને જરૂરી એવા પોષક તત્વો, વૃધ્વિવર્ધકો તેમજ વિવિધ બેકટરીયાઓ છે. તેમજ સંપૂર્ણ ઓર્ગેનિક રીતે તૈયાર કરવામાં આવ્યા છે. જેનો લાભ ભારતના ખેડૂતોને મળી શકે તે માટે છે.

ડાલ.દેસાઇએ વધુમાં જણાવ્યું હતું કે, હાલના સમયમાં ફકત ભારત માટે જ નહિ પરંતુ આખા વિશ્વ માટે ઓર્ગેનિક ખેતી તરફ વળવું તથા રાસાયણિક ખાતરનો વપરાશ તથા જંતુનાશકનો છંટકાવ ઘટાડવો એ સમયની માંગ છે ત્યારે એના જ પ્રયાસ અર્થે નોવલ, નોવલ પ્લસ તથા નોવેલ પ્રાઇમ જેવા ઓર્ગેનિક સ્ત્રોત ખેડૂતોના ખેતર ઉપર ખૂબ જ સારા પરિણામો આપીને પ્રચલિત થઇ રહયાં છે. આ કરાર પ્રસંગે નવસારી કૃષિ યુનિવર્સિટીના ડાલ. સી. જે. ડાંગરીયા, સંશોધન નિયામક ડાલ. એસ. આર. ચૌધરી, સંશોધન વૈજ્ઞાનિક ડાલ.વી.પી.ઉસદડીયા તથા આફ્રિકાના અકર્યુડ ગેઇન્સ પ્રા.લી.તરફથી શ્રી કુનાલ નાયક અને શ્રી વિજય નાયક દ્વારા કરાર ઉપર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતાં. આઇ.સી.એ.આર.તરફથી એગ્રીનોવેસન ઇન્ડિયાના સી.ઇ.ઓ. ડાલ.સુધા મૈસુર અને તેમની ટીમ ઉપસ્થિત રહી માર્ગદર્શન આપ્યું હતું.

રૂા.૧૬.૮૦ લાખનો માલ ખરીદી ઠગાઈ

સુરત

રિંગરોડ શ્યામ માર્કેટના એક વેપારી પાસેથી બુરખા કાપડનો માલ મેળવી પાછળથી પેમેન્ટ નહીં કરી ૧૬.૮૦ લાખની છેતરપિંડી કરી હૈદરાબાદનો એક વેપારી ફરાર થઈ ગયો હોવાનો બનાવ સલાબતપુરા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર અડાજણ પાટીયા ઉસ્માની પાર્ક સોસાયટીમાં રહેતાં ઝઈદ અલ્તાફ ભગાડની બુરખા કાપડની દુકાન રિંગરોડ શ્યામ માર્કેટમાં આવેલી છે. જુલાઈ ૨૦૧૯થી આજદિન સુધીમાં હૈદરાબાદના અઝીઝભાઈ ઝઈદ પાસેથી રૂા.૧૬.૮૦ લાખનો ઉધારમાં બુરખા કાપડનો માલ મેળવી પાછળથી પેમેન્ટ નહીં કરી દુકાન તથા મોબાઈલ ફોન કરી વિશ્વાસઘાત કરી ફરાર થઈ ગયા હતા. સલાબતપુરા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ભેસ્તાનમાં કેબીનને સળગાવી દેવામાં આવી

સુરત

ભેસ્તાન આવાસ પાંજરાપોળ નજીક સ્ટાર મેડિકલની બાજુમાં આવેલી કેબિન રાત્રિના ત્રણ વાગ્યા આસપાસ સળગાવી દેવામાં આવી હતી. અંગત અદાવતમાં કેબિન સળગાવી દેવામાં આવી હતી. આ અંગે ડિંડોલી પોલીસે ગુનો નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ડિંડોલી વિસ્તારમાં આવેલા ભેસ્તાન આવાસમાં રહેતા અબ્દુલ રશીદ અબ્દુલ અઝીઝ શેખની ઈલેક્ટ્રીક સામાન વેચવાની કેબિન આવેલી હતી. અંગત અદાવતમાં ભેસ્તાન આવાસમાં જ રહેતા રફીક બબાલ નામના વ્યક્તિએ દોઢેક મહિના અગાઉ ધમકી આપી હતી. બાદમાં બુધવારની રાત્રે ઈલેક્ટ્રીક કેબિનની દુકાનને આગ લગાડી નુકસાન કર્યું હતું. અગાઉ અમાન તુલ્લા શેખએ જાનથી મારી નાખવાની ધમકી પણ આપી હતી કે તારી દુકાન સળગાવી દઈશ. આગની ચપેટમાં અન્ય વસ્તુઓ ન આવતાં મોટી દુર્ઘટના સર્જાતા અટકી ગઈ હતી. હાલ સમગ્ર મુદ્દે ડિંડોલી પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

સુરતમાં વહેલી સવારે ગાઢ ધુમ્મસ છવાતા હિલ સ્ટેશન જેવો નજારો

લૉ વિઝિબિલિટીના કારણે રસ્તાઓ પર વાહનોની મંદ ગતિ

સુરત

દક્ષિણ ગુજરાતમાં ઠંડીનું પ્રમાણ વધ્યું છે. છેલ્લા ત્રણેક દિવસથી તાપમાનનો પારો ગગડ્યો છે.ગુરૂવારે વહેલી સવારથી હવામાં ભેજનું પ્રમાણ વધારે નોંધાયું હતું. સાથે જ સમગ્ર શહેરમાં ભારે ધુમ્મસ ઉતરી આવ્યું હતુ.શહેર પર ધુમ્મસની ચાદર છવાઈ હોય તેમ હિલ સ્ટેશન જેવો નજારો જોવા મળ્યો હતો. ખુશનૂમા વાતાવરણનો નજારો અમૂક લોકોએ મનભરીને માણ્યો હતો તો વાહનચાલકોને ધુમ્મસના કારણે અસર પહોંચી હતી. વાહનોની લાઈટો ચાલુ રાખીને નીકળવાની ફરજ પડી હતી.

રાજયના દક્ષિણ ભાગમાં સવારથી જ ધુમ્મસ ભર્યું વાતાવરણ જોવા મળ્યું હતુ. સુરત શહેરમાં વહેલી સવારથી ગાઢ ધુમ્મસની ચાદર ફેલાઈ હતી. જેના કારણે વાહન ચાલકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો હતો. લો વિઝિબિલિટીને કારણે વાહન વ્યવહાર ધીમો થઈ ગયો હતો. જયારે લો વિઝિબિલિટીના કારણે ટ્રેનની સ્પીડ પણ ધીમી કરવામાં આવી હતી. ઠંડી અને ધુમ્મસને પગલે સ્કુલવાહનો, રોજગારી માટે જતા લોકો અને હાઈ-વે પર લોકોને વાહન ચલાવવામાં ખૂબ મુશ્કેલી પડી હતી. વાહન ચાલકોને દૂરનું જોવામાં ગાઢ ધુમ્મસ બાધારૂપ બનતા લોકો પણ સાવચેતીથી વાહનો ચલાવાતા જોવા મળ્યા હતા.

એલસીબીનો કોન્સ્ટેબલ રૂ. ૨૦ હજારની લાંચ લેતો રંગેહાથ ઝડપાયો

હિંમતનગર

ગાંભોઈના જવાનગઢ ગામમાં લોકલ એલસીબીનો કોન્સ્ટેબલ રૂ. ૨૦ હજારની લાંચ લેતો ઝડપાયો છે. અમદાવાદ એસીબીએ છટકું ગોઠવીને કોન્સ્ટેબલને ઝડપી પાડ્યો હતો. દારૂની હેરાફેરીમાં પકડાયેલા આરોપીનું નામ કેસમાં ન નોંધવા ૧ લાખ રૂપિયાનું લાંચ માંગી હતી. જેમાં તેણે ૬૦ હજાર અગાઉ લઈ લીધા હતા. બાકીની લાંચ વચેટિયા મારફત લેતા એસીબીની ટીમ ઝડપી પાડ્યો હતો. આ ટ્રેપ ગઈકાલે ૨૦૨૦ની શરૂઆતમાં કરવામાં આવી હતી. ૨૯ ડિસેમ્બરે સાબરકાંઠા એલસીબીમાં ફરજ બજાવતા પોલીસ કોન્સ્ટેબલ દિલીપસિંહ ભીખુસિંહ સ્વિફ્ટ કારમાં ગયેલા કોન્સ્ટેબલે મેક્સ ગાડી રોકી તેમાં દારૂ પકડ્યો હતો. જેમાં દારૂનો કેસ ન કરવા રૂ. એક લાખની લાંચ માંગી હતી. તે પૈકીના ૬૦,૦૦૦ એ જ દિવસે લઈ લીધા જયારે બાકીના ૪૦,૦૦૦ લેવા માટે કોન્સ્ટેબલે નાગેન્દ્રસિંહ વિક્રમસિંહ કુંપાવત અને યુવરાજસિંહ મહેન્દ્રસિંહ જોધા નામના બે વચેટિયાઓને દારૂ સાથે પકડાયેલાના ઘરે મોકલ્યા હતા. જો કે દારૂ સાથે પકડાયેલો વ્યક્તિ લાંચની રકમ આપવા માંગતો ન હોવાથી અમદાવાદ એસીબીને જાણ કરી હતી. જેને પગલે નવા વર્ષના પ્રારંભે એલસીબીએ છટકું ગોઠવીને ટ્રેપ કરી હતી.

રાજપીપળા પાલિકા બોર્ડમાં વાલ્મિકી સમાજને ન્યાય આપતા ઠરાવો મંજુર

રાજપીપળા પાલિકા સભાખંડમાં ૨જી જાન્યુ.એ સ્પેશિયલ કેસમાં બોર્ડ મિટિંગ મળી હતી જેમાં સફાઈ કર્મીઓને કાયમી કરવાના ઠરાવ સર્વાનુમતે મંજુર કરાયા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

રાજપીપળા નગર પાલિકાના સફાઈ કર્મીઓ રેગ્યુલર પગાર અને કાયમી કરવાના મુદ્દે ૧૦ દિવસથી હડતાળ પર ઉતર્યા હતા.જોકે પાલિકા દ્વારા સફાઈ કર્મીઓનો ૨ મહિનાનો પગાર કરી દેવાયો હતો, પણ કાયમી કરવાની માંગ સાથે તેઓએ હડતાળ ચાલુ રાખતા શહેર ગંદકીમાં ફેરવાયું હતું.અંતે રાજપીપળા પાલિકા કારોબારી ચેરમેન અલકેશસિંહ ગોહિલ અને સફાઈ કર્મીઓના સંગઠનના હોદેદારોની સમજાવટ બાદ સફાઈ કર્મીઓએ હડતાળ સમેટી હતી.રાજપીપળા પાલિકા બોર્ડમાં સફાઈ કર્મીઓને કાયમી કરવા અંગેનો ઠરાવ કરી ગુજરાતના મુખ્યમંત્રી વિજય રૂપાણીને રજુઆત કરવાની બાંહેધરી આપતા સફાઈ કર્મીઓએ અંતે પારણા કર્યા હતા.

રાજપીપળા પાલિકા સભાખંડમાં ૨ જી જાન્યુઆરીએ સ્પેશિયલ કેસમાં બોર્ડ મિટિંગ મળી હતી.આ બોર્ડ મિટિંગ માં રાજપીપળા પાલિકા ઈન્ચાર્જ ચીફ ઓફિસર સંજય સોની,પ્રમુખ જીગિશાબેન ભટ્ટ,કારોબારી ચેરમેન અલકેશ સિંહ ગોહિલ, મહેશભાઈ વસાવા સહિત અન્ય કોર્પોરેટરો ની ઉપસ્થિતમાં વાલ્મિકી સમાજને ન્યાય આપતા અને સફાઈ કર્મીઓને કાયમી કરવાના ઠરાવ સર્વાનુમતે મંજુર કરાયા હતા.હવે આગામી સમયમાં પાલિકામાં સફાઈ કર્મીઓની ભરતી અંગે સીએમ વિજય રૂપાણીને મળી આ ભરતી રોસ્ટર મુજબ નહિ પણ ફક્ત દલિત અને વાલ્મિકી સમાજના જ વ્યક્તિની ભરતી થાય એ માટે રજુઆત થશે.



૬ ઠ્ઠા પગાર પંચના એરિયર્સમાં વ્હાલા દવલાની નીતિઃ ડો.કમલ ચૌહાણ,કોંગ્રેસ પાલિકા સભ્ય

બોર્ડમાં કોંગ્રેસના સભ્ય ડો.કમલ ચૌહાણે એક ગંભીર આક્ષેપ લગાવ્યો હતો કે રાજપીપળા પાલિકા કર્મીઓને ૬ ઠ્ઠા પગાર પંચના એરિયર્સ માટે સરકાર દ્વારા ગ્રાન્ટ અપાય છે.જેમાં જે લોકો માનીતા હતા એમને એરિયર્સ અપાયું છે,જ્યારે જે લોકો શહેરને સ્વચ્છ રાખે છે એ સફાઈ કર્મીઓને એરિયર્સ અપાયું જ નથી.આમ ૬ ઠ્ઠા પગાર પંચના એરિયર્સમાં વ્હાલા દવલાની નીતિ અપનાવાઈ છે.આ આક્ષેપ થતા બોર્ડ મિટિંગમાં ભારે વિવાદ થયો હતો.

લાશ ઉઠાવવા,ગંદકી સાફ કરવા દલિત સમાજ યાદ આવે, નોકરી માટે અન્ય સમાજ આગળ આવેઃ ડો.કમલ ચૌહાણ

રાજપીપળા પાલિકામાં સફાઈ કર્મીઓની ખાલી જગ્યા સરકારી નિયમ મુજબ રોસ્ટર મુજબ ભરાશે એવું ઈન્ચાર્જ CO એ જણાવ્યું હતું.ત્યારે દલિત આગેવાન અને કોંગ્રેસના કોર્પોરેટર ડો.કમલ ચૌહાણે જણાવ્યું હતું કે લાશ ઉઠાવવા, મરેલા પ્રાણીઓનો નિકાલ કરવા, ગંદકી સાફ કરવા દલિત અને વાલ્મિકી સમાજ યાદ આવે છે ત્યારે કેમ કોઈ અન્ય સમાજના વ્યક્તિને નથી બોલાવતા સફાઈ કર્મીઓની ભરતીમાં વાલ્મિકી અને દલિત સમાજ ના જ વ્યક્તિની ભરતી થવી જોઈએ.

પપૂ.આચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજ સાધુદીક્ષા સુવર્ણજયંતિ મહોત્સવમાં ગુજરાતના મુખ્યમંત્રી અને નાયબ મુખ્યમંત્રી હાજર રહેશે

પ્રથમવાર સારસામાં વિરાટ ધર્મ સંમેલન પાંચમીએ યોજાશે

વંદે ગુરુપરંપરામ ઘોષ સાથે ગુરુજી કે વલજ્ઞાનપીઠાધીશ્વર આચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજના સાધુદીક્ષા સુવર્ણ જયંતિ મહોત્સવ નિમિત્તે પ્રથમવાર સારસા ખાતે વિરાટ ધર્મ સંમેલનનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.તા. ૫ જાન્યુઆરીએ સવારે ૯ થી ૬ વાગ્યા દરમિયાન પૂજ્ય શંકરાચાર્ય, રામા નંદાચાર્ય, રામા નુજાચાર્ય, વૈષ્ણવાચાર્ય, જગદગુરુ સહિત વિવિધ સંપ્રદાયની આચાર્ય પરંપરામાંથી તથા ગુજરાતના પ્રસિધ્ધ ધાર્મિક સ્થાનોની ગાદી પરંપરામાંથી ટોચના સંતો પધારશે. આ ઉપરાંત હિંદુ ધર્માચાર્યસભા, ભારત સાધુ સમાજ અને અખિલ ભારતીય સંત સમિતિના વડાઓ તથા વિવિધ અખાડાઓના અગ્રણી મહામંડલેશ્વરો સહિત અનેક સંત મહંતશ્રીઓ શોભામાં અભિવૃધ્ધિ કરશે.

આ વિરાટ ધર્મ સંમેલનમાં ગુજરાતના મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી અને નાયબ મુખ્યમંત્રી શ્રી નિતીનભાઈ પટેલ તથા અગ્રણી પ્રધાનો અને સંસદસ્યો હાજરી આપશે.

૧૮ માં વર્ષે સાધુ બન્યા બાદ સાધદીક્ષાના પચાસ વર્ષ પૂર્ણ કર્યા એ દરમિયાન ધાર્મિક, સામાજીક અને રાષ્ટ્રીય સ્તરે નોંધપાત્ર યોગદાન આપનાર અખિલ ભારતીય સંત સમિતિના રાષ્ટ્રીય અધ્યક્ષ પરમ પૂજ્ય આચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજને ચાંદીથી તોલવામાં આવશે. ત્યારબાદ આ રજત તુલાનો સમાજના કલ્યાણ માટે ઉપયોગ કરવાની વિશિષ્ટ યોજનાની જાહેરાત કરાશે. આ પ્રસંગે પૂ. ગુરુજી સાથેના ભક્તોના વિશિષ્ટ અનુભવો પર આધારિત શ્રી કુમારભાઈ પંડ્યા સંપાદિત "પ્રેરણા પૂંજ' પુસ્તકનું વિમોચન થશે.આ સાધુદીક્ષા સુવર્ણ જયંતિ મહોત્સવ સમિતિના માર્ગદર્શક પરમ વિદ બાલયોગિની સાધ્વી પૂજ્ય ગીતાદીદી છે. આ વિરાટ ધર્મ સંમેલનમાં આચાર્ય શ્રી અવિચલદાસજી મહારાજના જીવન પર આધારિત નાટિકા ઉપરાંત વિવિધ સાંસ્કૃતિ કાર્યક્રમોનું પણ આયોજન કરાયુ છે.

આ મહોત્સવના ઉપક્રમે ૪ થી ૧૪મી જાન્યુઆરી દરમિયાન વિવિધ આયોજનો કરાશે. ઐતિહાસિક એવા આ વિરાટ ધર્મ સંમેલન પૂર્વે તા. ૪ જાન્યુઆરીર અખિલ ભારતીય સંત સમિતિનું રાષ્ટ્રીય અધિવેશન, શ્રી અવિચલદાસજી મહારાજ ૬૯માં પ્રાદુર્ભાવોત્સવના ઉપક્રમે ૭મી જાન્યુ. એ ૨૧મો કેવલસમૂહલગ્નોત્સ નવમીથી ૧૩મી દરમિયાન ગ્રંથ શિબિર, ૧૪મીએ આચાર્ય શ્રી અવિચલદાસ. મહારાજના ૪૮માં ગાદી અભિષેક દિન પ્રસંગે બાલરક્ષક બાલકુવેરનો મહા-અભિષે અને ષોડશોપચાર મહાપુજાનું આયોજન કરાયું છે.આ વિરાટ ધર્મ સંમેલનમાં ગુજરાતના તથા દેશવિદેશના લાખો ભક્તો ઉપસ્થિત રહેશે. આ મહોત્સવના ઉપક્રમે છેલ્લા અઢી વર્ષથી ભક્તોના કલ્યાણ અર્થે વિવિધ અનુષ્ઠાનો તથા અનેક સામાજીક પ્રવૃત્તિઓના આયોજનો કરાયા હતા.

એટીએમ કાર્ડ અપડેટ કરવાનું કહી મહિલાના એકાઉન્ટમાંથી ૨૪૦૦૦ની ચોરી

સુરત

ડિજીટલ ઈન્ડિયાની વાતો વચ્ચે વધી રહેલા ફોડના કિસ્સા વચ્ચે શહેરના પીપલોદ વિસ્તારમાં રહેતી પરિણીતાને એટીએમ કાર્ડ અપડેટ કરવાના નામે બેંક ઓફ બરોડામાંથી બોલું છું એમ કહી ભેજાબાજે ઓટીપી નંબર મેળવ્યા બાદ એકાઉન્ટમાંથી રૂ. ૨૪ હજારથી વધુની મત્તા ઉપાડી લીધાની ફરિયાદ ઉમરા પોલીસ મથકમાં નોંધાઈ છે.

એક તરફ સરકાર દ્વારા ડિજીટલ ઈન્ડિયાની વાત કરી રહી છે અને બીજી તરફ ઓનલાઈન અને સાયબર ક્રાઈમના કિસ્સામાં વધારો થઈ રહ્યો છે. આવો જ વધુ એક કિસ્સો ઉમરા પોલીસ મથકમાં નોંધાયો છે. પીપલોદના સારસ્વત નગર નજીક ભાગ્યલક્ષ્મી સોસાયટીમાં રહેતા સ્વાતિબેન અમૃતલાલ પટેલ (મૂળ રહે. ગાંગપુર ગામ, તા. ડોલવણ, જિ. તાપી) પર ગત જુલાઈ મહિનામાં અજાણ્યા મોબાઈલ નંબર પરથી ફોન આવ્યો હતો.

ફોન કરનારે સ્વાતિને કહ્યું હતું કે હું બેંક ઓફ બરોડામાંથી બોલું છું અને તમારૂ એટીએમ કાર્ડ અપડેટ કરવાનુ છે એવું કહી વાતચીતમાં વિશ્વાસ કેળવ્યા બાદ સ્વાતિના મોબાઈલ પર ઓટીપી (વન ટાઈમ પાસવર્ડ) મેળવી લીધો હતો. ત્યાર બાદ સ્વાતિના બેંક ઓફ બરોડાના એકાઉન્ટમાંથી રોકડા રૂા. ૨૪,૨૮૭ની મત્તા ઉપાડી લીધી હતી. જેની જાણ બે દિવસ અગાઉ સ્વાતિને થતા તેણીએ આ અંગે ઉમરા પોલીસ મથકમાં ઉપરોકત મોબાઈલ નંબર ધારક વિરૂધ્ધ વિશ્વાસઘાત અને આઈટી એક્ટ હેઠળ ફરિયાદ નોંધાવી છે.

એલ.એચ. રોડ પર નડતરરૂપ મંદિરનું ડીમોલીશન કરાયું

પોલીસ બંદોબસ્ત વચ્ચે રસ્તો ખુલ્લો કરાયો

સુરત

લંબે હનુમાન રોડ પર વર્ષો જૂનું તાડની દેવી,મેલડી માં અને ચાર જોગણી માતાનું મંદિર આવેલું છે. મંદિર રસ્તા પર હોવાથી મહાનગરપાલિકા દ્વારા તેનું ડિમોલેશન કરવામાં આવ્યું હતું. આ દરમિયાન મોટી સંખ્યામાં માતાજીમાં આસ્થા ધરાવતાં લોકોએ વિરોધ કર્યો હતો. જો કે, પોલીસના ચુસ્ત બંદોબસ્તથી વિરોધ પર કાબૂ મેળવવામાં આવ્યો હતો. અગાઉ પણ મંદિરના ડિમોલેશનની નોટિસ અપાઈ ત્યારે મોટી સંખ્યામાં લોકોએ વિરોધ પ્રદર્શિત કર્યો હતો.તેમ છતાં વરાછા ઝોને પોલીસ બંદોબસ્ત હેઠળ રસ્તાને નડતરરૂપ મંદિરનું ડીમોલીશન કરી દઈ રસ્તો ખુલ્લો કર્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પૂર્વે પણ મંદિરનું ડીમોલીશન કરવાની કામગીરીને લોકોના વિરોધના પગલે સફળતા મળી ન હતી.

ચેઈન સ્નેચરોનો આતંક... વૃધ્ધાના ગળામાંથી ચેઈન લૂંટી લૂંટારૂ ફરાર

સુરત

સુરત શહેરમાં પુનઃ સક્રિય થયેલા મોટરસાઈકલ સવાર ચેઈન સ્નેચરો ગત રોજ ઘોડદોડ રોડ જોગર્સ પાર્ક પર ત્રાટકયા હતા. સીટીલાઈટ વિસ્તારમાં લોકભારતી સ્કુલના ગેટ સામેથી મોપેડ પર પસાર થઈ રહેલી ગૃહિણીને નિશાન બનાવી ગળામાંથી સોનાની ચેઈન આંચકી જનાર મોટરસાઈકલ સવાર ચેઈન સ્નેચરો ઘોડદોડ રોડ જોગર્સ પાર્ક પર ત્રાટકયા હતા.

વેસુ સ્થિત એસ.ડી. જૈન કોલેજની સામે સોમેશ્વરા રેસીડેન્સીમાં રહેતા જયાબેન રમેશભાઈ શાહ (ઉ.વ. ૬૫) ગત રોજ બપોરના સાડા ત્રણ વાગ્યાના અરસામાં પુત્ર સાથે મોપેડ પર અઠવાલાઈન્સ સ્થિત લાલ બંગલા વિસ્તારમાં રહેતા સંબંધીને ત્યાં જઈ રહ્યા હતા. ત્યારે હોન્ડા મોટરસાઈકલ પર ઘસી આવેલા ચેઈન સ્નેચરોએ ચાલુ મોપેડ પર જયાબેનના ગળામાં પહેરેલી સોનાની ચેઈન કિંમત રૂા. ૩૦ હજારના મત્તાની આંચકીને ભાગી ગયા હતા. જયાબેન અને તેમના પુત્રએ બુમાબુમ કરી હતી પરંતુ બપોરનો સમય હોવાથી લોકોની અવરજવર ઓછી હોવાથી સ્નેચરો બિન્દાસ્તપણે ઘોડદોડ રોડ તરફ ભાગી જવામાં સફળ રહ્યા હતા.

ક્ષિપ્રા ગણેશ મંદિર અને નર્મદા માતાજી મંદિરનો પાટોત્સવ

મહા આરતી તથા લોકડાયરો પણ યોજાયો

સુરત

અંકલેશ્વર રામકુંડ ખાતે બિરાજમાન ક્ષિપ્રા ગણેશ મંદિરના સાતમા તથા નર્મદા માતાજી મંદિરના દ્વિતીય પાટોત્સવની બુધવારના રોજ ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જે નિમિત્તે મહા આસરતી તેમજ લોકડાયરાનું આયોજન કરવામાં આવ્યું હતું

ભગવાન ગણેશની ૩૨ મુદ્રાઓ પૈકી ૧૦ મુદ્રા ધરાવતા ક્ષિપ્રા ગણેશજીનું ગુજરાતનું સૌપ્રથમ મંદિર અંકલેશ્વર રામકુંડ ખાતે સ્થાપિત છે. ક્ષિપ્રા ગણેશ મંદિરનો સાતમો તથા નર્મદા માતાજી મંદિરના દ્વિતીય પાટોત્સવની ઉજવણી બુધવાર તા. ૧લી જાન્યુઆરીના રોજ કરવામાં આવી હતી.

સવારે ગણેશયાગ બાદ સાંજે મહાઆરતી યોજાઈ હતી જેમાં નગરપાલિકા પ્રમુખ દક્ષાબહેન શાહ, નગર સેવક જનક શાહ, સુભાશ્રી પીગમેન્ટના કે શ્રીવત્સન સહિતના આમંત્રિતો તેમજ ભક્તો ઉપસ્થિત રહયા હતા ત્યાર બાદ લોકડાયરો યોજાયો હતો આ કાર્યક્રમમાં વિવિધ ક્ષેત્રમાં ભરૂચ જિલ્લામાં સેવાની ધૂની ધખાવનાર વિશિષ્ટ વ્યક્તિઓને રામકુંડ એવોર્ડથી સન્માનિત કરવામાં આવ્યા હતા જેમાં ગૌશાળાની સેવા બદલ ગંગાદાસ બાપુ, અંકલેશ્વર ખાતે ભુખ્યાને ભોજન પીરસનાર માંગીલાલ રાવલ તથા તેઓની ટિમ, ભરૂચ ખાતે ગરીબ દર્દીઓની સેવા કરતા સેવાયજ્ઞ સમિતિના રાકેશ ભટ્ટ તેમજ સરિસૃપોને પકડી તેઓને સલામત સ્થળે છોડનાર કૌશિક પટેલને રામકુંડ એવોર્ડથી નવાજવામાં આવ્યા હતા.

ત્યાર બાદ સાહિત્યકાર ડો. રણજિત વાંક તથા તેઓની ટિમ દ્વારા સાહિત્ય રસ પીરસવામાં આવ્યો હતો. આ પાવન પ્રસંગે ૧૦ હજારથી વધુની જનમેદની ઉમટી પડી હતી અને મોડી રાત સુધી લોક ડાયરા અને લોકગીતો ની રંગત માણી હતી.

તા.૯મી જાન્યુઆરીએ વ્યારા ખાતે "દિશા"ની બેઠક

વ્યારા

તાપી જિલ્લાની ડિસ્ટ્રીક્ટ ડેવલપમેન્ટ કો-ઓર્ડિનેશન એન્ડ મોનિટરીંગ સમિતી "દિશા" ની બેઠક આગામી તા.૯-૧-૨૦૨૦ના રોજ બપોરે ૩.૦૦ કલાકે વ્યારા નગર પાલિકા સ્થિત તરણકુંડ હોલ ખાતે મળશે જેની સબંધિત અધિકારી/પદાધિકારીઓએ નોંધ લેવી.

સગીર છોકરાની છેડતી કરાતા પોલીસ ફરિયાદ

સુરત

કાપોદ્રા વિસ્તારમાં રહેતી એક સગીરાની છેડતી કરી ભૂદેવ ફરાર થઈ ગયો હોવાનો બનાવ કાપોદ્રા પોલીસ મથકમાં નોંધાયો હતો.

પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર કાપોદ્રા લક્ષ્મણ નગર સોસાયટીમાં સંકેત ગોકુલભાઈ વ્યાસ રહે છે. તેઓએ છેલ્લા ત્રણ માસ થી ૩૧.૧૨.૨૦૧૯ દરમ્યાનમાં ૧૫ વર્ષની સગીરાને હેરાન પરેશાન ,પીછો છેડતી કરી તેમજ મારી નાંખવાની ધમકી આપી ફરાર થઈ ગયો હતો.

કાપોદ્રા પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવતા પોલીસે આઈપીસી ૩૫૪(ડી), ૫૦૪, ૫૦૬ (૨) મુજબનો ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.

સિંગણપોરમાં ટોળાનો ત્રણ યુવાનો પર જીવલેણ હુમલો

પાઈફ અને ફટાકડાથી માર મારી ત્રણ યુવકોને અધમુઆ કરી દેવાયા

સુરત

સિંગણપોર ગામ સહજાનંદ સોસાયટી સામે આઠ જણાએ ત્રણ યુવક ઉપર જીવલેણ હુમલો કરતા ચોક પોલીસે રાયોટિંગનો ગુનો દર્જ કરી કાયદેસરની કાર્યવાહી કરી હતી.

સિંગણપોર ગામ જયશિવમ સોસાયટીમાં રહેતા જીગ્નેશ જીતેન્દ્ર પ્રજાપતિ, પ્રશાંતભાઈ તથા મિત્ર પરેશ ઉપર આરોપી બાળકિષ્ણ દિનાનાથ તેનો દિકરો તથા અન્ય છ જણાએ સહજાનંદ સોસાયટી સામે આંતરી પાઈપ, લાકડાના ફટકાથી હુમલો કરી ઈજાઓ પહોંચાડી હતી. ચોકબજાર પોલીસે જીગ્નેશ પ્રજાપતિની ફરિયાદ નોંધી પો.સ.ઈ. આર.એસ. ચાવડાએ તપાસ હાથ ધરી છે.

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

અંકલેશ્વરના સકકરપોર ગામે સહકારી મંડળીને

ખેતી માટે સરકાર તરફથી અપાયેલ જગ્યામાં ગે.કા. ચાલી રહેલ માટી ખનન અને વૃક્ષ છેદન



● મોટા રાજકીય વ્યક્તિઓની સંડોવણી, કોભાંડને ખુલ્લા પાડનાર સામજિક આગેવાન ને ટેલીફોન પર અપાયેલ ગર્ભિત ધમકી

● કમિશ્નર,ખાણ-ખનીજ ગાંધીનગર અને કલેકટર, ભરૂચ ને થયેલ ફરિયાદ

અંકલેશ્વર તાલુકા, જીલ્લા ભરૂચ મુકામે આવેલ સર્વે ન. ૨૧૫ , એ સરકાર તરફથી નવચેતન પછાત વર્ગ સામુહિક સહકારી મંડળી ને ખેતી કરવા અર્થે સરકાર તરફથી અપાયેલ જગ્યા છે. જ્યાં શરત ભંગ કરી કોઈ પણ પૂર્વ મંજુરી કે ખાણ ખનીજ ખાતા ની પણ પરવાનગી વગર માટી ખોદકામ , રોયલ્ટી વગર વેચાણ કરવાનું અને મોટા પાયે વૃક્ષ છેદન કરાઈ રહ્યું છે છે, જ્યાં મોટા જુના વૃક્ષો કાપી પર્યાવરણ ને પણ ગંભીર નુકસાન થઈ રહ્યું છે. સદર ખોદકામ રાજકીય વગ ધરવતા વ્યક્તિઓ દ્વારા કરવામાં આવી રહ્યું છે.

સરકાર દ્વારા ખેતી માટે સરકારી જગ્યા સહકારી મંડળી ને અપાયેલ છે . શરતો મુજબ ખેતી સિવાય અન્ય કાર્ય પૂર્વ મંજુરી સિવાય કરી શકાય એમ નથી. એવી જગ્યા માં કોઈ પણ મંજુરી વગર અને રોયલ્ટી ચૂકવ્યા વગર આ કાર્ય ચાલી રહ્યું છે જેમાં ત્યાં અનેક મોટા વૃક્ષો નું નીકન્દન કરાયું છે આમ પર્યાવરણ ને પણ ગંભીર નુકસાન થઈ રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસો થી ચાલતા આ કાર્ય બાબતે તંત્ર અજાણ છે એ શંકા ફેલાવે છે.

અંકલેશ્વર તાલુકા માં માટી ખનન ના અનેક કાર્યો ગેરકાયદેસર ચાલી રહ્યા છે જ્યાં ખેતી ની જગ્યાઓ માં માટી નું વેચાણ થઈ રહ્યું છે. જ્યાં આવું ખોદાણ થાય છે ત્યાં માનવ અને પશુ માટે માટે નુકશાન થાય એ રીતે ખોદણ થાય છે. ચોમાશા માં આવા ખેતી ની જગ્યા માં બનેલ ગેરકાયદેસર ના તળાવો માં પશુઓ ડૂબી જવાના અનેક કિસ્સાઓ બને છે તેમજ ખેતી ની જમીનો ઓછી થઈ રહી છે. અને તંત્ર આવા કાર્યો સામે કાર્યવાહી ના કરી ને શંકા ઉપજાવે છે.

આવા કાર્યો મોટે ભાગે રાજકીય વગ ધરાવતા તત્વો દ્વારા અધિકારીઓ સાથે ની મિલી-ભગત થી જ થાય છે

ઉપરોક્ત ઘટના ને ઉજાગર કરનાર અંકલેશ્વર ના રેહવાસી અને સામાજિક આગેવાન શ્રી અનિલભાઈ ને ને પણ એક મોટા રાજકીય આગેવાન દ્વારા ફોન કરી ને આ કાર્ય થી દુર રેહવા માટે ગર્ભિત ધમકી આપવામાં આવી છે.

આ ખોદકામ રાજકીય વગ ધરાવનાર અને ગામના સરપંચ દ્વારા થઈ રહ્યા હોવાનો અને તેને ખાન-ખનીજ અને તંત્ર દ્વારા કોઈ કાર્યવાહી ના કરાતા કોભાન્ડીઓ ને છુપો આશીર્વાદ હોય એવા આક્ષેપ સાથે નવા બોર-બાથા ગામના સામાજિક આગેવાન મુકેશભાઈ લલ્લુભાઈ દ્વવારા કમિશ્નર સાહેબ ખાણ-ખનીજ તેમજ કલેકટર સાહેબ ભરૂચ ને પત્ર દ્વારા ફરિયાદ કરાઈ છે જેમાં આ કોભાંડ માં શામેલ ખાનગી વ્યક્તિઓ તેમજ શામેલ સરકારી કર્મચારીઓ સામે કાર્યવાહી ની માંગ કરવામાં આવી છે.

નાંદોદના આમલેથા ગામમાં વાલ પાપડી તોડવા જનાર મહિલાને માર મારી જાનથી મારી નાંખવાની ધમકી

શાકભાજી મોંઘા થતા મધ્યમ પરિવારો માટે મુશ્કેલી બાદ બબાલ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા માં રહેતા મધ્યમ, ગરીબ પરિવારો ને જીવન જરૂરિયાત ની ચીજ વસ્તુઓ સહિત શાકભાજી પણ મોંઘા થતા જીવવું મુશ્કેલ બન્યું હોય નાંદોદ તાલુકા માં આમલેથા ગામ માં વાલ પાપડી તોડવા જતી મહિલા ને પાડોશી એ માર મારી જાન થી મારી નાખવાની ધમકી આપી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર આમલેથા ગામ ની પ્રતિભાબેન શૈલેષભાઈ વસાવા તેમના ઘર પાસે ઇલેક્ટ્રીકના થાંભલા પર લાગેલ વાલ પાપડી ના વેલા પર થી પાપડી તોડવા જતા હતા ત્યારે પાડોશી આદેશ જીતુભાઈ વસાવા એ વાલ પાપડી તોડવા બાબતે બોલાચાલી કરી પ્રતિભાબેનને લાકડીના સપાટા મારી દીધા બાદ જયવંતીબેન જીતુભાઈ વસાવા અને પ્રીયંકાબેન જીતુભાઈ વસાવા એ પણ ગમે તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી હોવાની ફરિયાદ પ્રતિભાબેને આમલેથા પો.સ્ટે.માં કરતા પોલીસે ૩ વિરુદ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

ધારીખેડા સુગર ફેક્ટરીમાં કામ કરતો કામદાર સીડી પરથી પડતા મોત

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નાંદોદ તાલુકા ના ધારીખેડા ની સુગર ફેક્ટરી માં કામ કરતા કામદાર નું સીડી પર થી નીચે પટકાતા ઈજા ના કારણે મોત થયું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર ધારીખેડા સુગર ફેક્ટરી માં કામ કરતા રીશીકાંન્ત રામઆશીષ પ્રસાદ (ઉ.વ ૨૦)ગતરોજ ત્યાંજ સુગર ફેક્ટરી માં સીડી પર ચઢી કામ કરતો હતો એ દરમિયાન અચાનક સીડી પરથી પડી જતા તેના માથા માં ગંભીર ઈજા થતાં તાત્કાલિક દવાખાને ખસેડાયો હતો જ્યાં સારવાર દરમિયાન તેનું મોત થયું હોય આમલેથા પોલીસે તપાસ હાથ ધરી છે.

લાંચીયા પીએસઆઈ ગઢવીની વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી કરાવાશે

રૂા.૯૦ હજારની લાંચમાં ઝડપાયેલો પીએસઆઈ ત્રણ તારીખ સુધી રિમાંડ પર

સુરત

સલાબતપુરા પોલીસ મથકના પીએસઆઈ ગઢવીની એસીબીએ રૂા.૯૦ હજારની લાંચ માંગવાના કિસ્સામાં ધરપકડ કર્યા બાદ એસીબી તેની વોઈસ સ્પેક્ટ્રોગ્રાફી પણ કરાવવા એફએસએલ પાસે તારીખ માંગી હોવાનું એસીબીના તપાસ કરનારા અધિકારી પીઆઈ વસાવાએ જણાવ્યું હતું.

સૂત્રોના જણાવ્યા અનુસાર ઉધના ખાતેના જરીના વેપારી પાસેથી રૂા.૧૪નો માલ ખરીદી લસકાણાના યાર્નના વેપારીઓએ યુનિટ બંધ કરી પોખારા ભણી જતા તેમની વિરૂદ્ધ સલાબતપુરા પોલીસ મથકમાં ઠગાઈની ફરિયાદ દાખલ કરવામાં આવી હતી. છેતરપિંડીના આ ગુનામાં પીએસઆઈ ગઢવીએ બે વેપારીઓ વચ્ચે પરિચય કરનારા વેપારીનો ઘડો લાગ્યો કરવા તેમને બોલાવી ગુનામાં ફીટ કરી દેવા ધમકાવી સમાધાન પેટે રૂા.૧ લાખની માંગણી કરી હતી. આ અંગે રૂા.૧૦ હજાર આપી દેવાયા બાદ બાકીના ૯૦ હજાર રૂપિયા લેવા જતા એસીબીએ તેમને રંગેહાથ ઝડપી પાડી કોર્ટમાં રજૂ કરી ત્રણ તારીખ સુધીના રિમાન્ડ મેળવ્યા હતા.

વેસુ એસએમસી આવાસમાં ફાંસી ખાઈ કિન્નરનો આપઘાત

સુરત

દોઢેક વર્ષથી કિન્નર સમાજમાં ભળી ગયેલો વેસુ એસએમસી આવાસમાં રહેતા વ્યંઢળે ઘરે ફાંસો ખાઈને આપઘાત કરી લીધો હતો. બુધવારની સાંજે ઘરેથી ફાંસો ખાધેલી હાલતમાં કિન્નર મળી આવ્યો હતો. આપઘાતનું કારણ અકબંધ રહેતા ઉમરા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. વેસુ એસએમસી આવાસમાં રહેતા કલ્પેશ ઉર્ફે કલ્પના બાય દોલતભાઈ પરમાર (ઉ.વ.આ.૧૮)એ બુધવારની સાંજે ઘરેથી ગળે ફાંસો ખાધેલી હાલતમાં મળી આવ્યો હતો. માતા મંજુબેનએ જણાવ્યું હતું કે, ૪ સંતાનમાંથી કલ્પેશ બીજા નંબરનો દીકરો હતો. કલ્પેશે ધોરણ ૯ સુધીનો અભ્યાસ કર્યો હતો. દોઢેક વર્ષ થી કિન્નર સમાજમાં (હોડી બંગલા) ચાલ્યો ગયો હતો. દર રવિવારે ઘરે માતાને મળવા આવતો હતો. બુધવારે ભાઈની દીકરીને કપડાં અપાવવા આવ્યો હતો. મોટો ભાઈ ઊંઘમાં હતા ત્યારે કિન્નરે આપઘાત કરી લીધો હતો. ઘરકામ કરતાં માતાની સાથે કલ્પેશના આપઘાતથી આખો કિન્નર સમાજ શોક આવી ગયો હતો. દોઢ વર્ષમાં કલ્પેશ ઉર્ફે કલ્પના ૪-૫ વાર કિન્નર સમાજ સાથે પંજાબ, નડિયાદ ગંગાપુર, રાજપીપળા સુધી સંમેલનમાં ગયો હતો. ખુશ રહેતા કલ્પેશના આપઘાતનું કારણ અકબંધ રહેતા ઉમરા પોલીસે તપાસ હાથ ધરી છે.

સ્ટેચ્યુ ઓફ યુનિટી વિસ્તારમાં હોર્ન વગાડવો ભારે પડી શકે છે, જાહેરનામું બહાર પડાયું



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

પીએમ મોદીએ નર્મદા જિલ્લાના કેવડિયા ખાતે વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સરદાર વલ્લભભાઈ પટેલની સ્ટેચ્યુ ઓફ યુનિટીનું લોકાર્પણ ૩૧મી ઓક્ટોબર ૨૦૧૮ના રોજ કર્યું હતું. વિશ્વ કક્ષાની પ્રતિમા હોય ત્યાં દેશ વિદેશના પ્રવાસીઓ આવતા હોય છે. પ્રતિમાની અને એના આસપાસના વિસ્તારની સુંદરતા જળવાઈ રહે એ માટે તંત્રએ પહેલેથી જ લારી-ગલ્લાઓ હટાવી દીધા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટી પર રાત્રે ૭ થી ૮ લેસર શો નું પણ આયોજન કરાયું છે. એ શો દરમિયાન વાહનોના વાગતા હોર્ન ને કારણે પ્રવાસીઓને વિક્ષેપ પડતો હોવાનું તંત્રના ધ્યાને આવતા નર્મદા જિલ્લા કલેકટર એમ.આર. કોઠારીએ કેવડીયાના શ્રેષ્ઠ ભારત ભવનથી જંગલ સફારી વિસ્તારને સાયલન્ટ ઝોન જાહેર કરતું એક જાહેરનામું બહાર પાડ્યું છે.

હવે પછી એ વિસ્તારમાં રાત્રે ૭ વાગ્યાથી ૮ વાગ્યાના એક કલાક દરમિયાન લેસર શો ચાલતો હોય ત્યાં સુધી કોઈ પણ વાહન ચાલક જો હોર્ન વગાડતો જણાશે તો તેની સામે પોલીસ ફરિયાદ પણ થઈ શકે છે. જાહેરનામા બાબતે નર્મદા કલેક્ટરે પી.એસ.આઈ સહિત પી.આઈ કક્ષાના ઉચ્ચ અધિકારીઓને ફરિયાદ કરવા માટે અધિકૃત કર્યા છે. જેથી હવે પછી કોઈ પણ વ્યક્તિએ આ વિસ્તાર માં હોર્ન વગાડતા પેહલા ૧૦૦ વાર વિચારવું પડશે, બાકી કાર્યવાહીનો ભોગ બનવા તૈયાર રહેવું પડશે.

રાજપીપળા સહિત નર્મદા જિલ્લામાં ધુમ્મસરૂપી ચાદર પથરાતાં લોકોને મુશ્કેલી, સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ ગાઢ ધુમ્મસ

નર્મદા જિલ્લામાં હિલસ્ટેશન જેવુ વાતાવરણ સર્જાયું, ઠંડીનું પ્રમાણ વધવાની સાથે ધુમ્મસ અને ઝાકળ જોવા મળ્યું



રાજપીપળા : રાજપીપળા શહેર સહિત નર્મદા જિલ્લામાં ગુરુવારે સવારે થી ઝાકળ સાથે ગાઢ ધુમ્મસ ની ચાદર પથરાતાં વાહન ચાલકો ને ભારે મુશ્કેલી પડી હતી. જ્યારે કેવડિયા ખાતે ના સ્ટેચ્યુ ઓફ યુનિટી પર પણ ધુમ્મસ ફરી વળતા સરદાર પટેલ ની વિશ્વ ની સૌથી ઉંચી પ્રતિમા પર પણ ધુમ્મસ રૂપી ચાદર પથરાયેલી જોવા મળી હતી.

આમ તો છેલ્લા એક અઠવાડિયા થી આકરી ઠંડી બાદ ગુરુવારે સવારે ધુમ્મસિયું વાતાવરણ જોવા મળતા મુખ્ય માર્ગો સહિત શહેરની નાની ગલીઓ માં પણ ધુમ્મસ પથરાતાં રાહદારીઓ અને વાહન ચાલકો અટવાયા હતા સામે કોણ આવી રહ્યું છે એ જોવા માં પણ ભારે મુશ્કેલી પડી હતી ત્યારે વાહન ચાલકો એ ધોળે દહાડે પણ તેમના વાહનોની હેડ લાઈટો ચાલુ રાખવી પડી હતી.

તાંત્રિક વિધિ માટે ગણદેવીના ભરત નાયકની હત્યા કરી લાશ દાટી દીધી

બે શકમંદોની કબૂલાતના આધારે પોલીસે જમીનમાં દાટેલી લાશ બહાર કાઢી

નવસારી

ગણદેવી તાલુકા દેવધા ગામે અનાવિલ મહોલ્લામાં રહેતા વૃદ્ધ હોટલ માલિક થર્ટી ફર્સ્ટ ડિસેમ્બરના રોજ રહસ્યમય રીતે ગુમ થઈ ગયા બાદ આજે તેની ચીખલી તાલુકાના બારોલીયા ગામની સીમમાં હત્યા કરી દાટી દેવામાં આવેલી લાશ મળી આવી હતી. પોલીસે બે શકમંદોની ધરપકડ કરી દાટી દીધેલી લાશ કાઢવામની કામગીરી હાથ ધરી છે. જેને પગલે ચકચાર મચી છે.

પોલીસ દ્વારા મળતી ટૂંકી વિગત એવી છે કે, ગણદેવી તાલુકાના દેવધા ગામે અનાવિલ મહોલ્લામાં રહેતાં ભરતભાઈ રણછોડજી નાયક (ઉ.વ.૬૭) ગત. તા.૩૧-૧૨-૨૦૧૯ના રોજ પોતાના ઘરેથી બે કલાક માટે બહાર જવાનો છું કહી ગયા બાદ મોડી રાત્રિ સુધી ઘરે પરત ન આવતા ભેદી રીતે લાપતા બન્યા હતા. આથી તેના પરિવારજનોમાં ચિંતાનું મોજુ વ્યાપી ગયું હતું. આ બનાવ અંગે ગણદેવી પોલીસમાં ભરતભાઈના ગુમ થવા અંગે તેમના પુત્ર કુંતલ ભરતભાઈ નાયકે ફરિયાદ નોંધાવી હતી. ગણદેવી પોલીસ દ્વારા હોટલ માલિક ભરતભાઈ નાયકના ભેદી રીતે ગુમ થવાના પ્રકરણમાં તેના ફોન લોકેશનના આધારે તપાસ હાથ ધરી હતી. જાણવા મળતી માહિતી મુજબ પોલીસે બે શકમંદોની અટકાયત કરી ભરતભાઈના ગુમ થવા અંગે કડક પૂછપરછ કરતા આરોપી શકમંદો દ્વારા મંત્ર તંત્રમાં પૈસા પડાવવાના ચક્કરમાં ચીખલી તાલુકાના અંતરીયાળ વિસ્તારના બારોલીયા ગામની સીમમાં ૩,૦૦,૦૦૦ રૂપિયાની માંગણી કરી ભરતભાઈએ પૈસા ન આપતા મૂઢ માર મારી ભરતભાઈની હત્યા કરી હતી અને બારોલીયા ગામની સીમમાં લાશ દાટી દીધી હતી. એવી કબુલાત કરતા ગણદેવી પોલીસ એસીબી પોલીસ અને ડોગ સ્કવોર્ડ ઘટના સ્થળે ધસી જઈ લાશ કાઢવા માટે કામગીરી કરવામાં આવી રહી છે.

આ બનાવ અંગે ગણદેવી પોલીસે હત્યાનો ગુનો નોંધી બે શકમંદોની ધરપકડ કરી તપાસ હાથ ધરી છે. આ હત્યાને પગલે સમગ્ર જિલ્લામાં ચકચાર મચી જવા પામી છે.

તા.૧૦મીએ રીવર ફ્રન્ટ ગ્રાઉન્ડ પર આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવ યોજાશે

અડાજણમાં દેશ વિદેશના ૧૫૦ પતંગબાજો અવનવા કરતબો બતાવશે

સુરત

સુરતની ઉત્સવપ્રિય જનતા અને પતંગ રસિયાઓ માટે દર વર્ષની જેમ આ વર્ષે સુરત જિલ્લા વહીવટીતંત્ર, પ્રવાસન વિભાગ અને મહાનગરપાલિકાના સંયુકત ઉપક્રમે આગામી તા.૧૦મી જાન્યુઆરીના રોજ સવારે ૯.૩૦ વાગે અડાજણના રીવરફ્રન્ટ ગ્રાઉન્ડ ખાતે આંતરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે.

આ મહોત્સવમાં દેશ-વિદેશના ૧૧૦ પતંગબાજો દ્વારા અવનવી અને રંગબેરંગી પતંગો ઉડાવી આકાશને રંગબેરંગી બનાવી દેશે. જેનું ઉદઘાટન મંત્રીશ્રી હસ્તે કરવામાં આવશે. પતંગ મહોત્સવને સુરતની જનતા પણ માણી શકે તે હેતુથી સુચારૂ આયોજન અર્થે કલેકટર કચેરીમાં નિવાસી અધિક કલેકટરશ્રી સંજય વસાવાના અધ્યક્ષસ્થાને બેઠક યોજાઈ હતી.

બેઠકમાં શ્રી વસાવાએ જણાવ્યું હતું કે, સુરતમાં આગામી ૧૦મીએ ૧૬ દેશોના ૫૦ અને ભારતના વિવિધ રાજ્યોના ૪૦ તથા રાજયના ૨૦ પતંગબાજો પોતાના અવનવા કરતબો દર્શાવી સુરતીઓનું મનોરંજન કરશે. વિદેશી પતંગબાજો આપણા ભાતીગળ સાંસ્કૃતિક વારસાથી પરિચિત થાય તેમજ તેમનું ભવ્ય સ્વાગત ભારતીય આતિથ્ય ભાવનાની પરંપરાથી થાય તેવું આયોજન કરવામાં આવ્યું છે.

બેઠકમાં વિવિધ શાળાઓના બાળકો, દિવ્યાંગોને તલના લાડુ, ચીકી અને પતંગનું વિતરણ, સાંસ્કૃતિક કાર્યક્રમ, સ્ટોલ, બેઠક વ્યવસ્થા, સ્ટેજ ડેકોરેશન, આમંત્રણ પત્રિકા, પાર્કિંગ, શામિયાણું, સહિતની વ્યવસ્થાઓ સુપેરે પાર પડે તે માટે સંબંધિત વિભાગોને સંકલનમાં રહી આયોજન કરવા જણાવ્યું હતું.

બેઠકમાં પ્રવાસન વિભાગ, પોલિસ વિભાગ, મહાનગરપાલિકા, માર્ગ અને મકાન, માહિતી વિભાગ સહિત સંબંધિત વિભાગોના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.